# ‘મા’

**રશિયન સાહિત્યકાર મક્સિમ ગોર્કીની નવલકથા ‘મા’ ઉપર આધારિત નાટક**

**નાટ્ય રૂપાંતર :   બર્તોલ્ત બ્રેક્થ.**

**ગુજરાતી અનુવાદ :    ડો. સરૂપ ધ્રુવ.**

[ ભજવણી સમયે ઓડિટોરિયમમાં એક પોસ્ટર કાયમ રાખવું ]

**‘‘ સ્ત્રીઓની ભાગીદારી વિના કોઈપણ જનઆંદોલન શક્ય નથી’’**

- લેનીન.

## દૃષ્ય : 1

**સ્થળ :** પેલાગેયા વ્લાસોવાના ઘરનો ઓરડો.

**સમય :** વહેલી સવાર.

[ સાઈક્લોરામા પર સ્લાઈડ્સ - ફોટોગ્રાફ્સ - સાઉન્ડના માધ્યમથી મોન્ટાજ શરૂ થાય. વીસમી સદીના પ્રારંભે રશિયા. વધતા જતા ઉદ્યોગો - કારખાનાં, કારખાનામાં કામ કરતાં સેંકડો મજૂરો. ગીચ-ગલીચ મજૂર વસ્તીઓ. ઝારનો ફોટો વગેરે]

[ મોન્ટાજ પછી તખ્તા પર પ્રકાશ. પેલાગેયા વ્લાસોવા - મા - ઓરડાના એક તરફના રસોડામાં મજૂરીએ જનાર દીકરા - પાવેલ - માટે ગરમ સૂપ બનાવી રહી છે. ઓરડાની બીજી તરફ પડેલા ટેબલ-ખુરશી પર પાવેલ એક મસમોટી ચોપડી ગંભીરતાપૂર્વક વાંચી રહ્યો છે. ટેબલ પર ઘણીબધી ચોપડીઓ ખડકાયેલી છે]

[ તખ્તાના આગળના ભાગે કોરસ ગોઠવાયેલું છે / પ્રવેશે]

**કોરસઃ** જુઓ, આ મા અને દીકરો. એમની વચ્ચે કેટલું અંતર છે? સંજોગોના કારણે આજે એ એની દુશ્મન બની બેઠી છે. અહીં તમે મળતાવડી મા અને મિજાજી દીકરાનો સંઘર્ષ જોશો.

એ તો દીવા જેવું ચોખ્ખું છે કે, બહાર ચાલી રહેલા યુદ્ધની આ ઘરને પણ અસર થવાની જ છે. રણમેદાનમાંથી ઘાયલ થયા સિવાય કોઇ બચી શકવાનું નથી.

માઃ (પ્રેક્ષકોને) આ જુઓને, મારા દીકરાને સાવ આવો સૂપ ખવડાવવો પડે એની મને તો બહુ શરમ આવે છે. પણ હું બીજું કરીએ શું શકું? અરે અડધી ચમચીએ માખણ નાંખી શકું એમ નથી. એમાંય વળી ગયે અઠવાડિયાથી એ લોકોએ, કલાકના એક કોપેક દીઠ એનો પગાર કાપી નાંખ્યો છે, એનુંયે હું આજની ઘડી લગી કાંઇ કરતાં કાંઇ કરી શકી નથી. મને નહીં ખબર હોય કે, આટલા બધા કલાક અને ઝાઝુંબધું કામ કરવા, એણે ખાસું મઝાનું ખાવું જોઇએ. પણ મારા દીકરાને એવું ખાવાનું પીરસવું એ કાંઇ સહેલી વાત નથી. [ દીકરાને ઘડીક તાકીને] ઉગતો જુવાન છે. જુઓને, મૂછનો દોરો તો હજી માંડ ફૂટ્યો છે. [ પ્રેક્ષકો તરફ ફરતાં] એના બાપ કરતાં તો સાવ જ નોખી માટીનો. આવડાં આવડાં થોથાં વાંચવા આડે એને ખાવા-પીવાનું યે ભાન નથી રહેતું. અને આ સૂપ...! દા’ડે ને દા’ડે પાતળો થતો જાય છે અને એ બિચારો દા’ડે ને દા’ડે અસંતોષી બનતો જાય છે.

કોરસઃ [ પ્રવેશ] અને એનો અસંતોષ જન્મ્યો છે - એ જે પરિસ્થિતિમાં જીવી રહ્યો છે એમાંથી. અને આખુંયે જગત એના આ અસંતોષ સામે મીટ માંડીને, રાહ જોતું બેઠું છે.

[ મા એક ડબામાં સૂપ રેડીને, ડબો બંધ કરી દીકરા પાસે મૂકીને પાછી આવે, દીકરાને જોઇ રહે. પાવેલ ચોપડીમાંથી આંખ ઊંચી કર્યા વિના ડબાનું ઢાંકણું ખોલી સૂપ જરા સુંઘીને ઢાંકણું પાછું વાસી દે. ડબો જરી આઘો ખસેડે].

માઃ [ પ્રેક્ષકોને] લો, જુઓ આ નખરાં... ! પણ એમાં હું શું કરું? હવે બહુ દિવસ નથી. થોડા જ દા’ડામાં એને ખબર પડી જશે કે, હું એને કશાય ખપની નથી. નરી ભારરૂપ જ થઇ

જવાની છું! [ અટકીને] હેં ભલા, અહીં આમ પડી રહેવાનો મને શો હક્ક છે? એક તો આ ખોલીમાં પડી પડી ખાધે રાખું છું ને એને પૈસે પહેરે-ઓઢે રાખું છું. એ તો હવે એના રસ્તે પડશે. અને હું?! હું અહીંયાં શું કર્યાં કરું છું?! [ અટકીને] હું- પેલાગેયા વ્લાસોવા! ઉંમર વરસ બેંતાલીસ. મજદૂરની વિધવા ને મજદૂરની મા! એક એક કોપેક ખરચું છું તે પહેલાં કોપેક સામે ટગર ટગર જોતી રહું છે. મનમાં થાય કે આનાથી આમ કરું કે તેમ કરું... ? પણ પછી તરત જ થાય કે, એમ તો કેમ કરીને થશે? એક દા'ડો બળતણમાં કરકસર ને બીજે દા'ડે કપડામાં! પણ કાંઇ શક્કરવાર વળતો નથી. [ નિસાસો નાંખે]

[ પાવેલ ઊઠે. ટોપી પહેરે. સૂપનો ડબો લઇ નીકળી જાય. મા ઓરડામાં સમુંનમું કરે].

**કોરસઃ** ઘસ... ઘસ... ઘસે રાખ તું તારે...

થાકી, ઊંચી આંખ કરી જોજે... રહેશે ચીંથરુ બસ હાથ તારે... ઘસે રાખ તું તારે... !

[ સ્ક્રીન ઉપર ઘરકામ કરતી દુનિયાભરની ગરીબ સ્ત્રીઓનો મોન્ટાજ કવિતા દરમિયાન ચાલે]

રાંધ... રાંધ... રાંધે રાખ તું તારે...

રાંધ... ચાટાકેદાર ભલે, પણ જો ખૂટ્યો કૉપેક એક...

તારો સૂપ થાશે પાણી છેક! રાંધે રાખ તું તારે... !

કર... કર... મજદૂરી કર... તન તોડીને મહેનત કર...

કરકસર, કંજુસી કર...પણ જો ખૂટ્યો કોપેક એક... થાશે પરસેવાનું પાણી છેક...!

તું જે કાંઇ કરીશ તે અપૂરતું છે. તારા પેટનું ચાંદું હઠીલું છે ને દિવસે દિવસે વકરતું જાય છે. આમ ને આમ નહીં ચાલે! પણ એમાં તું શું કરે?

[ મોન્ટાજ સમાપ્ત] [ મા તખ્તાના મધ્યમાં ઊભી છે. માત્ર એના ઉપર પ્રકાશ વર્તુળ]

**કોરસઃ** [ ગીત શરૂ કરે]

કડકડતી ઠંડી ને સૂસવાતા વાયરા

નાનેરું પંખી ને મૂંઝવતા વાયરા

આઘો છે માળો ને ઘૂઘવતા વાયરા

ચાંચે છે દાણો ને ઝૂંટવતા વાયરા

પંખી લાચાર : પાંખ હેંઠી પડી છે એની

માડી લાચાર : હાથ હેઠા પડ્યા છે એના

કમ્મર ઝૂકેલી એની, પરસેવે રેબઝેબ

કણ કણ કરે છે તોયે ખાલી ને ખાલી જેબ

[ થાકેલી - હારેલી મા ફર્શ પર ફસડાઇ પડે]

**કોરસઃ** માંગવાથી કદી કશુંયે ના મળે.

ઈચ્છવા માત્રથી કદી કશુંયે ના મળે.

તારા પેટનું ચાંદુ હઠીલું છે ને દિવસે દિવસે વકરતું જાય છે. તારાં વાસણો ખાલી છે ને ખાલી જ રહેવાનાં છે. તારા રસોડામાં આવીને કોઇ એમાં ખાવાનું મૂકી જવાનું નથી. પેલાગેયા! તું જે કરીશ તે અપૂરતું છે!

[ અંધકાર. સાયક્લોરામા પર સૂત્ર આવે ]

**''જગતની તમામ વ્લાસોવાઓ''**

## દૃષ્ય : 2

**સ્થળઃ** પેલાગેયા વ્લાસોવાના ઘરનો ઓરડો.

**સમયઃ** મોડી સાંજ / રાત

[ મા રસોડામાં સફાઇ કરે છે. પાવેલ ગંભીરતાપૂર્વક વાંચે છે. બારણે ટકોરા પડે. પાવેલ જઇને દરવાજો ખોલે. પાવેલ આવનારાંને જોઇને ખુશ થઇ જાય].

**પાવેલઃ** તમે લોકો… ? આવો… આવો…

[ એન્ટોન, આન્દ્રેઇ, ઇવાન અને માશા પ્રવેશે. ઇવાનના હાથમાં સાયક્લોસ્ટાઇલનું મશીન છે]

**એન્ટોનઃ** પાવેલ! જયારે તું પાર્ટીમાં જોડાયો ત્યારે તેં કહેલું કે, આપણાં સંગઠનનું કોઇપણ ખાસ ખાનગી કામ હોય તો અમારે અહીં આવી જવું. અમે આજે એક ખાસ જરૂરી કામ લઇને આવ્યા છીએ.

**પાવેલઃ** આવો… આવો… શું કામ છે?

**આન્દ્રેઈઃ** આજે જ આપણે પત્રિકાઓ છાપી નાંખવી પડશે. નવા પગારકાપને લીધે મજૂરો ખૂબ અકળાયા છે. ત્રણ દિવસથી આપણે કારખાનામાં પત્રિકાઓ વહેંચીએ છીએ. હવે રાહ ના જોવાય. કાલે કારખાનાની બહાર સાંજની સભામાં આપણે જાહેર કરવું પડે કે પગારમાંથી એક કૉપેક કપાવા દેવો છે કે પછી હડતાલ પર ઉતરવું છે?

[ મા ચોંકે.ચિંતાતુર નજરે રસોડામાંથી બધું જોતી રહે]

**ઈવાનઃ** અમે સાઇક્લોસ્ટાઇલનું મશીન સાથે લઇને જ આવ્યા છીએ.

[ પાવેલ સૌને ઓરડામાં પડેલા એક મોટા ટેબલ તરફ દોરતાં]

**પાવેલઃ** બેસો… બેસો… મા હમણાં આપણે માટે ચા બનાવશે.

[ સૌ ટેબલની આસપાસ ગોઠવાય]

**એન્ટોનઃ** (માશાને) તારો ભાઇ સિડોર ક્યાં છે?

**માશાઃ** એ આજે અહીં નહીં આવે. કાલે ઘેર પાછો આવતાં’તો ત્યારે એની પાછળ એક માણસ પડેલો. એને લાગ્યું કે, પોલીસવાળો જ હશે. એટલે આજે એ અહીં નહીં આવે.

**પાવેલઃ** શ… ધીમે બોલો. મા આપણને સાંભળે નહીં તો સારૂં. મેં એને પાર્ટી કે આપણા ક્રાન્તિના કામ વિશે કંઇ વાત નથી કરી. એની હવે ઉંમર થઇ હવે એ આપણને કાંઇ મદદ કરી શકે એમ નથી.

**એન્ટોનઃ** લો… આ સ્ટેન્સિલ ને આ કાગળો…

[ બધાં સાઇક્લોસ્ટાઇલ નકલો કરવાનું શરૂ કરે].

**માઃ** (પ્રેક્ષકોને) પાવેલ આવા લોકો જોડે ઊઠે-બેસે એ મને જરાયે ગમતું નથી. આમને આમ એ લોકો એને મારાથી આઘો કરી દેશે. કોણ જાણે એ લોકો એને શું કરવા ચડાવતાં હશે? દૈ જાણે એ લોકો શામાં આટલા રચ્યાપચ્યા રહે છે. [ પછી બબડતી રસોડા ભણી જતાં] હું આવા લોકો માટે કંઇ ચા-બા બનાવવાની નથી.

**કોરસઃ** (પ્રવેશીને) મા કોને પોતાના દુશ્મન સમજે છે? જે એના દીકરાને ક્રાંતિ માટે તૈયાર કરી રહ્યા છે એમને? એના દીકરાનો સ્વભાવ મીઠો હોત તો હજીયે એ ચલાવી લેત. એના માલિકોનો એ માનીતો હોત ને કોઇપણ આફત ટાણે એ સિફતથી છટકી શકતો હોત તો એને ગમત. પણ જોખમ લીધા સિવાય એમની આ હાલત સુધરે એમ નથી એની એને ખબર નથી. આ હાલત… સાવ કંગાળ હાલત…

[ મા એક ડબો લઇ પાવેલ પાસે આવે]

**માઃ** પાવેલ, ચા-બા નહીં થાય. ઘરમાં આટલી જ ચા છે… (ડબો બતાડે) બધાંને નહીં થઇ રહે.

**પાવેલઃ** આટલી હોય તો આટલી જ નાંખી દે… પાણી વધારે નાંખજે… અમને ચાલશે.

**માઃ** (અકળાતી પાછી ફરે. પ્રેક્ષકોને) હવે જો ચા નહીં બનાવું તો એમને થશે કે મને એમની કંઇ પડી નથી. ના… ના… તમે જ કહો… અહીં આવીને આમ ગુસપુસ કરવાનો એમને શો હક્ક છે, હેં? મને તો મૂઉં કંઇ સંભળાતુંયે નથી. (પાવેલ તરફ ફરીને મોટા અવાજે) પાવેલ આમ રાતના આવીને આ લોકો કંઇક છાપવા બેસી જાય એ જો ઘરમાલિક જોઇ જશે તો મને નહીં પરવડે. ને પછી આપણું ભાડું ભરવા આમાંના કોઇ આવાવાના નથી.

**ઈવાનઃ** મા, અમને બીજી કોઇપણ બાબત કરતાં તમારા ભાડામાં સૌથી વધુ રસ છે… અરે ચિંતાયે છે… જો કે ઉપર ઉપરથી તમને એ નહીં સમજાય.

**એન્ટોનઃ** (પાવેલને) અમે અહીં આવી પડ્યા એ તારી માને ખાસ ગમ્યું લાગતું નથી.

**ઈવાનઃ** આપણે લોકો એમનાં ભાડાં માટે કે એમની ચા માટે જ કંઇક કરી રહ્યા છીએ એ એમને માટે સમજવું અઘરૂં છે.

**માઃ** (ચાનું પાણી ઉકાળતાં - સ્વગત) મારા વા’લા ઠીક ઠીક જાડી ચામડીના લાગે છે. જાણે હું કશું સમજતી જ નથી. શાની ખટપટમાં એ લોકો પાવેલને જોડી રહ્યાં છે, હેં?! (પ્રેક્ષકો તરફ ફરીને) શરૂ શરૂમાં જ્યારે નોકરી મળી ત્યારે તો પાવેલ ખુશ ખુશ રહેતો’તો. જો કે એનો પગાર કંઇ ઝાઝો ન્હોતો. ને ગયા વરસથી તો કપાતો જ જાય છે… કપાતો જ જાય છે. હવે જો એકાદ કોપેકેય કપાયો તો મારે તો ભૂખે મરવાનો વારો આવવાનો. પણ આવડો આ જ્યારે મોટાં મોટાં થોથાં; વાંચે છે ને ત્યારે મારો તો જીવ અધ્ધર થઇ જાય છે… ને આવાં લોકો સાથે દેખું છું ત્યારે તો મારું હૈયું થડકારો ચૂકી જાય છે. પણ જુઓને… એની સામે તો જુઓ… શો થનગનાટ છે?! રાતે પૂરું ઉંઘતોય નથી. આમને આમ નોકરી ગુમાવશે કો’ક દિ…

[ માશા ઉઠીને મા પાસે આવે અને હળવેથી ગાવાનું શરૂ કરે છે]

**માશાઃ** હોય થાળી તમારી સાવ ખાલી

તો ક્યાંથી કરશો વાળુ?

ઊંધી વાળો તમારી થાળી

જ્યાં સુધી મળે ના વાળુ!

**કોરસઃ** એ હવે તમારા ઉપર છે કે આ સ્થિતિને તમે કઇ રીતે જુઓ છો ને કેવી રીતે બદલો છો! જે કાંઇ કરો એ તમારે જાતે જ કરવાનું છે. રાહ કોની જુઓ છો?

**કોરસઃ** (ગીત આગળ ચલાવે)

જે કાંઇ કરો તે ઓછું, સાથી!

જે કાંઇ છે તે અપૂરતું,

ભૂખનું ચાંદુ બહુ હઠીલું

રોજેરોજ વકરતું.

કામ નથી - તો મેળવો, સાથી!

મળે નહીં તો છીનવજો;

રોજી પાછળ રોટી આવે,

હક્ક આપણો સમજજો!

**કોરસઃ** (ગીત આગળ ચલાવે)

હાંસી ભલે કરે એ લોકો

છોને ઠેકડી કરતાં,

જાતે કરજો બઢતી, સાથી!

જાતે આગળ વધજો.

ખાલી ભાણું ખાલી રહેશે,

હવે નહીં જો જાગો;

ચલો ફગાવો ખાલી ભાણું

જાગો! સાથી જાગો!

જાગો અને જગાડો, સાથી!

સૂતાંને ઢંઢોળો;

હાથ તમારે વાત છે આખી

થંભેલાં જળ ડ્હોળો!

**કોરસઃ** હવે એ તમારા ઉપર છે કે આ સ્થિતિને તમે કઇ રીતે જુઓ છો અને કેવી રીતે બદલો છો. જે કાંઇ કરવાનું છે તે તમારે જાતે જ કરવાનું છે. રાહ કોની જુઓ છો?

[ બહારથી એક દબાયેલો અવાજ આવે]

**અવાજઃ** સાવધાન! પોલીસ આવે છે.

[ ઇવાન બારણું વાસી દે. આન્દ્રેઇ પાવેલના હાથમાંથી મશીન લઇને બારીની બહાર લટકાવી દે]

**આન્દ્રેઈઃ** પત્રિકાઓ સંતાડી દો.

[ એન્ટોન પત્રિકાઓ ઉપર બેસી જાય]

**માઃ** (અકળાતાં) પાવેલ, સાંભળ્યું? પોલીસ? આ બધું શું છે? આ કાગળિયાં શાનાં છે?

**માશાઃ** (માને શાંત પાડતાં ખુરશી પર બેસાડે) મા, મહેરબાની કરીને અહીં શાંતિથી બેસી રહેજો. કાંઇ નહીં થાય.

[ બારણે ટકોરા પડે. ઇવાન બારણું ખોલે. એક ઇન્સ્પેક્ટર અને કોન્સ્ટેબલ પ્રવેશે]

**કોન્સ્ટેબલઃ** ચૂપચાપ ઊભા રહી જાવ. જે કોઇ હાલશે એને ગોળીએ દઇશ. (ઇન્સ્પેક્ટરને) સાહેબ, પેલી એની મા અને આ એ પોતે.

**ઈન્સ્પેક્ટરઃ** હું... પાવેલ વ્લાસોવ? હું તમારા ઘરની ઝડતી લેવા આવ્યો છું. આ ગઠિયા મંડળી અહીં શું કરે છે?

**કોન્સ્ટે.:** સાહેબ, આ પેલા સિડૉર કાલાનોવની બહેન છે. જેની આપણે આજે સવારે ધરપકડ કરી એ સિડોર.

[ ક્રાંતિકારીઓ એકબીજા તરફ સૂચક નજરે જુએ]

**ઈન્સ્પેક્ટરઃ** (માશાને) (ખંધાઈથી) તારા ભાઈએ તને શુભેચ્છાઓ પાઠવી છે. એ આજકાલ અમારો મહેમાન છે. અત્યારે એ જેલની કોટડીનાં માંકડોને ક્રાંતિના પાઠ ભણાવી રહ્યો હશે. (જરાક અટકીને) પણ અફસોસ! એની પાસે એક્કેય પત્રિકા નહીં હોય.

[ ક્રાંતિકારી ફરીથી એકબીજા તરફ સૂચક નજરે જુએ]

**ઈન્સ.:** મને યાદ છે ત્યાં સુધી એની બાજુની એક - બે કોટડીઓ હજી ખાલી જ છે! અરે હા, હમણાં અમને અહીં એક મધુર ગીતના સૂર સંભળાતા હતા, એનું શું થયું? માફ કરજો અમારા

આવવાથી એમાં કંઇ ખલેલ પડી હોય તો. સંગીતનો શોખ તો મનેય છે. પણ દુઃખ માત્ર એ વાતનું છે, શ્રીમતી વ્લાસોવા! કે એ ચોક્કસ પ્રકારનું ગીત તમારા ઘરમાં ગવાતું હતું. અમારે એ ખોવાયેલા સૂરની તપાસ તો કરવી જ પડશે. અમને પોલીસવાળાઓને પણ સંગીત તો ગમે જ. અલબત્ત! અમારા ગળાં થોડાં ખોખરાં તો ખરાં જ! (સોફા પાસે જતાં) જુઓ શ્રીમતી વ્લાસોવા, મારે તમારો આ સોફા ચીરી નાંખવો પડશે. તમારે એ કંઇ ખાસ કામનો તો નથીને?

[ સોફા ચીરવા માંડે]

**પાવેલઃ** (અકળાઇને) તમને એમાંથી કશું નહીં મળે. એક કાણી કોડીયે નહીં. અમારી મજૂરોની કંઇ ખાસ કમાણી નથી હોતી.

**ઇન્સે.:** (સોફા ચીરીને ફંફોસે. પછી આગળ વધીને) આ અરીસો મઝાનો છે. કોઇક પોલીસવાળાએ જ એનો કચ્ચરઘાણ કાઢ્યો લાગે છે. (અરીસો તોડી નાંખે) મારા માનવા મુજબ તમે એક આબરૂદાર મહિલા છો. આ સોફામાંથી પણ એવું કંઇ મળ્યું નથી કે તમારી આબરૂને ધક્કો પહોંચે. પણ આ કબાટમાં શું છે? (કબાટના ખાનાં ખોલે, ફંફોસે. કપડાં વગેરે નીચે પાડે) વાહ, લો, આમાંયે કાંઇ નથી. વ્લાસોવા! સજ્જન લોકો ચાલાકી ના કરે. તમારે આવી ચાલાકીઓ કરવાની કાંઇ જરૂર? (રસોડામાંનો એક કટોરો હાથમાં લેતાં) વાહ, માખણનો કટોરો. જૂનો... પુરાણો... અને સ્મૃતિઓથી ભરપૂર કટોરો! (કટોરો જમીન પર ફેંકે) લે, આ તો પડ્યો. અરે, બસ આટલું અમથું જ માખણ!

**પાવેલઃ** (દબાયેલા ગુસ્સા સાથે) એ કટોરામાંયે કાંઇ નથી ને પેલા બ્રેડના ડબ્બામાંયે કંઇ નથી. ને પેલી ચાની બરણીયે ખાલી છે.

**ઇન્સ.:** (હસીને) તો તો એ કટોરો ચોક્કસ રાજકારણી હોવો જોઇએ! શ્રીમતી વ્લાસોવા! આમ ઘરડેઘડપણ અમારા જેવા ડાઘિયાઓ જોડે બાખડવામાં તમને શું મળે છે? (એકદમ બારી પાસે જતાં) આ તમારાં પડદા તો એકદમ ચોખ્ખાચણાક છે. આજકાલ આવી સફાઇ ભાગ્યે જ જોવા મળે છે. આવા પડદા જોવા એ પણ એક લ્વાહો છે! (પડદા ખેંચીને ચીરી નાંખે)

[ એન્ટોન બારી તરફ જવા જાય]

**ઈવાનઃ** એય... બેસી જા. તને ભડાકે દેશે.

**પાવેલઃ** (ઇન્સ્પેક્ટરનું ધ્યાન બીજે વાળવા) તમે આ માખણનો કટોરો ભોંય પર કેમ ફેંકી દીધો?

**આન્દ્રેઈઃ** (કોન્સ્ટેબલને) કટોરો ઉપાડો.

**કોન્સ્ટે.:** સાહેબ, આ આન્દ્રેઇ નાખોદ્કા છે. લીટલ રશિયાનો.

**ઇન્સ.:** આન્દ્રેઇ મક્સીમોવિચ નાખોદ્કા! તમને રાજકીય કારણોસર ઘણીવાર જેલ થઇ છે, નહીં?

**આન્દ્રેઈઃ** હા, રોસ્તોવમાં અને સારાતોવમાં પણ... જો કે ત્યાંની પોલીસ રીતભાતવાળી ખરી!

**ઈન્સ.:** (એના ખીસામાંથી પત્રિકા ખેંચી કાઢે) અચ્છા... અચ્છા! તો તો તમને ખબર જ હશે કે ક્યા નાલાયકો આ રાજદ્રોહી પત્રિકાઓ કારખાનામાં વહેંચતા ફરે છે?

**પાવેલઃ** (દાંત કચકચાવીને) અમારી નજરે તો હજી એક જ નાલાયક ચડ્યો છે.

**ઈન્સ.:** પાવેલ વ્લાસોવ! હમણાં જ તમને તમારી અસલી લાયકાતની ખબર પડી જશે. હું જ્યારે તમારી સાથે વાત કરું ત્યારે સીધા બેસીને વાત કરો.

**માઃ** (અકળાઈને) મહેરબાની કરીને ઘાંટાઘાંટ ના કરો. તમારા જેવાંને તો કદીયે કંઇ સહન નથી કરવું પડતું! તમે તો અમલદાર છો. એ લોકો તમને ખાસ્સો પગાર આપતાં હશે. નિયમિત આપતાં હશે. જેથી તમે અમારા જેવાના ઘરમાં ઘૂસી શકો. આમ સોફા ચીરી શકો. ને આ જુઓ, અમારે તો કટોરામાં રાખવા જેટલા માખણનાયે સાંસા છે. (આંખમાં પાણી આવે)

**ઈન્સ.:** શ્રીમતી વ્લાસોવા! બહુ જલ્દી રડવા માંડ્યા તમે તો. પણ મારી સલાહ માનો. તમારે ભવિષ્ય માટે આંસું બચાવી રાખવાની ખૂબ જ જરૂર છે. સાચું કહું તો તમારે તમારા દીકરાનું ધ્યાન રાખવાની એથીયે વધારે જરૂર છે. એ રવાડે ચડી ગયો છે. (તમામને ધમકી આપતાં) એક દિવસ એવો આવશે કે તમને તમારી ચાલાકી ભારે પડવાની છે. યાદ રાખજો. (કોન્સ્ટેબલને) ચાલ.

[ બંને જતાં રહે]

**ઈવાનઃ** (બારણે જઇ થોડીવાર જોયા કરે પછી) ગયા...

[ ક્રાંતિકારીઓ ઝટપટ બધું સમેટવા માંડે]

**એન્ટોનઃ** મા! માફ કરજો! એ લોકોને અમારા પર શંકા આવી ગઇ હશે એનો અમને અણસારેય નહોતો. તમારું તો આખું ઘર રમણભમણ થઇ ગયું.

**માશાઃ** મા! તમે બહુ બી ગયાં લગો છો.

**માઃ** હા, મને લાગે છે કે પાવેલી અવળા રસ્તે ચડી ગયો છે.

**માશાઃ** તમને લાગે છે કે પાવેલ કોપેક માટે લડે છે એટલે તમારા ઘરની આ હાલત થઇ છે?

**માઃ** જે હોય તે! એ લોકો સારું નથી કરતાં. પણ ત્યારે આવડો આયે ક્યાં સીધો લાગે છે?

**કોરસઃ** (પ્રેવશીને) ઊભા રહો! ત્યાં જ થોભી જાવ. એ આપણને કંઇક નવી વાત કહી રહી છે. અહીં એ પોતાના દુશ્મનની ક્રૂરતાને ધિક્કારે છે એ સાચું, પણ એ તો એમના વર્તનને જ ક્રૂર માને છે. એમની કાયદેસરતાને નહીં! મોટાભાગે લોકો ક્રૂર કાયદાઓને ધિક્કારે છે; પણ જે લોકો આવું વર્તન કરતાં હોય એમને માફ કરી દે છે. આ બંને બાબત ખોટી છે. કાયદાને એનો અમલ કરનારાંથી અલગ પાડી શકાય નહીં. ને રાજ્યને સત્તાધીશોથી અલગ જોઇ શકાય નહીં. રાજ્ય કાંઇ સત્તાધીશો કરતાં વધારે ન્યાયપૂર્ણ નથી. આ આખુંયે તંત્ર માણસો માટે જ છે. પણ કાંઇ બધાં માણસો માટે નહીં. માત્ર મુઠ્ઠીભર માણસો માટે. ને એમાં, તમે

તો નથી જ! ઝડપથી ફેલાતી અને માની લેવાતી અફવાઓ કહે છે કે, રાજ્ય એનાં સત્તાધીશો કરતાં અલગ છે. સત્તાધીશો પોતાના ફાયદા માટે રાજ્યનો ઉપયોગ કરી રહ્યાં છે; એટલે એમનાં કરતાં તો રાજ્ય ઉમદા છે. અરે, આપણને તો એવુંયે કહેવામાં આવે છે કે - એ લોકો સારા હેતુ માટે કામ કરનારાં ખરાબ માણસો છે; પણ સત્ય તો એ છે કે- જે ખરાબ રીતે વર્તે છે- તે ખરાબ છે. અને સારા માણસોના હેતુ પણ ખરાબ જ હોય છે. તો રખે એવું કહેતાં કે, રાજ્ય તો સારું છે, પણ તમારી સાથે વર્તે છે ખરાબ રીતે! અને એવુંયે ના કહેતાં કે- કાલે ઉઠીને એ સુધરશે. ના! જો સુધર્યું જ હોત તો એ રાજ્ય જ ના હોત! (જાય)

**ઈવાનઃ** (પાછો મિત્રો પાસે જતાં) તો હવે આ પત્રિકાઓ વહેંચવી કેવી રીતે?

**એન્ટોનઃ** પોલીસની બીકે જો પત્રિકાઓ ના વહેંચીએ તો તો આપણા જેવા પોકળ કોઇ નહીં. કાલે તો પત્રિકાઓ વ્હેંચવી જ પડશે.

**પાવેલઃ** કેટલી?

**આન્દ્રેઈઃ** લગભગ પાંચસો.

**ઈવાનઃ** કોણ વહેંચવા જશે?

**એન્ટોનઃ** કાલે પાવેલનો વારો છે.

**માઃ** (ઇવાનને ઇશારાથી પોતાની પાસે બોલાવે) કાલે કોણ પત્રિકાઓ વહેંચવા જવાનું છે?

**ઈવાનઃ** પાવેલ, પણ એમાં કાંઇ જોખમ જેવું નથી, મા!.

**માઃ** એમાં કાંઇ જોખમ જેવું નથી! તમારે એને ત્યાં ધકેલવો છે એટલે.

**ઈવાનઃ** પણ પત્રિકાઓ વહેંચવી જરૂરી છે, મા!

**માઃ** જરૂરી છે. પહેલાં તો થોથાં વંચાવાથી શરૂઆત થાય છે. પછી ઘરે મોડા આવવાનું. પછી ઘરમાં આવાં કામો કરવાના. જો તો પેલું મશીન કેવું બારીની બહાર ટીંગાડી દીધું છે! ને પાછાં બારી પરનાં પડદાં... ને આખો દિ' ગૂસપૂસ! પાછો કહે છે કે જરૂરી છે... કારખાનામાં એકદમ જ બધી ગરબડો થઇ ગઇ કેમ? ને પછી મારા ઘરમાં પોલીસ ઘૂસે. ને અમે જાણે રીઢા ગુનેગાર હોઇએ એમ વરતે... મારે કાંઇ સાંભળવું નથી! (ઊભી થઇ જાય) પાવેલ, આ ધંધા છોડી દે.

**આન્દ્રેઈઃ** મા... આ જરૂરી દે.

**પાવેલઃ** માશા! માને કહે કે સિડોરને ખાતર પણ પત્રિકાઓ વહેંચવી જ પડશે. તો જ પોલીસ એને છોડશે.

**માશાઃ** મા, મારા ભાઈને ખાતર પણ કાલે પત્રિકાઓ વ્હેંચવી પડશે. તો જ એને છોડશે.

[ તમામ માની પાસે જાય. પાવેલ ત્યાં જ બેસી રહે]

**માશાઃ** મા, મારા ભાઈને ખાતર પણ પત્રિકાઓ વ્હેંચવી જરૂરી છે.

**ઈવાનઃ** નહીં તો સિડોરને સાઇબિરીયા મોકલી દેશે.

**આન્દ્રેઈઃ** જો કાલે પત્રિકાઓ નહીં વ્હેંચાય તો એ લોકો એવું માની લેશે કે આજે જરૂર સિડોરે જ પત્રિકાઓ વ્હેંચી હશે.

**માશાઃ** આજે પત્રિકાઓ કારખાનામાં છાનીમાની પહોંચી ગઇ'તી ને એક જણની ધરપકડ થઇ એટલે વ્હેંચાવી બંધ થઇ ગઇ. એટલે જરૂર સિડોરે જ આજે વ્હેંચી હશે.

**એન્ટોનઃ** મા, એટલે જ કાલે પત્રિકાઓ વ્હેંચવી જરૂરી છે. બહુ જરૂરી છે.

**માઃ** હં... મને લાગે છે કે જરૂરી તો છે જ! પેલા છોકરાનું એ લોકો કાસળ કાઢી નાંખે એ પ્હેલાં કાંઇક તો કરવું જ જોઇએ. પણ જો પાવેલ પકડાઇ જાય તો!

**એન્ટોનઃ** એમાં કાંઇ જોખમ જેવું નથી.

**માઃ** ભૈલા... એક માણસ રવાડે ચડી ગયો ને તમે એને ઝડપી લીધો. હવે એ ફસાયો એટલે એને બચાવવો તો પડશે જ ને? એટલે ફલાણું જરૂરી છે ને ઢીંકણું તો કરવું જ પડે. એમાં કંઇ જોખમ નથી. ભલેને એ લોકોની નજરે પડી જવાય... પત્રિકાઓ તો વ્હેંચાવી જ જોઇએ! એક માણસ ફાંસીને માંચડે પ્હોંચી જ ગયો છે... હવે એનાં ગળામાં ગાળિયો પડે એટલી જ વાર... ના, ના, એમાં કશું જોખમ જેવું નથી. (સ્વર બદલીને - ટટ્ટાર થતાં) લાવો, મને આપો એ પત્રિકાઓ પાવેલ નહીં, હું જ જઇને વ્હેંચી આવીશ!

**એન્ટોનઃ** પણ જશો કેવી રીતે!

**ઈવાનઃ** પત્રિકાઓ કોણે પ્હોંચાડી છે એની કોઇને ગંધ સુધ્ધાં ન આવવી જોઇએ.

**માઃ** તમતમારે એની ફિકર કર્યા વિના લાવો. મને આપો. તમે કરી શકો છો એમ હું યે કરી શકું છું. બપોરના જમવાના ટાઇમે મારી બેનપણી મારિયા ત્યાં રોજ નાસ્તો વેચવા જાય છે. કાલે એની જગ્યાએ હું જઇશ. પત્રિકાઓમાં પડીકાં વાળી વાળીને નાસ્તો આપવા માંડીશ. (મોટી થેલી લઇ આવે)

**માશાઃ** પાવેલ! તને શું લાગે છે?

**પાવેલઃ** એના ફાયદા - ગેરફાયદા વિચારવાનું કામ તમારું. મહેરબાની કરીને મને આમાં વચ્ચે ના લાવતાં.

**એન્ટોનઃ** આન્દ્રેઇ! શું લાગે છે?

**આન્દ્રેઈઃ** મને લાગે છે કે મા કરી શકશે, બધાં મજૂરો એમને ઓળખે છે અને પોલીસનેય એમના ઉપર શંકા નહીં જાય.

**એન્ટોનઃ** ઇવાન?

**ઈવાનઃ** મા કરી શકશે.

**એન્ટોનઃ** ને ધારો કે પકડાઇ ગયાં તો આપણા કરતાં એમને ઓછી સજા થશે. આમેય આ કામ એ પોતાના દીકરા ખાતર જ કરે છે. કોમરેડ પાવેલ! પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લઇને અને આપણા બિરાદરને બચાવવા અમે ઇચ્છીએ છીએ કે તમારા માની માંગણી સ્વીકારી લેવી જોઇએ.

**પાવેલઃ** મને કશો વાંધો નથી.

**માઃ** (સ્વગત) મને ખાતરી છે કે હું બહું ભૂંડું કામ કરવા જઇ રહી છું. પણ પાવેલને તો આનાથી દૂર જ રાખવો પડે.

**એન્ટોનઃ** (પત્રિકાઓ આપતા) મા, આ રહી પત્રિકાઓ... હવે તમને સોંપી.

**આન્દ્રેઈઃ** મા! આજથી તમે અમારા માટે લડશો, ખરુંને?

**માઃ** લડીશ? હું? અલ્યા, મારી તે હવે લડવા જેવી ઉંમર છે? ને લડવા-બડવાનું કામ મારું નહીં. મને તો મારા ત્રણ કોપેક પાછા મળી જાય એટલે પત્યું! એટલી લડાઈ મારે માટે પૂરતી છે.

**આન્દ્રેઈઃ** આ પત્રિકામાં શું લખ્યું છે એ તમે જાણો છો?

**માઃ** ના રે... અહીં વાંચતા જ કોને આવડે છે?!

[ અંધકાર. સાઇક્લોરામાં પર સૂત્ર આવે]

**''કોપેક માટેની લડત''**

## દૃષ્ય : 3

**સ્થળ :** સુક્લીનોવાના કારખાનો દરવાજો અને કેમ્પસ.

**સમયઃ** બપોર.

[ કારખાનાનું કમ્પાઉન્ડ ખાલી છે. દરવાજે દરવાન ઊભો છે. મા માથે નાસ્તાની ટોપલી લઇને પ્રવેશે. દરવાનથી થોડે દૂર ઊભી રહે]

**માઃ** ( પ્રવેશ પછી ઘડીક દરવાનને જુએ; પછી સ્વગત) આ દરવાન કેવો માણસ છે એના ઉપર બધ્ધો આધાર છે. એ આળસુ હશે કે ચકોર? લાવ, એની પાસે જાઉં, પછી આ પત્રિકાઓમાં નાસ્તાનાં પડીકાં બનાવીશ. કદાચ એ લોકો મને પકડશે તો કહી દઇશ કે, એ તો કોઇકે મારા ટોપલામાં સરકાવી દીધી હશે... મને શી ખબર મંઇ શું લખ્યું છે? અહીં વાંચતા જ કોને આવડે છે? (ધારી ધારીને દરવાનને જુએ) હં... આમ તો મારો વા’લો જાડિયો ને આળસુ લાગે છે. લાવ, સેન્ડવીચ ધરી જોવા દે! જોઇએ શું કરે છે? આવા લોકો તો ખઉધરાની જમાતના હોય ને પાછા ઠનઠનપાળ પણ હોય. (ટોપલામાંથી જાણી જોઇને એક પડીકું પાડે છે) ભૈલા, આ પડીકું પડી ગ્યું આલે છે જરા? (દરવાન મોં ફેરવી લે) લે... હુંયે કેવી હૈયાફૂટી છું? મારા હાથ છૂટા રાખવા હોય તો ટોપલો તો હેઠે મેલવો જે પડે ને? મેં ભૂંડીએ ક્યાં તમને તસ્દી લેવાનું કહ્યું, ભૈલા! (પ્રેક્ષકો તરફ ફરીને) આમ તો સાવ જડભરત લાગે છે. પણ જો આવા લોકો સાથે તમે ગપ્પાં હાંકવા બેસોને તો તમે ક્હો એ કરવા તૈયાર! જે નિરાંત મળી તે સાચી! (દરવાન પાસે જઇને બેસે) હાં... તમે તો મારિયાની રાહ જોતા હશો, નહીં, કોઇ દા’ડો નહીં ને પરમદા’ડે મેં એને કીધું કે, મારી બઇ! તારે જે કરવું હોય એ કર, પણ તારા પગ પલળવા દેતી નહીં. પણ મારું માને તો ને? ગઇ બટાકા ખોદવા. ને પછી પગ તો ભીના થાય જ ને? પાછી વળતી સવારે જ બકરાં ચારવા નીકળી પડી? ત્યાંય પગ પલળ્યાં. પછી શું થાય? પગમાં વાઢિયા જ પડેને? પણ તો યે પગને આરામ આલે એ બીજા. રાતેય મોડા લગી ટાંટિયાતોડ કરતી રહી... ને રાતે... રાતે તો વરસાદ કહે કે મારું કામ! ને પછી તો બચાડીની જે વલે થઇ છે... જે વલે થઇ છે...

**દરવાનઃ** (તોછડાઇથી) પાસ વગર અંદર નહીં જવાય, બાઇ!

**માઃ** મેં એને કીધું જ તું... પણ માને તો ને? બસ... પછી તો પગ થઇ ગયાં સૂઝીને થાંભલા. ગમે તેમ તોય ભૈ, એ રહી મારી ખાસ ગોઠિયણ. અમે તો ખોળીયાં બે ને જીવ એક! પણ તમે માનશો? એના જેવી હઠીલી બાઇ મેં આખા જન્મારામાં નથી જોઇ. મને કહે, “વ્લાસોવા, હું તો ખાટલે પડી છું. જા... ને! મારા બદલે નાસ્તો વેચી આવને... !” મેં તો એને ચોખ્ખેચોખ્ખું કહી દીધું, “મારિયા! હવે તો હદ થાય છે પાડાના વાકે પખાલીને ડામ!? પણ માને તો ને?! કહે કે, ક્યાં સુધી મને ભાંડ્યાં કરીશ? હવે જો એક અક્ષરેય બોલી છું ને તો આ કલાડી તારા માથાં પર ફોડીશ... બોલો? તમે જ કહો દેખી છે કદી આવી બાઇ?

**દરવાનઃ** (કંટાળીને) જા, બાઇ જા, તું તારે...!

**મા:** (ટોપલી ઉઠાવતાં) વાહ, તમારા જેવું કોઇ નહીં. આ જે કંઇ કરું છું તે તમારા માટે જ તો કરું છું.

[ મા દરવાજામાં પ્રવેશે. કારખાનામાં રિસેસની સીટી વાગે. કામદારો પોતપોતાનાં ડબ્બા, ટિફીન લઇને કમ્પાઉન્ડમાં આવે. છૂટાછવાયા બેસીને ખાવા માંડે. કોઇ કોઇ મા પાસેથી નાસ્તો ખરીદે].

તાજી... તાજી... કાકડી, ટામેટાં... મૂળાની તાજી ભાજી... સેન્ડવીચ.

[ ઇવાન દોડતો આવી બેસે. પડીકાં બનાવવા માંડે]

**મા:** તાજી કાકડી... ટમેટા-માળાની ભાજી

**ઇવાન:** ખાસ કાગળમાં વીંટેલો નાસ્તો...

**મા:** અથાણાં...તમાકુ... કાકડી...

**ઇવાન:** પડીકાનો એકે ફદિયો નહીં... સાવ મફત!

**કામદાર-1:** ટામેટાં છે, માજી?

**મા:** એકદમ તાજા... લે!

**ઇવાન:** પડીકું ફેંકી ના દેતા...

**મા:** મૂળાની ભાજી... સેન્ડવીચ...

[ કામદારો પડીકાંની પત્રિકા લઇ જોતાં જોતાં અંદરોઅંદર વાતો કરે]

**કામદાર-2:** એવું તો આ પડીકામાં શું લખ્યું છે? ભૈ... મને તો વાંચતા જ નથી આવડતું.

**કામદાર-૩:** તારા પડીકામાં શું લખ્યું છે એની મને ક્યાંથી ખબર હોય?

**કામદાર-1:** અલ્યા જો, તારા હાથમાં છે એવું જ કાગળિયું એના હાથમાં છે.

**કામદાર-3:** હા... લ્યા! અદ્દલ એવું જ... લખાણે અદ્દલોઅદ્દલ છે!

**કામદાર-1:** છે ને...

**કામદાર-3:** છે... છે... એવું જ છે! (પત્રિકા વાંચે) સાચી વાત! તદ્દન સાચી વાત! એકવાર જો સમાધાન કરવાની ટેવ પડી જાય તો તો પછી આવી જ બન્યું સમજો. બિલકુલ સાચું લખ્યું છે.

**કામદાર-2:** જબરું કે'વાય! પડીકામાં પત્રિકા!

**કામદાર-3:** આમ તો પોલીસ ક્યારની આદુ ખાઇને આ લોકોની પાછળ પડી ગઇ છે. ફેક્ટરીનો માલિકેય સાવધાન થઇ ગયો છે. તોયે આજે પાછી આ નવી પત્રિકા! મારા વા'લા ભડના દીકરા લાગે છે! ક્યારેય નહીં જંપવાના...!

**કામદાર-2:** ને વળી વાતેય સોળેસોળ આના સાચી!

**કામદાર-1:** આપણે તો આવી કોઈપણ વાત હોય- સાથ આપવાનો જ.

[ ત્યાં કારપોવ અને એનો સાથી આવે]

**કારપોવ:** (મોટેથી. બધાંને એકઠાં કરતા) અહીં જે કોઇ છે તેના પર ભરોસો મૂકી શકાય?

**ચમચો:** બોલો... મૂકી શકાય ભરોસો?

[ કામદારો ટોળે વળે. દૂર ઊભેલા ઍન્ટોન અને પાવેલ પણ ભળે]

**કારપોવ:** વ્હાલાં કામદાર ભાઇઓ! અમે માલિક સાથે કોપેકના મામલે સમાધાન કરી આવ્યા.

**ચમચો:** કરી આવ્યા સમા...

**એન્ટોન:** (વચ્ચે જ- મોટેથી) શું મળ્યું?

**કારપોવ:** અમે કાંઇ ખાલી હાથે તમારી પાસે નથી આવ્યા.

**ચમચો:** ખાલી હાથે નથી આવ્યા...

**એન્ટોન:** કોપેક પાછો મળ્યો?

**કારપોવ:** અમે મિસ્ટર સુક્લીનોવ સાથે વાટાઘાટો કરી. અમે એમને સ્પષ્ટ રીતે કહ્યું કે, જ્યારે એ આઠસો કામદારોના પગારમાંથી કલાક દીઠ એક કોપેક કાપે છે ત્યારે આખા વરસમાં એ ચોવીસ હજાર રૂબલ થાય છે.

**ચમચો:** ચોવ્વીસ હજ્જાર રૂબલ...

**કારપોવ:** અને એ ચોવીસ હજાર રૂબલ મિસ્ટર સુફલીનોવના ખિસ્સામાં જાય છે. કોઈપણ ભોગે આવી લૂંટ અટકવી જ જોઈએ.

**ચમચો:** અટકવી જ જોઈએ લૂંટ...

**કારપોવ:** ચાર કલાકની માથાકૂટ પછી અમારે જોઇતું'તું તે મળ્યું. અમે મિસ્ટર સુક્લીનોવાને ઘેર જ ના જવા દીધાં. છેવટે એ માન્યા. હવે એ ચોવીસ હજાર રૂબલ એમના ખીસ્સામાં નહીં જાય.

**ચમચો:** નહીં જાય... ખિસ્સામાં...

**એન્ટોન:** એ કોપેક કામદારોને પાછાં મળશે?

**કારપોવ:** ભાઇઓ! એમણે સામેથી અમને કહ્યું કે- કારખાનામાં સંડાસ-બાથરૂમની જબરદસ્ત અગવડ છે. ને એ બિલકુલ અસહ્ય છે.

**ચમચો:** (નાક દબાવી) આ હા હા હા... છી... છી... છી... છી...

**પાવેલ:** કામદારોને કોપેક પાછો મળશે?

**કારપોવઃ** આપણા કારખાનાના પૂર્વ દરવાજે કાદવ-કીચડનો મસમોટો ઢગ જામ્યો છે!

**ચમચોઃ** મસમોટ્ટો...

**પાવેલઃ** એ કાદવ-કીચડ સુક્લીનોવના કારખાનાને લીધે થાય છે.એમાં કામદારોનો શું વાંક?

**એન્ટોનઃ** હં... તો એ કાદવ ઉલેચવા એ ચોવીસ હજાર રૂબલ વાપરવાનો પેંતરો છે, એ લોકોનો.

**કારપોવઃ** જરાક તો વિચારો ભાઇઓ! દર ઉનાળે ઝેરી માખીઓનાં ટોળેટોળાં કેવાં ઉમટી આવે છે. આપણે જરા હવા ખાવાયે ઘરની બ્હાર નીકળી શકતાં નથી. ને એ કાદવને લીધે કેટલાં લોકો માંદગીનો ભોગ બને છે!

**ચમચોઃ** માંદગીનો ભોગ બને છે... કેટલા લોકો...

**કારપોવઃ** એમાંયે બાળકોને માથે તો સતતનું જોખમ...

**ચમચોઃ** જોખમ... સતતનું...

**કારપોવઃ** હવે મિસ્ટર સુક્લીનોવ જાતે ત્યાં સફાઇ કરાવવા તૈયાર છે. વળી ફેક્ટરીનો વિસ્તાર કરવાની યોજના પણ વિચારાય છે. એનાથી નવી નોકરીઓ ઊભી થશે.

**ચમચોઃ** ઊભી થશે... નવી નોકરીઓ...

**કારપોવઃ** તમે તો જાણો છો... કારખાનાનું હિત એ જ આપણું હિત.

**ચમચોઃ** આપણું હિત... એ...જ... કારખાનાનું હિત!

**કારપોવઃ** ભાઇઓ, આપણને ખબર નથી, પણ કંપની ખોટમાં જાય છે. મિસ્ટર સુક્લીનોવે પોતે કહ્યું. મારે પણ તમને કહેવું જ જોઇએ કે... આપણી સાથે હરિફાઇમાં ઉતરેલી ત્વેરની ફેક્ટરી બંધ થાય છે. આવતીકાલથી આપણા સાતસો કામદાર ભાઇઓ ફૂટપાથ પર આવી જવાના.

**ચમચોઃ** ફૂટપાથ પર આવી જવાના... કામદારભાઇઓ...

**કારપોવઃ** માટે આપણે તો મળ્યું એટલું મીઠું માનીને સંતોષ માનવો જોઇએ.

**ચમચોઃ** માનવો જોઇએ... સંતોષ!

**કારપોવઃ** તમે જાણો છો... આપણા દેશે કદી જોઇ ના હોય... એવી ભયંકર આર્થિક કટોકટી આવી રહી છે.

**ચમચોઃ** આવી રહી છે... ભયંકર કટોકટી...

**કારપોવઃ** માટે જ કહું છું, ભાઇઓ! થોડું કહ્યું, ઘણું સમજજો. તેજીને ટકોરો બસ છે.

**ચમચોઃ** બસ છે ટકોરો... તેજીને.

**પાવેલઃ** (અકળાઇને) તમે તો જાણે એવી વાત કરો છો કે- ફેક્ટરી માંદી પડી છે ને તમે એના ડોક્ટર છો. (સૌ કામદારોને) સો વાતની એક વાત... આ પગારકાપ આપણને મંજૂર છે?

**કારપોવઃ** ભાઇ, અમારી વાટાઘાટોમાં આ સિવાય બીજો કોઇ ઉકેલ અમને દેખાતો નથી.

**એન્ટોનઃ** જો તમે પગારકાપ ના અટકાવી શકતા હોવ તો હવે માલિકો સાથે વાટાઘાટો કરવી રહેવા દો. (મોટેથી) એ કાદવિયા કોપેકનો વિરોધ થવો જ જોઇએ.

**કારપોવઃ** મારું માનો, વાટાઘાટો અટકાવશો નહીં…

**ચમચોઃ** અટકાવશો… (ત્યાં જ કામદાર-૧ ચમચાને જોરથી ધબ્બો મારે)

**કામદાર-1:** તમને નથી લાગતું કે- હડતાલ પાડ્યા સિવાય હવે બીજો કોઇ રસ્તો જ નથી.

**પાવેલઃ** સાચી વાત છે. હવે તો હડતાલ જ કોપેક બચાવવાનો એક માત્ર ઉપાય છે.

**એન્ટોનઃ** હવે તો આપણે એક જ સવાલનો જવાબ મેળવવાનો છે. કોપેક બચાવવો છે કે સુક્લીનોવને કાદવ ઉલેચવા દેવો છે? હડતાલ વિના છૂટકો જ નથી. ને તેય હવે પહેલી મે સુધીમાં.

**કામદાર-2:** પહેલી મે સુધીમાં? એને તો હવે અઠવાડિયું જ બાકી રહ્યું.

**એન્ટોનઃ** હા… આપણે બીજી બધી ફેક્ટરીઓમાં ફરી વળવું પડશે… જ્યાં પગાર કપાયો હોય અથવા ફેક્ટરી બંધ પડી હોય.

[ પાવેલ, એન્ટોન, ઇવાન સૂત્રોચ્ચાર કરતાં જાય]

" કાદવીયો કોપેક… મુર્દાબાદ! મુર્દાબાદ!

**કારપોવઃ** ભાઇઓ, હવેના સંજોગો જોતાં તમને શું લાગે છે? વાટાઘાટો ચાલુ રાખવી જોઇએ કે નહીં?

**કામદાર-4:** ભલભલો પોલીસપહેરો હોવા છતાંયે કારખાનાનો એકેએક કામદાર આ લોકોની પત્રિકાઓ વાંચે છે. જબરા હોંશિયાર ને બહાદુર લોકો છે એ. અમને નથી લાગતું કે કામદારો હવે તારી વાત સાંભળે. કાદવ કઢાવવાની વાતમાં કંઇ માલ નથી. 'કાદવિયા કોપેક' વાળું સૂત્ર તારા જેવા સૌને ખતમ કરી નાંખશે.

[ કામદારો વિખેરવા માંડે]

**કારપોવઃ** (ખભા ઉલાળીને - ચમચાને) ભલે ત્યારે… થવા દો હડતાલ.

**ચમચોઃ** (મોટેથી) હડતાલ… થવા દો.

**દરવાનઃ** (હાથમાં પત્રિકા લઇ હાંફળો - ફાંફળો પ્રવેશે. ત્યાં જ એ કમ્પાઉન્ડમાં પડેલી આઠ-દસ પત્રિકાઓ જુએ. બધી ભેગી કરતાં બબડે) આટલા બધાં કાગળિયાં… અરે… આ તો બધાં સરખાં જ લાગે છે… કાં'ક આ ભડાકીયા ફરફરિયાં તો નથી ને? (જરી વાર જુએ) હાં… એ જ લાગે છે… હવે તો હદ થઇ ગઇ… સિક્યોરિટિ… સિક્યોરિટિ… (બરાડતો બરાડતો ફેક્ટરી તરફ જતો રહે)

[ મા એક તરફ પૈસા ગણતી બેઠી છે ત્યાં કારપોવ અને ચમચો આવે]

**કારપોવઃ** બે તાજી કાકડી આપજો... માજી!

(બંને કાકડી લઇ આગળ વધે)

**માઃ** (પૈસા ગણતાં ગણતાં બબડે) હવે જો પગાર કપાયો તો ભારે થવાની! મારું તો આવી જ બનવાનું! આમને આમ ચાલતું રહેશે તો હું પાવેલ સાથે કેમ કરીને રહી શકીશ? આમેય એનો અજંપો તો ક્યારનોય ધખધખે છે.

**કોરસઃ** (પ્રવેશે) લો જુઓ! છેવટે એને સમજાય કે આ લડતનો હેતુ તો એને માટે પણ છે. બસ... હવે વધારે વાર નથી એનો સંઘર્ષેય શરૂ થઇ જશે. અને પછી થોડા સમય પછી એ જોરશોરથી અને મક્કમતાથી કહેવા માંડશે કે આ જંગ તો બહુ જરૂરી છે. ખાસ તો મારા પોતાના માટે.

**કારપોવઃ** (દોડતો મા પાસે આવે) અચ્છા... તું જ આ પત્રિકાઓ અહીં સુધી પહોંચાડે છે એમને? આવા એક કાગળનું ચીંથરૂ એટલે હડતાલ... એની ખબર છે તને?

**ચમચોઃ** ખબર છે તને હડતાલ...

**માઃ** હડતાલ? કાગળિયામાં?

**કારપોવઃ** આ પત્રિકામાં સુક્લીનોવના કારખાનામાં કામદારોને હડતાલનું એલાન આપવામાં આવ્યું છે.

**માઃ** મને એની શી રીતે ખબર પડે ભૈ.

**કારપોવઃ** ખબર નથી પડતી તો આ ફરફરિયાં શાની વ્હેંચતી ફરે છે?

**માઃ** અમારેય અમારા કારણો છે... એ લોકો આમ જેની ને તેની ધરપકડ શાના કરતાં રહે છે?

**કારપોવઃ** આનો મતલબ એ થયો કે આમાં શું લખ્યું છે એની તને ખબર જ નથી?

**ચમચોઃ** નથી જ ખબર?

**માઃ** અંહ... અહીં તો કાળાં અક્ષર કુહાડે માર્યા છે... ભૈલા!

**કારપોવઃ** એ લોકોએ તને છેતરી છે, બાઇ! હડતાલ તો સાવ નકામી ચીજ છે, કાલ સવારથી જો કામદારો કામ પર નહીં જાય. ને પછી? સાંજે શું થશે? ને આવતે અઠવાડિયે તો નેવનાં પાણી ઠેઠ મોભે પ્હોંચ્યા હશે. શું થશે... એનું ભાન છે તને? ... કામદારો કામ કરે કે ના કરે... કંપનીવાળાને શી પડી છે?

**ચમચોઃ** શી પડી છે... કંપનીવાળાને.

**કારપોવઃ** પણ આપણે માટે તો જીવ સટોસટનો ખેલ થઇ જવાનો, બાઇ!

[ ત્યાં એક તરફથી સિક્યોરિટી અને દરવાન દોડતાં આવે]

**સિક્યો.:** શું છે? શાની ગરબડ છે?

**દરવાનઃ** (પત્રિકાઓ આપતાં) લો... આ જુઓ...

**સિક્યો.:** આવાં કાગળિયાં તો મારી પાસેય આવ્યાં છે.

**દરવાનઃ** પણ આ તો પેલા ભડાકિયાં...

[ ત્યાં જ સિક્યોરિટીવાળાની નજર પત્રિકા સાથે ઊભેલા કારપોવ ઉપર પડે એ દોડીને કારપોવની બોચી પકડે. દરમિયાનમાં ચમચો ભાગવા જાય. દરવાન એને પકડે,

**સિક્યો.:** (કારપોવને) હં... તો આ કાગળિયાં તું વ્હેંચે છે?

**માઃ** (થોડે દૂરથી) એ ભાઈનો કંઈ વાંક નથી... એ કાગળિયાં એણે નથી વ્હેંચ્યા...

**કારપોવઃ** (કરગરતાં) મને જવા દો... મેં... મેં... નથી... વ્હેંચ્યા... હું તો... હું તો...

**સિક્યો.:** લે... લે... લેતો જા... (અડબોથ મારતાં) આ... તારે માટે...ને બીજી... આ ફરફરિયા માટે... (ફેક્ટરી ભણી લઈ જાય. એ જ રીતે દરવાન પણ ચમચાને મારતો પાછળ જાય)

**માઃ** (મોટેથી) ભૈ... એણે તાજી કાકડી જ લીધી છે... બીજું કંઈ નથી કર્યું.

[ અંધકાર. સ્ક્રીન ઉપર મિસ્ટર સુક્લીનોવનો ફોટો અને નામ. પછી ક્રમશઃ રશિયા, યૂરોપ અને દુનિયાભરનાં જાણીતાં ઉદ્યોગપતિઓના ફોટોગ્રાફ્સ]

## દૃષ્ય : 4

**સ્થળઃ** પેલાગેયા વ્લાસોવાના ઘરનો ઓરડો.

**સમય :** મોડી સાંજ

[ અંધકારમાં જ કામદારોનો સૂત્રોચ્ચાર સંભળાય.

'કાદવિયો કૉપેક... મુર્દાબાદ... મુર્દાબાદ...

'મજૂદર એકતા... ઝિંદાબાદ... ઝિંદાબાદ...

થોડીવાર પછી તખ્તા પર પ્રકાશ. મોટા ટેબલની આસપાસ બેઠેલા પાવેલ, આન્દ્રેઇ, ઇવાન અને ઍન્ટોન કોઈક વાત પર જોરથી ખડખડાટ હસી રહ્યાં છે. ત્યાં મા અજંપાભરી, અકળાતી બીજા ઓરડામાંથી ધસી આવતાં ]

**માઃ** પાવેલ... તમારા લોકોના કહેવાથી હું પેલી પત્રિકાઓ વ્હેંચવા ગઇ. મને વળી એમ કે... તમ જવાનિયા ઉપર એમને વ્હેમ આવશે ને હું જઇશ તો એમને ગંધ સરખીય નહીં જાય! પણ આ તો અવળું જ થયું. મેં કાગળિયા વ્હેંચ્યા એમાં બીજા માણસોની ધરપકડ થઇ ગઇ. મને કહેશો આ બધું શું ચાલી રહ્યું છે?

**એન્ટોનઃ** મા... અમે તો તમારી હોંશિયારી બદલ તમારો આભાર માનીએ છીએ!

**માઃ** આને તમે હોંશિયારી કહો છો? મારી આ હોંશિયારીને લીધે બિચારા કારપોવ અને બીજા એક જણને જેલમાં જવું પડ્યું.

**આન્દ્રેઈઃ** એ કાંઇ તમારા લીધે જેલમાં નથી ગયા... એમને તો પોલીસ લઇ ગઇ જેલમાં.

**ઈવાનઃ** મા... તમે તો મજદૂરની એકતામાં મોટો ફાળો આપ્યો છે. તમને ખબર છે? બધાંએ એકી આવાજે હડતાલનું એલાન વધાવી લીધું છે.

**માઃ** મારે તો કંઇ હડતાળ ન'તી પડાવવી... મારે તો ભૈં છોકરાંવને મદદ કરવી'તી. મદદ તો ઘેર ગઇ... ઉલટું મારા લીધે બે જણાંને જેલમાં જવું પડ્યું. પેલા સિડોરનું શું થશે?... આ બે જણા પર શી વીતશે? એમને કેમ લઇ ગયાં ... પેલી પત્રિકામાં શું લખ્યું છે?

**એન્ટોનઃ** એ પત્રિકા વ્હેંચીને તમે એક ઉમદા કામમાં ભાગીદાર બન્યાં છો, બસ એટલું માનવું પૂરતું નથી, મા?

**માઃ** ના... એમાં લખ્યું છે શું... મને કહો.

**પાવેલઃ** (જરીક તાકી રહીને) તને શું લાગે છે?

**માઃ** કંઇક બહુ જ ભૂંડુ!

**એન્ટોનઃ** મને લાગે છે કે... આપણે માને બધી વાત ફોડ પાડીને સમજાવવી જોઇએ.

**પાવેલઃ** (માને ટેબલ પાસે લાવી વચ્ચેની ખુરશી પર બેસાડે) આવ, અમારી સાથે બેસ અમે તને સમજાવીએ.

[ બધાં ટેબલની આસપાસ ગોઠવાઇ જાય]

**ઈવાનઃ** જુઓ, આ પત્રિકામાં એવું લખ્યું છે કે, મિસ્ટર સુક્લીનોવ મનફાવે ત્યારે ને મનફાવે એટલો પગાર કાપતાં હોય તો કામદારોએ નમતું જોખવું નહીં!

**માઃ** (ઊભી થઇ જતાં) સાવ નાંખી દીધા જેવી વાત! મિસ્ટર સુક્લીનોવને પગાર કાપવાનો પૂરેપૂરો હક્ક છે, સમજ્યા! કેમ કે, કારખાનું એમનું છે. એ પગાર કાપે એમાં તમે કંઇ ના કરી શકો.

**પાવેલઃ** હા, કારખાનું એમનું છે.

**માઃ** તો પછી?! જેમ આ ટેબલ મારું છે... એમ એ કારખાનું એમનું છે. આ ટેબલનું મારે જે કરવું હોય તે કરવાની મને છૂટ ખરી કે નહીં?

**આન્દ્રેઈઃ** ચોક્કસ મા, આ ટેબલનું તમારે જે કરવું હોય એ તમે કરી શકો.

**માઃ** તો પછી? કાલે ઊઠીને ઘરમાં બળતણ ખૂટે તો હું આના કટકા કરીને ચૂલામાં નાંખી શકું કે નહીં?

**એન્ટોનઃ** બેશક, બળતણ ખૂટે તો ટેબલ ચૂલામાં નાંખવું જ પડે.

**માઃ** તો પછી સુક્લીનોવ એમના કારખાનામાં જે કરવું હોય એ કેમ ના કરી શકે?

**પાવેલઃ** ના જ કરી શકે!

**માઃ** કેમ? કેમ ના કરી શકે?

**ઈવાનઃ** કેમ કે, એને એનું કારખાનું ચલાવવા માટે કામદારોની જરૂર છે.

**માઃ** પણ... એ તો એમ કહી શકે ને કે જાવ... મારે તમારી કશી ગરજ નથી.

**પાવેલઃ** (માને હળવેથી બેસાડતાં) મા... સાંભળ... તારે આ આખી બાબતને બીજી રીતે જોવાની જરૂર છે. જો, સુક્લીનોવને કો'ક દિવસ અમારી જરૂર હોય છે ને કો'ક દિવસ નહીં.

**એન્ટોનઃ** હવે જ્યારે એને અમારી જરૂર હોય છે ત્યારે અમે ત્યાં જ હોઇએ છીએ... પણ જ્યારે જરૂર નથી હોતી... ત્યારે પણ અમે તો ત્યાં જ હોઇએ છીએ. અમારે ક્યાં જવાનું? મિસ્ટર સુક્લીનોવ આ વાત બરાબર સમજે છે. એ જાણે છે કે, એને કાયમ અમારી ગરજ નથી હોતી પણ અમને એની ગરજ કાયમ હોય છે. એ આ વાતનો જ ગેરફાયદો ઉઠાવે છે. ને મા, તું જાણે છે... પેલાં મશીન જેટલાં સુક્લીનોવનાં છે એટલાં જ અમારાં પણ છે!

**માઃ** એ... કઇ રીતે?

**પાવેલઃ** જો... એ મશીન ચલાવવા માટે એને કુશળ કામદારોની જરૂર હોય છે અને એ કામદારો છીએ અમે. અમે જાણકાર છીએ પણ લાચાર છીએ... અમારી પાસે મશીનો નથી. ને એટલે જ અમે સુક્લીનોવનાં મશીનોનો ઉપયોગ કરીએ છીએ. બસ... આથી જ એનું કારખાનું ભલે એની માલિકીની ચીજ હોય. પણ જ્યારે એને મનફાવે ત્યારે કારખાનું બંધ રાખે ત્યારે એનો મતલબ એ થાય કે... એ અમારી પાસેથી અમારાં સાધનો છીનવી લે છે.

**માઃ** લે, એ તો એમ જ હોયને... ! મશીનો માટે એણે જ તો પૈસા ખર્ચ્યાં છે...! જેમ આ ટેબલ માટે મેં!

**પાવેલઃ** પણ એ આનાં જેવાં બીજાં મશીનો ખરીદી શકે... એના માટે પૈસા કોણ પેદા કરે છે? અમે...! અમારા વડે જ એનાં મશીનો ચાલે છે. અમારા વડે જ એના કારખાનામાં ઉત્પાદન થાય છે. અમારા વડે જ એનું કારખાનું ચાલે છે... અને અમારા વડે જ એને નફો પણ મળે છે!

**એન્ટોનઃ** હવે તમે જ કહો... અમારી પાસેથી એ સાધનો છીનવી લે... એ બરાબર છે?

**માઃ** બરાબર તો નથી... પણ મશીન તો એનાં જ ક્હેવાયને...?! તમને ગમે કે ના ગમે... જેમ આ ટેબલ મારું છે... એય ઘણાંને નહીં ગમતું હોય.

**પાવેલઃ** બરાબર છે. પણ અમારું કહેવું એમ છે કે- માલિકી માલિકીમાં ફેર હોય છે! ટેબલની માલિકી અને કારખાનાંની માલિકીએ બંને સરખી બાબત નથી. જેમ આ ટેબલ તારું એમ આ ખુરશીઓય તારી છે. તારે એને છાપરે મૂકવી હોય તો તું તારી મરજીની માલિક છે. એમાં બીજા કોઈને કશું નુકસાન નથી. પણ જ્યારે તમે કારખાનાનાં માલિકો હો છો, ત્યારે તમે, બીજાં કેટલાંયે લોકોની મહેનત અને આવડતથી ચાલતાં મશીનોનાં માલિક હો છો. તમે તમારા મશીનો ચલાવવા બીજાં અનેક માણસોની મહેનતનો ઉપયોગ કરતાં હો છો.

**માઃ** તે કરે જ ને... ? માલિક ધારે તો મજૂરોની મહેનતનો ઉપયોગ કરે જ. મારા માથે આ ધોળાં કંઇ એમનેમ નથી આવ્યા. મેં તો ભૈ, આટલાં વરસમાં કદી એવું નથી જોયું કે કોઇ પોતાની મહેનતની સામે હક્કદાવો માંગતું હોય!

**એન્ટોનઃ** મા, આપણે ફરીથી એક વાર સુક્લીનોવનાં કારખાનાંની વાત કરીએ... આપણે ક્યાં પહોંચ્યા'તા... હં... કે ટેબલની માલિકી અને કારખાનાંની માલિકી વચ્ચે તફાવત છે... કારખાનામાં જે મશીન ચાલે છે, તે અમારી મહેનતથી ચાલે છે... એટલે કે સુક્લીનોવ કારખાનું ચલાવવા અમારો ઉપયોગ કરે છે.

**ઈવાનઃ** અને એની એ મિલ્કતની બીજી ખાસ બાબત એ છે કે, અમારા વગર એની એ મિલ્કત નકામી છે!

**માઃ** શું... શું કહ્યું? જરા માંડીને વાત કર...

**ઈવાનઃ** જુઓ મા, જો એ અમારો ઉપયોગ ના કરે તો એનાં મશીનો ના ચાલે... ને મશીન ના ચાલે તો ઉત્પાદન ના થાય... ઉત્પાદન ના થાય તો સુક્લીનોવને કમાણી ના થાય... ! જ્યાં સુધી

અમે એ મશીનો ચલાવીએ છીએ ત્યાં સુધી જ ઉત્પાદન શક્ય છે. જેવાં એ મશીનો ઉત્પાદન કરતાં બંધ થાય કે એ જ પળે એ નર્યો લોખંડનો ભંગાર થઇ જાય. સમજ્યા? અને એટલે જ એને મશીનો ચાલુ રાખવા અમારી ખાસ્સી ગરજ છે!

**મા:** હં... આ બરાબર! પણ તમે આ બાબત સાબિત કેવી રીતે કરી શકશો!

**આન્દ્રેઈ:** ધારો કે, આ માણસ - પાવેલ વ્લાસોવ જઇને મિસ્ટર સુક્લીનોવને કહે કે-

**પાવેલ:** (નાટકીય ઢબે સુક્લીનોવની કેબિનમાં પ્રવેશી) મિસ્ટર સુક્લીનોવ, અમારા વગર તમારી ફેક્ટરી માત્ર લોખંડનો ભંગાર જ છે... ને એટલે તમે મનફાવે તેમ અમારો પગાર ના કાપી શકો!

**આન્દ્રેઈ:** તો શું થાય? મિસ્ટર સુક્લીનોવ આ પાવેલનિયાને ધક્કો મારીને બહાર જ કાઢી મૂકેને...? પણ જો, આખાયે કારખાનાંના એકેએક પાવેલ... આઠસોએ આઠસો પાવેલ ભેગા થઈને સુક્લીનોવની સામે જઇને કહે કે-

[ તમામ સાથી ઊભા થઇ પાવેલની જેમ જ બોલે]

**સૌ સાથે:** મિસ્ટર સુક્લીનોવ! અમારા વગર તમારી ફેક્ટરી માત્ર લોખંડનો ભંગાર જ છે... ને એટલે તમે મનફાવે તેમ અમારો પગાર ના કાપી શકો!

**આન્દ્રેઈ:** (ફરીને માને) તો સુક્લીનોવની શી દશા થાય?

**એન્ટોન:** એને તો સપનાંમાંયે પછી લોખંડના ભંગારનો ઢંગ જ દેખાવા માંડે ને જાગતામાં તો ટાંટિયા થર થર ધ્રુજવા જ માંડે ને?!

**મા:** હું... હવે સમજી. મજૂરોની મહેનતથી ચાલતાં મશીનોના માલિક મજૂર જ છે... બરાબરને? કેમ કે, ઉત્પાદન એ લોકો કરે છે... કેમ કે મશીનો એ લોકો ચલાવે છે... ને મશીનો ના ચલાવે તો ઉત્પાદન ના થાય... ને ઉત્પાદન ના થાય તો સુક્લીનોવને કમાણી ના થાય... !

ઓહ... તો આ જ છે તમારી હડતાલ... હેં ને?

**સૌ સાથે:** હા મા! આ જ છે અમારી હડતાળ!

**મા:** ને આ જ છે... તમારી પત્રિકાઓનો સાર... ખરુંને?

**સૌ સાથે:** બરાબર... આ છે અમારી પત્રિકાઓનો સાર!

**મા:** પણ ભૈ, હડતાલ બહુ ભૂંડી ચીજ છે, હોં! પછી હું રાંધીશ શું... મારું કાળજું... ? ને ભાડું ભરવાનાયે પૈસા ક્યાંથી આવશે...? ... કાલ સવારે તું કામે નહીં જાય... તો સાંજે શી વલે થશે... જાણે છે... ? ... ને ... ને... પછી આવતા અઠવાડિયે? આવતા અઠવાડિયે તો નેવનાં પાણી મોભે પ્હોંચવાનાં... ! (અટકીને) ઠી... ક... છે, ભૈ! જેમ તેમ કરીને ખેંચી કાઢીશું એ તો... ! ... જે બધાંનું થશે... એ મારુંયે થશે... ! (અટકીને) ભૈ... આ તો

જાણે હડતાળની વાત થઇ... પણ આ મૂઆ પોલીસો બધાંને પકડી કેમ જાય છે? કારખાનાંમાં હડતાલ પડે એમાં પોલીસને શું લાગે વળગે?

**પાવેલઃ** તું જ ક્હેને... એમાં પોલીસને શું લાગે વળગે?

**માઃ** (વિચારતાં) ક્યાંક... કશીક... ભૂલ થતી લાગે છે... નક્કી કાં'ક ગોટાળો... ! ... આપણે સુક્લીનોવ સામે હડતાલ પર ઉતરીએ... એમાં પોલીસનું શું જાય?... હં... કદાચ બધાંને એવું લાગતું હશે કે... તમે બધાં ભારે મારધાડ કે લૂંટફાટ... કરવાનાં છો...! પણ તમારે ગામ આખાને બતાડી દેવું જોઇએ કે, માલિક સામેનો તમારો ઝઘડો વાજબી છે ને એમાં તમે કોઇનું લોહી રેડવા નથી માંગતા... એવું કરશો તો તમારી છાપ સારી પડશે.

**ઈવાનઃ** અમારી યોજના પણ એ જ છે, મા! પહેલી મે એટલે આંતર્રાષ્ટ્રીય મજદૂર દિન... એટલે કે, આખી દુનિયાનાં મજૂરોનો મુક્તિ દિવસ... ! એ દિવસે ત્વેરનાં તમામ કારખાનાંના કામદારોની મુક્તિ માટે સૌ સાથે મળીને જબરદસ્ત દેખાવો કરીશું. અમે ત્વેરની એકેએક ફેક્ટરીમાં પોસ્ટરો લઇને જવાના છીએ ને બધાંને વિનંતી કરવાના છીએ કે કોપેકની આ લડાઇમાં અમને સહકાર આપો.

**માઃ** જો તમે શહેરની શેરીઓમાં શાંતિથી સરઘસ કાઢશો ને પોસ્ટરો લઇને ફરશો તો કોઇ કહેતાં કોઇનેય એની સામે વંધો નહીં હોય.

**આન્દ્રેઈઃ** પણ મિસ્ટર સુક્લીનોવ આ નહીં ચલાવી લે.

**માઃ** અરે... ના કેમ ચલાવે?

**ઈવાનઃ** કદાચ પોલીસ સરઘસ તોડવા આવશે.

**માઃ** લે... ફરી પાછી પોલીસ...? પોલીસને ને સુક્લીનોવને કંઇ સાંઠગાંઠ છે કે શું? પોલીસ જેમ તમારી સામે થઇ શકે એક સુક્લીનોવ સામેય થઇ શકે કે નહીં?

**પાવેલઃ** મા, તને એમ લાગે છે કે મજૂરોના શાંત સરઘસ સામે પોલીસ કોઇ વિરોધ નહીં કરે?!

**માઃ** હા... મને ખાતરી છે. જો તમે હિંસા ના કરવાના હો તો તમારો વાળેય કોઇ વાંકો શા માટે કરે? હા, પાવેલ! આપણા પક્ષે કોઇ જાતની હિંસા ના થવી જોઇએ. મને સ્વર્ગમાં વસતાં આપણા પરમ પિતામાં શ્રધ્ધા છે... તું તો એ જાણે છે!... એના નામેય હું તો કદી હિંસાનો સાથ ના આપું! (અટકીને) જો કે આટલી જીંદગીમાં હું તો કંઇ જ પામી નથી... છતાં અત્યારે એનો અફસોસ શો કરવો?.. પણ મને એટલી તો ખાતરી છે કે, જીંદગીના છેલ્લા શ્વાસ લગી મેં કદી હિંસાને સાથ નહીં આપ્યો હોય!

[ તખ્તા પર અંધકાર. સ્ક્રીન ઉપર વાક્ય પ્રોજેક્ટ થાય],

**'' જનતા જ્યારે સિધ્ધાંતોને સમજે છે; ત્યારે એ સિધ્ધાંતો-**

**સિધ્ધાંતો મટીને શક્તિમાં પરિણમે છે''**

- કાર્લ માર્ક્સ.

## દ્દષ્ય : 5

**સ્થળ :** શહેરની સડક

**સમય :** મોડી સવાર

[ શરૂઆતમાં તખ્તા પર એક તરફ લહેરાતા લાલ ઝંડા ઉપર પ્રકાશ. પછી ધીરે રહીને બીજી એક તરફ પ્રકાશ પડે. ત્યાં પાવેલ દેખાય] [ પહેલી મેના સરઘસનું દ્દષ્ય]

**પાવેલ:** (એના હાથમાં પોસ્ટર છે- " અમારી પગારકાપની લડતમાં સહકાર આપો.અમારી સાથે ચાલો") [ ઉત્સાહથી] અમે સુક્લીનોવના કારખાનાંના મજૂરો હજી તો ઊન બજાર ઓળંગતા હતા ત્યાં જ બીજાં કારખાનાંમાંથી આવતાં ટોળાં અમારી સાથે ભળવા માંડ્યાં. અમારી સંખ્યા વધતી ગઇ... જોતજોતામાં હજારો મજૂરો એકઠાં થઇ ગયાં... અમારા હાથમાં પોસ્ટરો હતાં, જેમાં લખ્યું હતું- પગારકાપની અમારી લડતમાં સહકાર આપો! અમારી સાથે ચાલો!

[ પ્રકાશ બીજા ખૂણે ઇવાન ઉપર પડે. તેના હાથમાંના પોસ્ટર ઉપર લખ્યું છે. "દુનિયાનાં મજદૂરો એક થાવ, તમારે ગુલામીની જંજીરો સિવાય કશું ગુમાવવાનું નથી".

**ઈવાન:** અમે શિસ્તબધ્ધ રીતે કૂચ કરી રહ્યાં હતાં. ક્રાંતિગીતો પણ ગવાતાં હતાં. જાગો! જાગો! સર્વહારા... હે કે બ્યૂગલો વાગે છે... વગેરે વગેરે! મોટા લાલ ઝંડા સાથે અમે કારખાને પહોંચ્યા.

[ હવે પ્રકાશ આન્દ્રેઇ ઉપર જાય. તેના હાથમાંના પોસ્ટર ઉપર લખ્યું છે- "કોણે બનાવી? કોણે બનાવી? દુનિયાભરની એક્કેએક ચીજ કોણે બનાવી? મજદૂરોએ! મજદૂરોએ].

**આન્દ્રેઈ:** અમારી જોડાજોડ પોતાના દીકરા સાથે કૂચ કરી રહી હતી પેલાગેયા વ્લાસોવા... અમારી મા! અમે વ્હેલી સવારે જ્યારે પાવેલને લેવા ગયા ત્યારે અચાનક એ રસોડામાંથી તૈયાર થઇને બહાર આવી. અમે પૂછ્યું કે ક્યાં ચાલ્યા? ત્યારે એણે કહ્યું કે-

**મા:** (પ્રકાશ પડે) હું તમારી સાથે આવું છું.

**એન્ટોન:** (પ્રકાશ પડે) અમારી સાથે એના જેવાં ઘણાં હતાં... અમારી સાથે એના જેવાં ઘણાં ખેંચાઇ આવેલા. એક તો કડકડતી ઠંડી! ઉપરથી થયેલો પગારકાપ... ને એમાં પાછું અમારું આંદોલન. અમે કેટલાંયે પોલીસોને જોયાં, પણ એમાં લશ્કરના સૈનિકો કોઇ નહોતા. પણ જેવા અમે મોટી બજારમાં થઇને ચોકમાં પહોંચ્યા... ને જોયું તો... સૈનિકોની બબ્બે હરોળો અમારી રાહ જોતી ઊભી હતી. એમણે અમારાં પોસ્ટરો જોયાં... સૂત્રો સાંભળ્યાં... અને જોરથી હુકમ કર્યો- હોલ્ટ! સાવધાન! ઝડપથી વિખેરાઇ જાવ, નહીં તો તમને ઠાર મારીશું! ઝંડો નીચે નાંખી દો! ... ને અમારી કૂચ થંભી ગઇ!

**પાવેલ:** (પ્રકાશ પડે) પણ હજી અમારી પાછળની ટુકડીઓ આવી રહી હતી. એ અમારી સાથે ભળી એટલે હિલચાલ થઇ. હિલચાલને લઇને ગોળીબાર શરૂ થઇ ગયો. પહેલી હરોળ પડી ગઇ.

ને પછી તો ઘમસાણ મચી ગયું. ઘણાંને તો માન્યામાં જ નહોતું આવતું કે એ જે જોઇ રહ્યાં છે એ સાચું છે! અને એ જ વખતે સૈનિકો ટોળાં ઉપર તૂટી પડ્યા.

**માઃ** (પ્રકાશ) હું તો મજદૂરોના ભલા માટે દેખાવો કરવા નીકળી'તી. સરઘસમાં જોડાયેલાં એ લોકો કેવા ઠાવકાં, ઠરેલ ને શિસ્તબધ્ધ હતાં. એમણે તો આખી જીંદગી કાળી મજૂરી કરવામાં જ કાઢી નાંખી હતી. હા, જો કે એમાં કેટલાંક હઠીલાંને ધમાલિયા મજૂરો પણ હતા જ. પણ એ લોકોય શું કરે? વરસોવરસથી બેકાર હતા. ને સરઘસમાં ઘણાં ભૂખ્યાં, કંગાળોય હતા... જે માંડ માંડ જાતને ઢસડી રહ્યાં હતાં.

**પાવેલઃ** હજી અમે લાલ ઝંડો પકડી રાખ્યો હતો. ઝંડો સ્મિલજિનના હાથમાં હતો. અને હવે અમે એને બિલકુલ નહોતા છોડવાના. કોણ જાણે કેમ પણ અમને એટલું સમજાવા માંડ્યું હતું કે, એ લોકો અમને અટકાવવા માંગે છે. એ લોકોને- અમને અટકાવ્યા વિના, સરઘસ તોડી પાડ્યા વિના ને અમારો ઝંડો ઝુકાવ્યા વિના નહીં ચાલે! આપણો ઝંડો! લાલ ઝંડો! હા, આપણો લાલ ઝંડો એ લોકો તોડી પાડવા માંગતા હતાં... પણ અમે બધાં મજૂરોને... અરે... આખાયે શહેરને બતાવી દેવા માગતા હતા કે, જુઓ! અમે શાને માટે ટક્કર ઝીલી રહ્યા છીએ. આ ઝંડા માટે! આ આપણો ઝંડો છે... મજદૂરોનો... લાલ ઝંડો!

**આન્દ્રેઈઃ** અમારી ઉપર એ લોકો ભૂખ્યાં વરૂની જેમ તૂટી પડ્યાં... સુક્લીનોવાનાં પાલતું કૂત્તાઓ!

**માશાઃ** હવે અમને બરાબ્બર સમજાઇ ગયું કે, આ લાલ ઝંડો તો આપણે ટકાવી જ રાખવો પડશે. મજદૂરોની સામે, પોલીસોની સામે ને અલબત્ત... આખીયે દુનિયા સામે!

**ઈવાનઃ** જેઓ અહીં નથી, જેમણે આ નથી જોયું એમને આ બધું કહી સંભળાવવામાં આવશે. આજે નહીં તો કાલે... અને આવનારાં વરસોમાંયે તે... જ્યાં સુધી આવું બીજું પ્રભાત ઊગે નહીં ત્યાં સુધી! અમારે શું કરવું જોઇએ એની હવે અમને બરાબર ખબર છે, અરે, ઘણાંબધાંને આ ક્ષણે એની ખબર છે! આ લાલ ઝંડો... ફરકતો જ રહેશે, જ્યાં સુધી અમારી કૂચ ચાલુ રહેશે ત્યાં સુધી! લાલ ઝંડો... શોષકો ને સત્તાધારીઓને ધ્રુજાવનારો લાલ ઝંડો! અડગ... અડોલ... અજેય... લાલ ઝંડો!

**એન્ટોનઃ** આપણા મજદૂરોના પ્રાણસમ... સર્વશ્રેષ્ઠ... અદ્વિતીય... લાલ ઝંડો!

[ કૂચગીત શરૂ થાય. સૌ મિલીટરી સૈનિકોની જેમ કૂચ કરતાં હોય. પોતપોતાનાં સ્થાન ઉપર જ- કોરસ ગાય. સૌ જોડાય, [ હમ હોંગે કામિયાબ'ની ધૂન]

તમે જોશો વારંવાર... તમે ખુશ હો કે નારાજ!

સંઘર્ષમાં એક તમારું નક્કી નિશ્ચિત સ્થાન!

આ આપણો સંઘર્ષ

ના એનો કોઇ વિકલ્પ!

બસ હો હવે વિજય

ના એનો કોઇ વિકલ્પ!

ના અંત, ના વિકલ્પ કોઇ, એવો આ સંઘર્ષ! (2)

આ આપણો વિજય

ના એનો કોઇ વિકલ્પ!

નગર નગર ને દેશ દેશમાં

આપણો વિજય... !

શ્રમજીવીની જ્યાં લડાઇ ચાલે ત્યાં આપણો વિજય! (2)

ના અંત, ના વિકલ્પ કોઇ એવો આ સંઘર્ષ!

આપણો સંઘર્ષ! (3)

[ ગીત અટકે, ગીત દરમ્યાન ઝંડો અને ચ્હેરા જ માત્ર દેખાય]

**માઃ** (પ્રકાશ) એ દિવસે ઝંડો સ્મિલ્જિનના હાથમાં હતો.

**સ્મિલ્જિનઃ** હું છેલ્લા પંદર વર્ષથી આંદોલનની સાથે છું. હું જ એ પહેલો માણસ હતો જેણે કારખાનામાં પહેલી વાર ક્રાંતિનો સંદેશ પહોંચાડેલો. અમે સારા પગાર અને કામ કરવાની સારી સગવડો માટે લડત ઉપાડેલી. માલિકો સાથે મેં ઘણી વાટાઘાટો કરી છે. મારાં બિરાદરોના હિત માટે મેં સમાધાનો પણ કર્યાં છે. પહેલાં પહેલાં તો મને મારા પર ધિક્કાર છૂટતો'તો. પણ મારે કબૂલવું જોઇએ કે, સમાધાન સહેલો રસ્તો હતો. હું માનતો હતો કે, જો આપણે આપણી સત્તા વધારવી હોય તો સોદામાં સમાધાન કરવું પડે. પણ એ બધ્ધું નક્કામું હતું, નિરર્થક હતું!... ને જુઓ, આજે હું... અહીં ઊભો છું. મારી પાછળ મારાં હજ્જારો સાથીઓ છે, ને સામે ફરી એકવાર સત્તાધારીઓ છે. સત્તાધારીઓ- જેમની સામે આપણે ટક્કર ઝીલવાની છે! (મોટેથી) બિરાદરો! આ લાલ ઝંડાને આપણે પડવા લઇશું?

**એન્ટોનઃ** સ્મિલ્જિન! જો જે... છોડતો નહીં! તારાથી એ લોકો સાથે સમાધાન ના કરાય... અમે કહ્યું અને માએ શું કહ્યું જાણો છો?

**માઃ** તારાથી એમ ઝંડો છોડી ના દેવાય, સ્મિલ્જિન! તને કાંઇ થવાનું નથી! શાંત સરઘસ સામે પોલીસ કશું જ કરવાની નથી...

**મશાઃ** ત્યાં જ એક પોલીસ ઓફિસરે ત્રાડ નાંખી... આપી દો એ ઝંડો!

**ઇવાનઃ** અને સ્મિલ્જિને પાછું વળીને જોયું તો એના ઝંડાની પાછળ પોસ્ટરો હતાં, ને પોસ્ટરો પર હતી અમારી માંગો, ને પાછળ હતાં સુક્લીનોવના સેંકડો મજદૂરો! અમે જોઇ રહ્યાં કે આ માણસ ઝંડાનું શું કરે છે... આ માણસ... અમારામાંનો જ એક બિરાદર!

**પાવેલઃ** આંદોલનનાં પંદર વર્ષ... મજદૂર... ક્રાંતિકારી... પહેલી મે... ઓગણીસો પાંચ... સવારના અગિયાર... ત્વેરના ચોકનો એક ખૂણો... તોળાઇ રહેલી એક નિર્ણાયક ક્ષણ... એણે કહ્યું...

**સ્મિલ્જિનઃ** હું આને છોડવાનો નથી! અમારે કોઇપણ જાતનું સમાધાન ના જોઇએ!

**આન્દ્રેઈઃ** વાહ... સ્મિલ્જિન! અમે કહ્યું... એમ જ થવું જોઇએ...હવે બધ્ધું બરાબર છે... આલબેલ...!

**ઈવાનઃ** એણે કહ્યું... હા... અને એ ભોંયભેગો થઇ ગયો... એ લોકોએ એને ગોળીએ દીધો...

**આન્દ્રેઈઃ** લોકો એની તરફ દોડ્યાં... ચાર...પાંચ... પેલો ઝંડો પકડવા... ઝંડો એની બાજુમાં જ પડેલો... એ જ પળે... આપણી મા પેલાગેયા વ્લાસોવા નીચી નમી... એણે ઝંડા તરફ હાથ લંબાવ્યા...

**માઃ** સ્મિલ્જિન! ... મેં કહેલું... ઝંડો મને આપી દે... ! લાવ, હું ઉઠાવી લઇશ... આ બધું તો હવે બદલાવું જ જોઇએ... પરિવર્તન આવવું જ જોઇએ...!

[ મા ઝંડો લઇને ઊભી છે. અંધકાર. સ્ક્રીન પર પ્રોજેક્ટ થાય ],

**'પહેલી મે- દુનિયા કે મજદૂર એક હો'**

# દૃષ્ય : 6

## (ક)

**સ્થળઃ** નિકોલાઇનું ઘર - ડ્રોઇંગ રૂમ - રસોડું, ડ્રોઇંગ રૂમમાં ઝારનો મોટો ફ્રેમ કરેલો ફોટો.

**સમયઃ** સવાર.

[ ઇવાન માને લઇને એક તરફ ઊભો છે. માના હાથમાં એક પોટલું છે. સામે ડ્રોઇંગરૂમમાં નિકોલાઇ આરામ ખુરશીમાં બેઠાં બેઠાં પુસ્તક વાંચી રહ્યા હતા. હવે પુસ્તક હાથમાં છે] .

**ઇવાનઃ** નિકોલાઇ વેસોવચિકોવ! હું અમારા મિત્રની મા-પેલાગેયા વ્લાસોવાને મૂકવા આવ્યો છું. પહેલી મેના સરઘસને લીધે એમના દીકરાની ધરપકડ થઇ છે. મકાનમાલિકે એમને જૂનું ઘર ખાલી કરવાની નોટિસ આપી દીધી. અમે અમારા મિત્રને, એની ઘરડી માની દેખરેખ રાખવાનું વચન આપ્યું હતું. તમારા ઉપર કે તમારા ઘર ઉપર કોઇનેય શક જાય એમ નથી. તમારે ક્રાંતિકારી આંદોલન સાથે કોઇ જાતનો સંબંધ હોઇ શકે એવો કોઇને સપનાંમાંયે ખ્યાલ આવે એમ નથી.

**નિકોલાઇઃ** જરા પણ નહીંને. તારી વાત સાચી છે... ઇવાન! હું તમારી માફક દિવાસ્વપ્નો જોવા બેસુંને... તો તો મારી નોકરી જાય.

**ઇવાનઃ** મને ખાતરી છે કે તમે શ્રીમતી વ્લાસોવાની સંભાળ રાખશો જ. એમની પાસે જવા લાયક બીજું એકેય ઠામઠેકાણું નથી. મારા ભાઇ તરીકે પણ તમારે આટલું તો કરવું જ પડશે.

**નિકોલાઇઃ** મારે તારું કોઇપણ કામ કરવું પડે એવું કોઇ કારણ હું જોતો નથી. મને તારી એક્કેય પ્રવૃત્તિ બિલકુલ પસંદ નથી. નર્યો બકવાસ... મેં તને અનેકવાર પૂરવાર કરી દેખાડ્યું છે કે, (અટકીને) પણ હા... આ બધું કાંઇ તમને લાગુ નથી પડતું હોં... શ્રીમતી વ્લાસોવા! તમારી સ્થિતિ તો સ્પષ્ટ છે. આમેય મારે ઘર સંભાળી શકે એવી ઠરેલ બાઇની જરૂર તો હતી જ. જુઓ છોને? મારા ઘરની હાલત... બધું રમણભમણ પડ્યું છે.

**ઇવાનઃ** જો તમે એમની પાસે કોઇપણ કામ કરાવો તો તમારે એમને પગાર આપવો પડશે. એમણે એમના દીકરાને ક્યારેક ક્યારેક કંઇક મોકલવું પડશેને... !

**નિકોલાઇઃ** જો, તું તો જાણે છે... હું કાંઇ ઝાઝો પગાર નહીં આપી શકું.

**ઇવાનઃ** (પ્રેક્ષકોને) આ માણસ, મારો ભાઇ નિકોલાઇ, રાજકારણનો ઠીક ઠીક જાણકાર છે! ને એને પોતાની ખુરશી સંભાળતાંયે બરાબર આવડે છે! છતાંયે એ સાવ નિષ્ઠુર તો નથી જ!

**નિકોલાઇઃ** ઇવાન! તું તો મૂરખ જ રહ્યો. શ્રીમતી વ્લાસોવા રસોડું આ તરફ છે. (રસોડામાં જાય. મા પાછળ જાય) આ રહ્યો સોફા તમારા માટે. અરે વાહ, તમે તો તમારી ચાદર સુધ્ધાં લઇને આવ્યાં છોને. લો, આ તમારું રસોડું સંભાળી લો.

[ મા રસોડામાં હાથમાંનું પોટલું છોડી, પોતાનો સામાન ગોઠવે. રસોડાનું નિરીક્ષણ કરતી રહે] [ નિકોલાઇ ડ્રોઈંગ રૂમમાં આવે]

**ઈવાનઃ** નિકોલાઇ! હું તમારો ખૂબ જ આભારી છું. માની સંભાળ રાખજો. એમને ને રાજકારણને કશી જ લેવાદેવા નથી. પહેલી મેના દિવસે બિચારા ખરા ઘમસાણમાં ફસાઇ ગયા. હવે જરા શાંતિ મળે તો સારું. એમને એમના દીકરાની ચિંતા સતત સતાવે છે. એમની જવાબદારી હવે તમને સોંપું છું.

**નિકોલાઈઃ** બેફિકર રહેજે. હું એમને રાજકારણમાં નહીં ઢસડું. એ બધાં તમારા જેવાનાં કામ!

[ અંધકાર]

**(ખ)**

**સ્થળઃ** નિકોલાઈનું ઘર, ડ્રોઈંગ રૂમ - રસોડું.

**સમયઃ** મોડી સાંજ.

[રસોડામાં મા સાથે સોસ્તાકોવિચ, એની પત્ની ભત્રીજો તથા એનાં વૃધ્ધ કાકા-કાકી બેઠાં છે. મા ચા બનાવતાં હોય]

**પત્ની :** એ લોકો અમને કે’તા’તા કે સામ્યવાદ તો એક ગુનો છે!

**માઃ** (સમોવરમાં ચા રેડતાં) સાવ ખોટ્ટી વાત. (સમોવર હાથમાં લઇ કવિતા બોલે)

અરે, એ તો સમજદારીની વાત છે,

ગમ્મે તે એને સમજી શકે... સાવ સહેલો... !

જો તમે શોષક નહીં હો

તો તમને તરત સમજાઇ જશે!

તમારે માટે તો એ બહુ જ સારો છે!

ખાંખાખોળા ચાલુ રાખો...

મૂર્ખાઓ જ એને મૂર્ખામી માનવાના

ને નક્કામાઓ કહેશે કે એ તો સાવ નકામો!

ખરેખર તો-

જે કાંઇ નકામું છે એનો કરે છે એ વિરોધ

ને મૂર્ખામીની સામે કરે છે પડકાર!

શોષકો એને ગુનો માનવાનાં

પણ આપણે તો જાણીએ છીએ કે

એ તો છે - અપરાધોનો અંત!

એ કાંઇ ઘેલછા નથી,

ઘેલછા તો ત્યાં ખતમ થઇ જાય છે!

એ કાંઇ અંધાધૂંધી નથી,

એ તો છે એક વ્યવસ્થા!

એ તો સાવ સહેલી વાત છે.

અલબત્ત! એને કેમ કરી લાવશો એ જરા-અઘરું ખરું!

**કાકીઃ** જો એવું જ હોય તો બધાં કામદારો એને કેમ શીખી નથી લેતાં?

**સોસ્તાઃ** કેમ કે શોષણને ટકાવી રાખવું હોય તો લોકોને અભણ રખવા પડે. એનું જ્ઞાન મેળવવું એ જ એક અપરાધ મનાય છે. ખરેખર તો એના જ્ઞાનથી જ બધાં અપરાધોનો અંત આવવાનો છે.

[ ડ્રોઇંગ રૂમમાં શિક્ષક નિકોલાઇનો પ્રવેશ થાય. અહીં બધાં ચૂપ થઇ જાય. મા હાથમાં જ સમોવર લઇને ઊભી રહે]

**નિકોલાઇઃ** મૂરખના જામ જેવો સખાર! એની સાથેની લમણાઝીંકમાંથી માંડ છૂટ્યો. એ હંમેશા મારો વિરોધ કરવાનો... ભલેને પછી મારી વાત સાવ સાચી હોય. અરે ખાડામાં પડે એ! આપણને તો ભાઇ આપણા ઘરની ચાર દિવાલોમાં જ શાંતિ મળવાની! લાવ જરા ગરમ પાણીમાં પગ ઝબોળીને શાંતિથી છાપું વાંચું.

**માઃ** (ડ્રોઇંગ રૂમમાં આવતાં) અરે... નિકોલાઇ તમે આવી ગયાં?

**નિકોલાઇઃ** હા, મને પગ પલાળવા જરા ગરમ પાણી કરી આપશો? હું ત્યાં રસોડામાં જ આવું છું.

**માઃ** (રસોડાનાં બારણા વચ્ચે જ ઊભી રહી) આજે તમે વહેલા આવી ગયા તે સારું જ થયું. હવે જરા તાજામાજા થઇને વ્હેલા બહાર જઇ શકાશે. આપણી પાડોશણ હમણાં જ મને કહી ગઇ કે તમારા મિત્ર સખાર સ્મર્ધાકોવ હમણાં કલાક પહેલાં જ ધક્કો ખાઇ ગયા! એ તમને ખાસ મળવા માંગે છે. તમારી સાથે ખાસ... ખાનગી વાત કરવી છે! તમે જરા તાજામાજા થઇને ઝટ પહોંચી જાવ, નિકોલાઇ! આમ આળસુની જેમ પડ્યા રહેવાની તમારી જનમજાત કુટેવી ક્યારે છૂટશે? આમને આમ તમે કરવાનાં કામ આઘાં ઠેલ્યાં કરો છો... બિચ્ચારો સખાર કેટલા ધક્કા ખાઇ ગયો...

**નિકોલાઇઃ** પેલાગેયા વ્લાસોવા! હું આખ્ખી સાંજ મારા મિત્ર સખાર સ્મર્ધાકોવ સાથે જ હતો.

**માઃ** (ચોંકતા) ઓહ! એમ વાત છે! પણ નિકોલાઇ, રસોડામાં તો બધો ગબડગચ્ચો પડ્યો છે... મેં હમણાં જ ઢગલો કપડાં ધોઇને સૂકવ્યાં છે...

[રસોડામાંથી ગૂસપૂસનો અવાજ સંભળાય]

**નિકોલાઈ:** (કાન માંડીને) હા... મારા કપડાં વળી ગપ્પાં મારતાં ક્યાંરથી થઇ ગયાં... (માના હાથમાંનું સમોવર બતાવતાં) ને મારા ખમીસને ચા પીવાની ક્યારથી આદત પડી?

**મા:** (હસી પડતાં) નિકોલાઇ... સાચ્ચું કહી દઉં? અમે લોકો ચા પીતાં પીતાં વાતો કરતાં'તા.

**નિકોલાઈ:** હં... એમ વાત છે...! કેવાં છે એ બધાં લોકો?

**મા:** તમને કદાચ એ લોકો સાથે નહીં ફાવે. એ બધાં તો બહુ ગરીબ... બહુ સાધારણ લોકો છે.

**નિકોલાઈ:** અચ્છા...! તો તમે વળી પાછું રાજકારણ હાંકવા માંડ્યું લાગે છે! પેલો બેકાર સોસ્તાકોવિચ પણ ટળ્યો હશે નહીં?

**મા:** હા, ને એની પત્ની પણ છે. એનાં કાકી, કાકા અને ભત્રીજો પણ અહીં જ છે. બધા બહુ હોંશીયાર લોકો છે... હોં! તમને એમની સાથે ચર્ચા કરવાની બહુ મજા આવશે.

**નિકોલોઇ:** પેલાગેયા વ્લાસોવા! મેં તમને ચોખ્ખેખચોખ્ખું નહોતું જણાવ્યું કે- મારા ઘરમાં રહેવું હોય તો રાજકારણ બિલકુલ નહીં ચાલે. હું બહારથી થાક્યો પાક્યો ઘેર આવું છું તો શું જોઉં છું? રસોડામાં રાજકારણ! મને સમજાતું નથી... પેલાગેયા...

**મા:** માફ કરજો, નિકોલાઇ! તમને મારે નિરાશ કરવા પડ્યા હોય તો. હું તો એ લોકોને પહેલી મે વિશે વાત કરતી હતી. એમને કશી જ ખબર નહોતી...

**નિકોલાઈ:** તમને રાજકારણમાં શી ગતાગમ પડે છે, પેલાગેયા... હું હમણાં જ મારા મિત્ર સખારને કહેતો'તો કે- સખાર! આ ધરતી ઉપર જો કોઇ અઘરામાં અઘરી વસ્તુ હોય તો એ રાજકારણ છે!

**મા:** જાણું છું. તમે બહુ જ થાકી ગયા હશો. પણ છતાંયે જો થોડો વખત કાઢી શકો તો તમે અમને ઘણું શીખવાડી શકો. અમે હમણાં જ વાત કરતાં'તા કે અમને તો હજું ઘણુંબધું નથી આવડતું. અરે... પહેલી મે વિશે પણ તમે કંઇક સમજાવો...

**નિકોલાઈ:** હં... પણ જુઓ, તમે તો જાણો છો કે પેલા બેકાર, રખડેલ સોસ્તાકોવિચ સાથે જીભાજોડી કરવાનો મને બહુ જ કંટાળો આવે છે. ખેર! બહુ બહુ તો તમને રાજકારણના પ્રાથમિક પાઠો શીખવી શકું! (રસોડા ભણી જતાં) લાવો, સમોવર લેતાં આવો ને બ્રેડ સાથે થોડું અથાણુંયે લેતા આવજો. આવો... અંદર... આવો...

[રસોડામાં જાય. મા આભી બની જાય. અંધકાર]

(૧)

**સમયઃ** મોડી સાંજ

**સ્થળઃ** રસોડું (નિકોલાઇનું ઘર)

[ રસોડામાં બીજું બધું જેમનું તેમ છે. એક કાળું પાટિયું છે. નિકોલાઇ ભણાવે છે. બધાં ભણે છે].

**નિકોલાઈઃ** (બધાં સામે નજર ફેરવી) અચ્છા... તો તમારે વાંચતા-લખતાં શીખવું છે, એમ ને? પણ મને હજુ એ નથી સમજાતું કે આજે, આટલી અવસ્થાએ પહોંચ્યા પછી તમારે ભણવાની શી જરૂર પડી? તમારા બધાંની તો ખાસ્સી ઉંમર થઇ છે. ખેર! હું તો મારાથી થાય એટલો પ્રયત્ન કરીશ. ઓછામાં ઓછું શ્રીમતી વ્લાસોવા ખાતર મારે એટલું તો કરવું જ પડે. ઠીક! લખવા માટે કંઇ લેતા આવ્યા છો કે નહીં? (બધાં કાગળ - પેન બતાવે) છે ને? હા, તો હું અહીં પાટિયા ઉપર ત્રણ ટચૂકડા શબ્દો લખીશ. ડાળી, માળો અને માછલી! શું કહ્યું! ડાળી, માળો અને માછલી.(લખે)

**માઃ** પણ શા માટે ડાળી, માળો અને માછલી જ! અમે હવે ઘરડાં થયાં. અમારે તો નવાં નવાં શબ્દો શીખવા જોઇએને?

**નિકોલાઈઃ** માફ કરજો, પણ રહી રહીને મને લાગે છે કે, તમે કોઇ ભેદી કારણસર ભણવાનું શરૂ કર્યું દે.

**માઃ** એવું શા ઉપરથી કહો છો? ચાલો, અમને બતાવો, પેલો શબ્દ કેવી રીતે લખાય? મજદૂર. એ શબ્દમાં અમારા સોસ્તાકોવિચને બહુ રસ પડશે.

**સોસ્તાઃ** હા... બાકી ડાળી-ફાળી જેવાં શબ્દો શીખવાની અહીં કોને પડી છે?

**માઃ** આપણો સોસ્તાકોવિચ અચ્છો લુહાર છે, હોં!

**નિકોલાઈઃ** પણ નવા શબ્દો શીખવા માટે પહેલાં મૂળાક્ષરો તો શીખવા પડે ને?

**કાકાઃ** પણ એ તો તમે 'વર્ગ સંઘર્ષ' જેવો શબ્દ લખીનેય શીખવાડી શકો.

**નિકોલાઈઃ** શીખવાડી શકું. પણ આપણે હંમેશા સહેલા શબ્દોથી શરૂઆત કરવી જોઇએ... નહીં કે... 'વર્ગ સંઘર્ષ' જેવા જોડાક્ષરોથી ભરપૂર, જડબાતોડ શબ્દથી. આ જુઓ, ડાળી... કેટલો નાજુક શબ્દ છે, નહીં? ને કેટલો સહેલો?

**સોસ્તાઃ** વર્ગસંઘર્ષ એના કરતાંયે સહેલો શબ્દ છે!

**નિકોલાઈઃ** સાંભળો ત્યારે, એ વર્ગસંઘર્ષ-ફંઘર્ષ જેવું કશું છે જ નહીં. આપણે મુદ્દાની વાત કરીએ.

**સોસ્તાઃ** મને લાગે છે કે તમારી પાસેથી મને કશું નવું શીખવા નહીં મળે... (ઊભો થતાં) જો તમે વર્ગસંઘર્ષ વિશે વાત કરવા ના માંગતા હો તો...

**માઃ** (એનો હાથ ખેંચીને બેસાડતા) સોસ્તાકોવિચ! તું અહીં લખતાં-વાંચતા શીખવા આવ્યો છું. એટલું થાય એ જ ઘણું. આ વાંચવું એ ય એક જાતનો વર્ગસંઘર્ષ જ છે ને?

**નિકોલાઈઃ** આ વળી શો બકવાસ છે? વાંચવું એ ય વર્ગ સંઘર્ષ? તમે કહેવા શું માંગો છો?

**માઃ** એનો અર્થ એ કે, જો અમે એકવાર લખતાં-વાંચતા શીખી જઇએ, તો અમારી પત્રિકાઓ અમે જાતે લખતાં થઇ જઇએ અને અમારે લાયક ચોપડીઓ પણ જાતે વાંચતા થઇ જઇએ. ને પછી વર્ગસંઘર્ષ માટે આગેવાની લેવા તૈયાર થઇ જઇએ.

**નિકોલાઈઃ** જુઓ, શિક્ષક તરીકેના મારા બાર-બાર વર્ષના અનુભવ પછી મારે તમને કહેવું જોઇએ કે- ખરું પૂછો તો આ બધું જ બકવાસ છે... વ્યર્થ... નિરર્થક... નક્કામું! આ પુસ્તકોય બકવાસથી ભરપૂર છે. એ તો માણસજાતને બગાડવા માટે જ પેદા કરવામાં આવ્યા છે. એક સીધો-સાદો ખેડૂત- જે ભણેલો કે સુધરેલો નથી... એ જ સાચો ને સારો માણસ હોઇ શકે.

**માઃ** ચાલો, અમને વર્ગ સંઘર્ષ લખી બતાવો. સોસ્તાકોવિચ, પેન બરાબર પકડજે, ભાર દઇને લખજે હોં- હાથ ધ્રુજી જશે ને તો કોઇનેય તારું લખેલું વંચાશે નહીં... તને પોતાનૈય નહીં...!

**નિકોલાઈઃ** (લખે છે) વ...ર્ગ... સં... ઘ... ર્ષ. જુઓ, સીધી લીટીમાં લખવાનું, લીટીની ઉપર અક્ષર ના જાય એનું ધ્યાન રાખવાનું, હાંસિયામાં લખશો તો નિયમનો ભંગ થયો કહેવાશે. (અટકીને-પ્રેક્ષકો તરફ તથા સ્વગત) પેઢી દરપેઢીથી જ્ઞાનનાં તો ખડકલાં થતાં ગયાં છે, ને પુસ્તકો પર પુસ્તકો લખાતાં ગયાં છે. ટેકનિકલ વિષયના જ્ઞાનમાં તો આજે આપણે સિધ્ધિની ટોચ ઉપર પહોંચી ગયા છીએ. પણ આ બધાનો શો અર્થ છે? આટલો બધો ગૂંચવાડો તો ક્યારેય નહોતો. આ બધ્ધું જ દરિયામાં પધરાવી દેવું જોઇએ. આ બધાં જ પુસ્તકો ને બધાં જ મશીનો ફેંકી દેવા જોઇએ પેલા કાળા સમુદ્રમાં- છો ને ડૂબી જતાં! ચાલો, આપણે જ્ઞાન સામે બંડ પોકારીએ. હું ઘણીવાર આમ નિરાશ થઇ જાઉં છું ત્યારે મને સવાલ થાય છે કે, આ તુચ્છ વિચારોની વચમાં... નહીં... નહીં... વિશ્વમાનવી માટે અસ્તિતત્વમાં આવેલ આ મહાન, અનંત, સનાતન વિચારોને પેલા વર્ગસંઘર્ષ સાથે શી લેવાદેવા હશે ભલા? (અન્ય મનસ્ક)

**સોસ્તાઃ** તમારા એ કહેવાતા મહાન વિચારો સાવ નક્કામાં હોય છે. તમારા જેવા હતાશ લોકો જ અમારા જેવાઓનું શોષણ કરતા હોય છે!

**માઃ** (આંખો કાઢીને) છાનોમાનો બેસને ભૈલા. નિકોલાઇ, મહેરબાની કરીને આ એક શબ્દ લખી બતાવોને- શોષણ.

**નિકોલાઈઃ** શું કહ્યું? શોષણ? એ શબ્દ માત્ર પુસ્તકોમાં જ જોવા મળે છે. તમને લાગે છે કે, મારા જેવા માણસો કદીયે કોઇનું શોષણ કરી શકે?! (લખે - શોષણ)

**સોસ્તાઃ** જ્યાં લગી તમને લૂંટનો ઝાઝો ભાગ નથી મળ્યો ત્યાં લગી તમે આવું જ કહેવાના!

**માઃ** (સોસ્તાકોવિચનો હાથ પકડી) જો, વર્ગસંઘર્ષનો ષ અને શોષણનો વચલો ષ સરખાં છે... જોયું?

**નિકોલાઇઃ** જ્ઞાન મેળવવાથી કંઇ જ વળવાનું નથી... કંઇ કહેતાં કંઇ જ નહીં! સારા માણસ બનવું, ભલમાનસાઇ કેળવવી એ જ જરૂરી છે.

**માઃ** તમારે જ્ઞાન ના આપવું હોય તો તમારી મરજી... પણ અમને તો મેળવવા દો. અમારા માટે જ્ઞાન જરૂરી છે.

[ નિકોલાઇ સિવાયના તમામ અને કોરસ સાથે ગીત શરૂ કરે]

જાગ્યાં ત્યાંથી સવાર, સાથી! જાગ્યાં ત્યાંથી સવાર!

આજે કલમ ઊઠાવો કાલે હશે હાથમાં ઝંડો;

અંધારાં અજ્ઞાનનાં ટળશે ઊગશે નવું સવાર, સાથી!

લખશું એકડે એક

જો કે પૂરતું નથી છેક!

લખશું ક-કા-કિ-કી

હજી તો ઘણું બધું છે બાકી!

શીખશું શોષણનો શ-ષ

જાણશું જીવનનો જ-જ

હજી નથી કંઇ મોડું સાથી, રહેવું ના લાચાર;

ઘડપણથી ગભરાવું શાને? ઝીલવો આ પડકાર?

આજે કલમ ઊઠાવો કાલે હશે હાથમાં ઝંડો;

અંધારાં અજ્ઞાનનાં ટળશે ઊગશે નવું સવાર, સાથી!

ભણશું - નિર્ધન, નિરાધાર ભણશું!

ભણશું - ભૂખ્યાં ને લાચાર ભણશું!

ભણશું - અમ ઘરકૂકડી નાર ભણશું!

ભણશું - બુઢ્ઢાં બુઝુર્ગવાર ભણશું!

ઘર નથી - ગભરાવું શાને?

ભણતર છે આધાર!

ટાઢે કંપવું થરથર શાને?

ભણતર અગનની ઝાળ!

અન્યા' સામે લડવા શોધશું પુસ્તક પાને સાર;

અક્ષર ઊકલે, બંધન તૂટે; ભણતર છે તલવાર!

આજે કલમ ઊઠાવો કાલે હશે હાથમાં ઝંડો;

અંધારાં અજ્ઞાનનાં ટળશે ઊગશે નવું સવાર, સાથી!

પૂછીશું - અચકાશું નહીં!

ઘેટાં થઇ અટવાશું નહીં!

જાતે જોશું, પંડે જાણશું;

ભોળાં રહીં ભરમાશું નહીં!

જે કંઇ મળે, ગણીને લેશું; ગણગણીને ચૂકવશું;

સાવ નજીવો લાગે તોય પ્રશ્ન થશે તો મુંઝવશું!

પૂછશું 'એ લોકો'નેઃ "પામ્યાં ક્યાંથી ચીજ હજાર?"

કાગળ, કલમ ને ચોપડીઓ તો બનવાનાં હથિયાર!

આજે કલમ ઊઠાવો કાલે હશે હાથમાં ઝંડો;

અંધારાં અજ્ઞાનનાં ટળશે ઊગશે નવું સવાર, સાથી!

પર્વત ભેદ્યા, દરિયા નાથ્યા,

પથ્થર ફોડી પાણી કાઢ્યાં;

શ્હેર સજાવ્યાં, ખેતર છલક્યાં,

મિલ-ફેક્ટરી મબલખ માલ!

આ જ હાથથી સરજી દુનિયા,

તોય અમે શાને બેહાલ?

અઢળક હિંમત, અજબ ખુમારી, શક્તિ અપરંપાર!

આટઆટલાં કામ આપણાં, ભણતાં તે શી વાર?!

સાથી! હવે કેટલી વાર?

સાથી! હવે થજો તૈયાર!

આજે કલમ ઊઠાવો, કાલે હશે હાથમાં ઝંડો;

અંધારાં અજ્ઞાનનાં ટળશે, ઊગશે નવું સવાર!

સાથી! જાગ્યાં ત્યાંથી સવાર ગણજો

જાગ્યાં ત્યાંથી સવાર...

**માઃ** બસ! આજ માટે આટલું પૂરતું છે! અમે હવે પહેલાંની જેમ એકસાથે બધું યાદ નથી રાખી શકતાં-અમારા સોસ્તાકોવિચની ઊંઘ ના બગડે એનોય અમારે વિચાર કરવો જોઈએને? નિકોલાઇ! અમે ખરેખર તમારો ખૂબ આભાર મારીએ છીએ. તમે અમને લખતાં-વાંચતાં શીખવીને ખૂબ જ મદદ કરી છે.

**નિકોલાઇઃ** તમારી વાત મને માન્યામાં નથી આવતી... ખેર, આપણે આવતા વર્ગમાં આ વિશે વધારે વાત કરીશું.

[ બધાં વિખેરાય, અંધકાર]

**(ઘ)**

**સ્થળઃ** નિકોલાઇનું ઘર - ઝારનો ફોટો ગાયબ છે.

**સમયઃ** સવાર.

[ મા ડ્રોઇંગ રૂમમાં બધું સમુંનમું કરી રહી છે. નિકોલાઇ ટેબલ પાસેની ખુરશી પર બેઠા બેઠા લખી રહ્યા છે. ઇવાનનો પ્રવેશ. હાથમાં પત્રિકાઓ છે]

**ઇવાનઃ** મા, હું તમને મળવા આવવાનો જ હતો. મારે તમને થોડી પત્રિકાઓ આપવાની છે. પાવેલનો કોઇ કાગળ-પત્ર!

**માઃ** ના, મને તો બહુ ચિંતા થાય છે.

**નિકોલાઇઃ** તમારે તમારા દીકરા જેવા માણસની ચિંતા કરવાની હોય જ નહીં.

**માઃ** કોણ જાણે શું કરતો હશે? શી વીતતી હશે એના ઉપર? કડકડતી ઠંડીમાં એ લોકો એને પૂરતું ખાવાનું આપતાં હશે કે નહીં? તમને ખબર છે- એ લોકો ત્યાં ધાબળા આપતા હશે? (ઘડીક અટકીને) ખરેખર, એના નામથી તો મારી છાતી ગજગજ ફૂલે છે! કેટલી બડભાગી છું હું? મારે તો એવો દીકરો છે કે જેની સૌ કોઇને જરૂર છે.

[ પ્રેક્ષકો તરફ જઇને કવિતા શરૂ કરે]

આમ તો અમે બે હતાં તે પૂરતું હતું,

કદાચ બીજું કોઇ ના હોત તો પણ ચાલે...

પણ એ... ?

એ ન હોય તો એની ખોટ તો ખૂબ જ સાલે!

એ?

એ તો જાતે જ લડે છે એની લડાઇ.

લડાઇ - રોજી માટેની, રોટી માટેની અને

રાજ્યસત્તા માટેની લડાઇ.

એ પ્રશ્નો પૂછે છેઃ 'એ લોકો'ની સંપત્તિ વિશે!

એ પડકારે છે : 'એ લોકો'ની લાયકાતને!

જ્યાં જ્યાં હોઠ સીવાયેલા છે ત્યાં ત્યાં

એ ખૂલે છે - બુલંદ અવાજ બનીને;

જ્યાં જ્યાં દમનનું સામ્રાજ્ય છે

અને પ્રારબ્ધવાદીઓનું રાજ્ય છે ત્યાં ત્યાં એ-

ગણી ગણીને બદલો લે છે.

એ જ્યારે હોય છે એકલો

ત્યારેય એનો અજંપો એની સાથે જ હોય છે!

ને કંપી ઉઠે છે ઓરડો

ધ્રૂજી ઊઠે છે ઘર!

એ લોકો જ્યારે એને શોધતા ફરે છે ત્યારે-

એની સાથે હોય છે - અજંપો, અશાંતિ,

ઉથલ-પાથલ;

એ લોકો જ્યારે હદપાર કરે છે એને-

ત્યારે પાછળ રહી જાય છે-

એનો અજંપો!

**ઈવાનઃ** (માને) જ્યારથી એ લોકોની ધરપકડ થઇ છે ત્યારથી જાણે ધરતી એમને ગળી ગઇ છે! કોઇએ એમને જોયા નથી. અરે, આંદોલનને પણ ઘણું સહન કરવું પડે છે; કેમ કે - પાવેલ જ એક એવો બિરાદર છે જેને ગામડાંના ખેડૂતોના સરનામા ખબર છે. એ ખેડૂતો આપણાં છાપાં નિયમિત વાંચતા'તા. અને મા! કામદારોની સાથે સાથે એ જમીનવિહોણાં ખેતમજૂરો અને ખેડૂતોને એકઠા કરવા ખૂબ જરૂરી છે.

**નિકોલાઈઃ** અલ્યા, એને માટે તો તમારે કેટલા બધા લોકોને મળવું પડે? તદ્દન અશક્ય છે. એક સો વીસ લાખ ખેડૂતો છે રશિયામાં. એ બધાંને એકઠા કરીને આ દેશમાં તમે ક્રાંતિ ક્યારેય નહીં કરી શકો. ક્રાંતિ તો પશ્ચિમવાળાંઓનું જ કામ. ખરેખરા ક્રાંતિકારીઓ તો જર્મનીમાં જ પાકવાનાં. જોજે, ક્રાંતિ તો એ લોકો જ કરવાનાં. હું મારા મિત્ર સખારને કાયમ કહેતો હોઉં છું... આપણાં છાપામાં વાંચવા જેવું છે જ શું?! (ઇવાન હસી પડે) કેમ? હસવું શેનું આવે છે?

**ઈવાનઃ** તમારું પેલું ઝારનું મસમોટું ચિત્ર ક્યાં ગયું? એના વગર તમારો ઓરડો ખાલી ખાલી લાગે છે!

**નિકોલાઈઃ** એ તો મને એમ કે... થોડો વખત એને આઘું મૂકું. રોજ એકની એક ચીજ સામે હોય તો કંટાળો ના આવે?!... પણ મારે તને એ પૂછવું છે કે- તમારાં છાપાંમાં નિશાળોની હાલત વિશે કેમ કશું લખતાં નથી?

**ઈવાનઃ** તમને કંટાળો આવતો હોય એટલા ખાતર જ તમે ચિત્ર અહીંથી ખસેડો એ વાતમાં માલ નથી!

**માઃ** જો જે... એવું તેવું ના કહીશ. નિકોલાઇને તો હંમેશા કંઇને કંઇ નવું જોઇતું જ હોય છે.

**ઈવાનઃ** એમ?

**નિકોલાઈઃ** તને જેમ લાગે તેમ. તું મને સાવ મૂરખ સમજે એ સારું નથી. મેં તને તમારા છાપાં વિશે પ્રશ્ન પૂછેલો.

**ઈવાનઃ** મને યાદ નથી નિકોલાઇ! તમે તમારા ઘરની ગોઠવણીમાં ક્યારેય કંઇ ફેરફાર કર્યો હોય. ને પેલા ચિત્રની ફ્રેમનાં તો તમે ખાસ્સા બધા રૂબલ ખર્ચેલા!

**નિકોલાઈઃ** તને જો એનો અફસોસ થતો હોય તો એ ચિત્ર હું પાછું લટકાવી દઇશ... બસ! તું મને હંમેશા મૂરખ માને છે... મૂરખનો સરદાર તો તું છે!

**ઈવાનઃ** મને નવાઇ લાગે છે... આવી ઉશ્કેરાયેલી ભાષા! ... અને ઝાર તરફનું તમારું આવું અવિનયી વર્તન! ખરેખર, મને ખૂબ જ નવાઇ લાગે છે! એવું લાગે છે કે જાણે તમે વિદ્રોહી બની ગયા છો! અરે... અરે... તમારી આંખો તો જુઓ... શી ચમક છે! મને તો તમારી સાથે નજર મિલાવતાંય ડર લાગે છે.

**માઃ** રહેવા દે હવે. મોટાભાઇને બહુ ખીજવીશ નહીં. એ તો બહુ હોંશિયાર માણસ છે. એમની વાતનું મહત્વ તારે સમજવું જોઇએ. આટઆટલાં વરસોમાં કેટકેટલાં બાળકો એમની પાસેથી કેટલું બધું શીખ્યાં છે? અને તું જાણે છે? એમણે તો અમનેય વાંચતાં-લખતાં શીખવી દીધું છે!

**ઈવાનઃ** હું આશા રાખું છું કે આ લોકોને શીખવતાં શીખવતાં તમેય કંઇક શીખ્યાં હશો, નિકોલાઇ!

**નિકોલાઈઃ** જરીકે નહીં. હું કંઇ જ નથી શીખ્યો! બિચારા આ લોકો હજી પણ માર્કસવાદ વિશે કેટલું ઓછું જાણે છે! શ્રીમતી વ્લાસોવા! મારો ઇરાદો તમને માઠું લગાડવાનો બિલકુલ નથી. હોં પણ માર્કસવાદ એ ખૂબ જ જટિલ વિષય છે. અરે, ભલભલા ભણેલાનેય ભૂ પાઇ દે એટલો જટિલ! ને મજાની વાત તો એ છે કે, એને મિઠાઇની જેમ ચગળી ખાનારાયે એનો કક્કો સુધ્ધાં નથી જાણતા હોતા. માર્કસવાદમાં આમ તો કશું જ વાંધાજનક નથી, જો કે... તોયે એમાં ઘણી જ તકલીફો તો છે જ. એના વિશે ઘણુંબધું કહી શકાય. અરે, કેટલીક ખાસ બાબતોમાં તો ખુદ માર્કસ પણ ગોથું ખાઇ ગયા છે. હું એ મુદ્દાઓ પર ઘણું ઘણું કહી શકું. જેમ કે... માની લઇએ કે... અર્થવ્યવસ્થા મહત્વની છે... પણ અર્થવ્યવસ્થા જ મહત્વની નથી... જો કે એનું મહત્વ ઘણું જ છે... પણ પછી સમાજવિજ્ઞાનનું શું! મારે કહેવું જોઇએ કે, શરીરવિજ્ઞાન પણ એટલું જ મહત્વનું છે. હું મારી જાતને હંમેશા પૂછતો હોઉં છું કે - માર્કસવાદમાં વિશ્વમાનવીની વાત ક્યાં છે? માણસ તો અનંત છે... સનાતન છે... અપરિવર્તનીય છે...!

**માઃ** (હળવેથી - ઇવાનને) એ થોડાઘણા તો જરૂર બદલાયા છે નહીં?

**ઈવાનઃ** હું તો મારા ભાઇને ખરેખર, ઓળખી જ નથી શકતો!

[ અંધકાર, સ્ક્રીન ઉપર વારાફરતી બે પ્રોજેક્શન આવે]

**પ્રોજેક્શન - 1** ત્વેરના પેલાગેયા વ્લાસોવાનું ‘રશિયન સોશ્યાલિસ્ટ ડેમોક્રેટિક પાર્ટી’નું મેમ્બરશીપ કાર્ડ.

**પ્રોજેક્શન - 2** **“ક્રાંતિ માટે જરૂર પડે ત્યારે શ્રમજીવીઓ જાતે જ શિક્ષણ મેળવી લે છે”**

**- લેનીન.**

## દૃષ્ય : 7

**સ્થળ :** જેલનો મુલાકાત ખંડ - વચ્ચે જાળી છે.

**સમય :** સવાર.

[મા જાળીની બહારની તરફ એકલી ઊભી છે]

**માઃ** (અર્ધસ્વગત) ચોકી પહેરો ખાસો કડક છે. પણ વાંધો નહીં આવે. જેમને જેમને અમારાં છાપાં પ્હોંચે છે એવાં ખેડૂતોના નામ-સરનામાં તો મારે મેળવવા જ પડશે. પણ ચિંતા તો એ છે કે એ નામ-સરનામાં મને યાદ કેમનાં રહેશે?

[ પહેરેગીર પાવેલને લઇને આવે]

**પાવેલઃ** કેમ છે, મા?

**પહેરગીરઃ** વચ્ચે જગા રાખીને બેસો. ડોશી, તું અહીં બેસ... ને એય તું ત્યાં! અને સમજી લો, રાજકારણ વિશે વાત કરવાની મનાઇ છે. (બંનેને જોઇ શકે એમ દૂર જઇને ઊભો રહે)

**પાવેલઃ** ઘર કેમ ચાલે છે?

**માઃ** ઠીક છે... બેટા!

**પાવેલઃ** એ લોકોએ તારી વ્યવસ્થા તો બરોબર કરી છે ને?

**માઃ** વેસોવચિકોવ માસ્તરને ત્યાં રહું છું.

**પાવેલઃ** એ તારી સંભાળ તો રાખે છે ને?

**માઃ** હા... તું કેમ છે?

**પાવેલઃ** મને તો ચિંતા થતી હતી કે એ લોકો તારી સંભાળ રાખતાં હશે કે નહીં?

**માઃ** તારી દાઢી ખાસ્સી વધી ગઇ છે!

**પાવેલઃ** (હસીને) હા... હું થોડો ઘરડો લાગું છું, નહીં?

**માઃ** હં...અરે, હું એકલી નહીં, અમે બધાં સ્મિલ્જિનની દફનવિધિમાં ગયાં હતાં. ત્યાંયે પોલીસે જબરી ધમાલ મચાવી ને બહુ બધાંને પકડી ગઇ.

**પહેરેગીરઃ** રાજકારણ નહીં... રાજકારણ નહીં!

**માઃ** લે વળી, આમાં રાજકારણ ક્યાંથી આવ્યું? આ તો ભૈ, જબરી મુસીબત! શું બોલવું ને શું ના બોલવું એની કેમ કરીને ખબર પડે?!

**પહેરેગીરઃ** ફરીથી આવી વાત કરી છે તો રવાના કરી દઇશ! આમેય તમારા જેવાંને કશી વાત કરવાની હોતી જ નથી. નકામાં દોડ્યા આવો છો. પાછળથી અમારે ભોગવવું પડે છે.

**પાવેલ:** તું ઘરની ‘આસપાસ’ મદદ કરે છે કે નહીં?

**મા:** હાસ્તો. આવતા અઠવાડિયે હું ને વેસોવચિકોવ ગામડે જવાનાં છીએ.

**પાવેલ:** કોણ? વેસોવચિકોવ માસ્તર?

**મા:** ના, ઈવાન!

**પાવેલ:** એ લોકો તને આરામ તો કરવા દે છે ને?

**મા:** હા… (ધીમેથી) અમારે પેલાં સરનામાં જોઈએ છે. (મોટેથી) મને તો તારા વિના જરીયે ગોઠતું નથી, પાવેલ!

**પાવેલ:** (ધીમેથી) ધરપકડ થઈ ત્યારે હું બધાં સરનામાં ગળી ગયો’તો. … થોડાંક જ યાદ છે…

**મા:** અરેરે પાવેલ… આવા દા’ડા જોવા પડશે એનો તો મને સપનેય ખ્યાલ નહોતો…!

**પાવેલ:** (ધીમેથી) પિરાગોવામાં લૂશીન…

મા: (ધીમેથી) ને કેપ્રિબ્નામાં…? (મોટેથી) તેં તો મારું જીવતર રોળી કાઢ્યું…

**પોવલ:** (ધીમેથી) સુલીનોવ્સ્કી…

**મા:** હું તો તારા માટે રોજ પ્રાર્થના કરું છું… (ધીમેથી) કેપ્રિબ્નામાં સુલીનોવ્સ્કી… (મોટેથી) આખી રાત ફાનસ પાસે બેઠી બેઠી આંસુડાં સારું છું… સા… વ… એ… ક… લી… ઠેઠ સવાર લગી…

**પાવેલ:** તોબ્રાયામાં તેરેક! (ધીમેથી)

**મા:** ને પેલો મૂઓ માસ્તર… એણેય હવે મારા નામના છાજિયાં લેવા માંડ્યાં છે… બસ ઘડીએ ને પડીએ… ડોશી તું આવી ને ડોશી તું તેવી…

**પાવેલ:** (ધીમેથી) આ લોકો પાસેથી બીજાં સરનામાં મળી જશે…!

**પહેરેગીર:** મુલાકાતનો વખત ખતમ!

**મા:** એક મિનિટ વધારે આલો તો સારું, સાહેબ! તમારી બહુ મહેરબાની થશે. હું તો બહુ મુંઝઇ ગઇ છું… અમે ઘૈડિયાં તો હવે સા… વ નકામાં! અમારા જેવાંને હવે ટાંટિયા ઘસડીને મરવા વિના બીજો ક્યાં આરો રહ્યો…? (ધીમેથી) પિરાગોવામાં લુશીન… (મોટેથી) અમારા દા’ડા તો ભરાઇ ગ્યા… હવે શું જોવાનું બાકી છે… જોયું-જાણ્યું બધીયે ગઇ ગુજરી થૈ ગૈ… (ધીમેથી) તોબ્રાયામાં સુલીનોવ્સ્કી… (પાવેલ માથું ધૂણાવી ના પાડે) હેં… ના… ના… કેપ્રિબ્નામાં સુલિનોવ્સ્કી… (જોરથી) હવે… અમારી… જીંદગી… શી…? ઠીક મારા ભૈ… અમારું બોલ્યુંયે હવે તો કોને ગમે… અમારે ને અમારાં છોકરાંવને હવે તો બારમો ચંદ્રમા… (ધીમેથી) તોબ્રાયામાં તેરેક! (મોટેથી) હવે તો કૈ મેળ નથી રહ્યો… ઠીક મારા ભૈ… હવે કાઢ્યાં એટલાં ક્યાં કાઢવાનાં છે… ?

**પહેરેગીર:** ચલો નીકળો હવે… બહુ થયું…! (નજીક આવી ઊભો રહે)

**પાવેલઃ** આવજે, મા!

**માઃ** આવજે... પાવેલ!

[ પહેરગીર માને લઇને જાય. પાવેલ પ્રેક્ષકો તરફ ઊભો રહી કવિતા બોલે]

**પોવલઃ** એ લોકો પાસે કાયદા છે, ફરમાનો છે, હુકમો છે. એ લોકો પાસે કોટડીઓ છે, કારાગારો છે. અને એમનાં 'ચાંપતાં પગલાં'ની તો વાત જ શી કરવી? એ લોકો પાસે જેલરો છે, ન્યાયાધીશો છે જેઓ-

તગડો પગાર લઇ જે કહો તે કરવા- છે તૈયાર.

સાચી વાત છે! પણ તેથી શું?

એ લોકો ખતમ થઇ જાય એ પહેલાં-

અને એ દિવસ હવે બહુ દૂર નથી.

એ લોકો ખતમ થઇ જાય એ પહેલાં-

એમને સમજાઇ જશે કે એમણે જે જે કર્યું

એ કેટલું નિરર્થક હતું!

એ લોકો પાસે છાપાં છે, છાપખાનાં છે જેનો ઉપયોગ-

એ લોકો આપણાં મોં બંધ કરવા કરે છે.

એમના નેતાઓની તો આપણે વાત જ નથી કરતા.

એ લોકો પાસે ધર્માચાર્યો છે, શિક્ષણાચાર્યો છે જે-

પોતાનાં તરભાણાં ભરવાં-

જે કહો તે કરવા- છે તૈયાર.

આમ જ હોય છે! પણ તેથી શું?

સત્યનો એ લોકોને આટલો બધો ડર કેમ લાગતો હશે, ભલા?

એ લોકો ખતમ થઇ જાય એ પહેલાં-

અને એ દિવસ હવે બહુ દૂર નથી,

એ લોકો ખતમ થઇ જાય એ પહેલાં-

એમને સમજાઇ જશે કે-

એમનું કર્યુંકારવ્યું કેટલું વ્યર્થ હતું!

એ લોકો પાસે-

ટેન્કો છે, તોપો છે, મશીનગન અને હાથબોમ્બ છે.

એમના બ્લેક જેકની તો આપણે વાત જ નથી કરતા.

એ લોકો પાસે પોલીસ છે, લશ્કર છે,

જેનાં સિપાઇઓ-

સાવ ઓછાં પગારેય જે કહો તે કરવા છે તૈયાર.

સાચી વાત છે! પણ તેથી શું?!

એ લોકોના દુશ્મનો-

શું એટલા બધા શક્તિશાળી છે કે જેથી-

એમને લાગે છે કે એમણે-

આપણને અટકાવવા જ પડે?!

જે હચમચી ગયું છે એને ટકાવવું જ પડે?!

પણ એક દિવસ એવો આવશે- જરૂર આવશે-

અને એ દિવસ આવવાને હવે ઝાઝી વાર નથી,

અને ત્યારે-

એમને સમજાઇ જશે કે આ બધું જ બધું

કેટલું નિરર્થક હતું! વ્યર્થ હતું!

અને પછી ભલેને એ લોકો આપણને અટકાવતાં પણ ત્યારે-

એમનું ધન કે એમની તોપો-

કશું જ કશું- એમને બચાવી નહીં શકે!

[અંધકાર. સ્ક્રીન ઉપર શોષિતોના વિવિધ પ્રકારના ઉત્પીડનને દર્શાવતો સ્લાઇડ-શો. એ પૂરો થતાં એક સૂત્ર વંચાય]

**'બતાવી દો કે તમે લડી શકો છો!'**

**(લેનીન નું મહિલાઓ માટેનું સૂત્ર)**

## દૃષ્ય : 8

**સ્થળઃ** ગામનો રસ્તો

**સમયઃ** ઢળતી બપોર.

[ મા કપાળ પર પથ્થર વાગ્યો હોય એ રીતે કપાળ દબાવીને રસ્તા પર બેસી પડેલી છે. જરાક કળ વળતાં ઊંચે વિંગ તરફ જોઇ પૂછે] [ બાજુમાં એક થેલી પડેલી છે].

**માઃ** કેમ અમને પથ્થર મારો છો?

**યેગોરઃ** (ગુસ્સામાં ધસી આવે. ખેડૂત છે) કેમ કે તમે હડતાળ તોડવા આવ્યા છો.

**માઃ** (બીજા ખૂણે જોતાં) ઓહ! તો પેલા લોકો હડતાળ તોડનારાં હતા? (જરી હસીને) પછી તો નાસી જ છૂટેને…?! પણ હડતાળ છે ક્યાં, ભાઇ?

**યેગોરઃ** સ્મિરનોવના ખેતરોમાં.

**માઃ** હડતાળ તમે લોકોએ પાડી છે? (પછી હસી પડતાં) હાસ્તો! નહીં તો આ ઢીમણું જ ના હોતને?.. પણ જો ભાઇ, હું હડતાળ તોડવા નથી આવી. હું તો ત્વેરથી આવી છું. અહીં એક કિસાન કાર્યકરને મળવા. એનું નામ છે- યેગોર લુશીન!

**યેગોરઃ** અરે, એ તો હું જ છુ.

**માઃ** (ટટ્ટાર થઇ - હાથ લંબાવી) હું પેલાગેયા વ્લાસોવા! (યેગોર હાથ મિલાવે) તમને અમારાં છાપાં-પત્રિકા આપવા આવી છું. તમે લોકો હડતાળ પર હશો એનો મને ખ્યાલ જ નહોતો. (ઢીમણું દબાવી) પણ હવે સમજી શકાય છે. તમે લોકો ખાસ્સી લડત આપી રહ્યાં લાગો છો.

**યેગોરઃ** માજી, માફ કરજો… આ ઢીમણું… માફ કરજો! … અમારી હડતાળની હાલત બહુ સારી નથી. હવે તો અમારી પાસે નથી પૈસા કે નથી ખાવાનું… આજે રાતે જ હડતાળ ભાંગી પડે એવું લાગે છે… આજુબાજુનાં ખેતરો સુધી કેવી રીતે પહોંચી વળવું એ જ મોટો સવાલ છે! આવતીકાલે હડતાળ તોડનારાંના ટોળેટોળાં અહીં આવી પહોંચશે. માલિકોએ એમને માટે ભૂંડ, વાછરડાં તો ક્યારનાંયે વધેરી રાખ્યાં છે.

**માઃ** વધેરવાનું કામ કોણ કરે છે?

**યેગોરઃ** જમીનદારનો કસાઇ. જમીનદારની પાસે માંસની દુકાન, બેકરી અને ડેરી ત્રણેય છે. સ્વાભાવિક રીતે એ ત્રણેયમાંથી એકેયમાં હડતાળ નથી.

**માઃ** કેમ? ત્યાં કારીગરો, મજૂરો કેમ હડતાળ પર નથી ઉતર્યાં?

**યેગોરઃ** એ લોકો શું કરવા હડતાળ પાડે? કાપ તો ખેતમજૂરોના પગાર પર આવ્યો છે.

**માઃ** મતલબ કે એમનો પગાર નથી કપાયો?

**ચેગોરઃ** પહેલાં કાપતા'તા… પણ આ વખતે નથી કપાયો.

**માઃ** તમે એ લોકો જોડે વાત કરી જોઇ?

**ચેગોરઃ** કંઇ ફરક નથી પડતો, માજી! અમારી વચ્ચે સરખામણી શક્ય જ નથી. પણે જુઓ! જુઓ, જમીનદારના રસોડાની ચીમનીમાંથી કેવો ધૂમાડો નીકળે છે?! હડતાળ તોડનારાં માટે માંસ રંધાઇ રહ્યું છે. અમે ખેડૂતો, ખેડૂતો છીએ ને એ કામદારો, કામદારો જ રહેવાના! આ રાંધનારો કસાઇ કોણ છે? કામદાર! અહીં નોકરી મળી એ પહેલાં એ ફેક્ટરીની કેન્ટિનમાં નોકરી કરતો'તો.

**માઃ** એનો મતલબ એ થયો કે એ તમારી હડતાળમાં સામેલ નહીં થાય કેમ? અને હડતાલ ચાલશે ત્યાં સુધી તમારે ભૂખે મરવું પડશે, નહીં?

**ચેગોરઃ** માજી, સવાલો પૂછીને ગૂંચવો મા! લાવો, પેલાં છાપાં આપો.

**માઃ** (થેલીમાંથી બે બંડલ કાઢીને આપે) લે, આ છાપાં ને આ પત્રિકાઓ!

**ચેગોરઃ** આ બાકીનાંનું શું કરશો? આપી દોને… બધાંયે!

**માઃ** ના હોં! બાકીનાં છાપાં તો જમીનદારના રસોડાનાં કામદારો માટે છે!

**ચેગોરઃ** (છેડાઇ પડતાં) પેલા કસાઇ માટે? એ શું કરે છે- એની એને પાકી ખબર છે. તમારી એક્કેય વાત એ સાંભળવાનો નથી. એ તો પોતે જે કરતો હશે… એ જ કરવાનો! જો એ એમ ના કરે તો ભૂખે મરે, સમજ્યા? આવા માણસોને તમે કશું નવું નહીં શીખવી શકો.

**માઃ** ભલેને એ બધુંયે જાણતો હોય… પણ એ જે કાંઇ જાણે છે તે જમીનદારના રસોડાની ચીમની બંધ કરવા પૂરતું નથી. જો, મારી વાત સાંભળ! હું પણ એક મજદૂર છું; ને એટલે જ કહું છું કે તમે લોકોએ મારા એક સાથી મજદૂર સાથે વાટાઘાટો કરી નથી, તે બહુ ખોટું કર્યું છે. તમે માની લીધું છે કે, એ નહીં માને! બીજી બધી વાત પછી… એકડે એકથી શરૂ કરો… ને યાદ રાખો કે એક જ કામદાર મળી જાય ને તોયે તે પૂરતું છે! ચાલ, હું એમને છાપાં આપી આવું. ચીમનીનો ધૂમાડો બંધ કરવામાં હજીયે કાંઇ મોડું નથી થયું! (ઉતાવળે ચીમની ભણી જાય)

**ચેગોરઃ** આ બાઇમાં છાંટોય અક્કલ નથી. આવા લોકોને વાસ્તવિકતાનું કંઇ ભાન હોતું નથી. ખેડૂતો, ખેડૂતો રહેવાના ને મજદૂરો, મજદૂરો જ!

[ અંધકાર. સ્ક્રીન ઉપર દાતરડું અને હથોડી બંને અલગ અલગ દેખાય. નીચે લખ્યું હોય- **'દાતરડું અને હથોડી'**]

## (ખ)

**સ્થળઃ** ચીમની નીચેનું રસોડું.

**સમયઃ** મોડી સાંજ.

[ શરૂઆતમાં કસાઇ રસોડામાં રાંધી રહ્યો છે. બે હડતાળ તોડનારા જમવા બેઠેલા છે].

**૧ઃ** (ઉશ્કેરાટથી) પોતાનો દેશ જ્યારે તકલીફમાં હોય ત્યારે એને છોડી જનારા... ઉંદરડા કહેવાય... ઉંદરડા!... આ હડતાળિયા... સાલા દેશદ્રોહીઓ છે...

**કસાઈઃ** (વચ્ચેથી જ) આ... પોતાનો દેશ... એટલે શું?

**૧ઃ** આ રશિયા છે... ને એ લોકો રશિયનો છે! રશિયા એ રશિયનોનો દેશ છે... સમજ્યો?

**કસાઈઃ** અં... હં... એમ વાત છે!

**૨ઃ** જેમનામાં આવી કોઇ ભાવના જ ના હોય... એમની સાથે માથાકૂટ કરવાનો કંઇ મતલબ જ નથી... (અટકીને-વચ્ચે)... આ માંસ જરા કાચું છે... એવાનાં તો સાલાઓના માથા જ ફોડી નાંખવા જોઇએ.

**કસાઈઃ** તદ્દન સાચી વાત.

૧ઃ આ ટેબલ... એ આપણી પિતૃભૂમિ છે... અરે, આ માંસનો ટુકડો પણ આપણી પિતૃભૂમિ જ છે...

**કસાઈઃ** હા... પણ એ જરા કાચો છે!

**૨ઃ** આ જે જગ્યાએ હું બેઠો છું ને... એ પણ આપણી પિતૃભૂમિ છે... અને તું પણ... આ પિતૃભૂમિનો જ પથરો છું... સમજ્યો...?!

**કસાઈઃ** પણ... હું યે... જરા કાચો જ છું હો!

**૧ઃ** માણસે પોતાની પિતૃભૂમિની રક્ષા કરવી જોઇએ...!

**કસાઈઃ** હા... પણ એ જો એની પોતાની હોય તો...!

**૨ઃ** અલ્યા!... તું તો પેલા નાલાયક ભૌતિકવાદીઓ જેવું બોલે છે!

**કસાઈઃ** (ઉશ્કેરાઇ જતાં) મને નાલાયક કહે છે, સાલા... (હાથમાંનો કડછો ઉગામીને મારવા દોડે છે. એ જ સમયે એની પત્ની માને લઇને પ્રવશે. માના ઢીમણાંમાંથી થોડું લોહી નીકળે છે.

**પત્નીઃ** આવો માજી... અહીં બેસો. હું તમને ઠંડા પાણીનું પોતું મૂકી આપું... ને હા, કૈંક ખાવ... તમને જરા કળ વળે. (પતિ તથા ૧-૨ને) પેલા લોકોએ આમને પથરો માર્યો.

**૧ઃ** હં... આ જ માજી હતાં... અમારી સાથે જ ગાડીમાંથી ઉતરેલાં.

**૨ઃ** આ બધ્ધા હડતાલના પ્રતાપ! અમને તો આમની બહુ જ ચિંતા થતી’તી.

**માઃ** ના... ના... ભાઇ! હવે તો થોડું ઠીક લાગે છે.

**૨:** પ્રભુનો પાડ માનો માજી.

**૧:** (ક્રોસની નિશાની કરતાં) ભગવાનનો આભાર.

**પત્નીઃ** સાવ નજીવા કારણે થઇને પેલાં જંગલીઓએ બચ્ચારાંનું માથું ફોડી નાંખ્યું. (વાસણમાં ઠંડું પાણી લાવતાં) આ એમનો ઘા તો જુઓ. (પોતું મૂકે)

**માઃ** (પ્રેક્ષકોને) વાહ! જે લોકો ખરેખર પથરાના દાવના હતા, તેમના તરફથી કેટલો બધો દિલાસો મળી રહ્યો છે!

**૧:** એ (જાહેરાત કરતો હોય એ રીતે) તો આ રહી એક રશિયન મહિલા, જેને રશિયાના કામદારોએ ઘાયલ કરી છે! (અટકીને) તમે મા છો?

**માઃ** હા, તો આરહી એક રશિયન માતા, જેને પથરા મારીને ઘાયલ કરવામાં આવી છે.

**કસાઈઃ** રશિયન પથરા! (પ્રેક્ષકોને) આવા લોકો માટે મારે રાંધે રાખવાનું છે! (માને) તમને એ લોકોએ પથરા કેમ માર્યાં?

**માઃ** કેમ કે એ લોકોને લાગ્યું કે હડતાળ તાડનારામાંની એક છું.

**કસાઈઃ** એટલે તમે એમ માનો છે કે, જે હડતાળ તોડે એને આપણે પથરા મારવા જોઇએ?

**માઃ** હાસ્તો વળી.

**કસાઈઃ** (ખુશ થઇને પત્નીને) અલી એ... આમને ખાવાનું આપ... ગરમાગરમ... બે ડીશ ભરીને... (માને) મારું નામ વાસિલ યેફિમોવિચ! (પત્નીને) ને એય... અંદરથી ટેણિયાનેય બોલાવતી આવજે... મારે એને આ બધું બતાડવું છે... (એનો મદદનીશ ટેણિયો આવે. સાથે સાથે કસાઇની પત્ની બે કટોરામાં સૂપ લાવી મા પાસે મૂકે) જો ટેણિયા, આ માજીને હડતાળને કારણે પથરો વાગ્યો છે. જો, માથામાં કેવો ઘા પડ્યો છે! જોયો? મેં હમણાં એમને પૂછ્યું કે ઘા કેમ પડ્યો? તો એમણે કહ્યું કે, એ લોકોએ મને હડતાળ તોડનારી માની લીધી! એટલે મેં એમને પૂછ્યું કે, જે કોઇ હડતાળ તોડે એમને આપણે પથરા મારવાના? ને તું માનીશ? એમણે શો જવાબ આપ્યો?

**માઃ** મેં કહ્યું, હાસ્તો વળી!

**કસાઈઃ** ને જેવો એમણે એ જવાબ આપ્યો કે, મેં મારી બૈરીને કહ્યું કે, લાવ, એમના માટે બે ડીશ ભરીને ગરમાગરમ સૂપ લાવ! (માને) પણ તમે ખાતાં કેમ નથી? સૂપ બહુ ગરમ છે? (પત્નીને) અલી એ, આટલું બધું ગરમ તે લવાતું હશે? બચારાનું મોં દઝાડી દેવું છે?!

**માઃ** (ડીશ આઘી ખસેડતાં) ના, વાસિલ યેફીમોવિચ! સૂપ કંઇ બહુ ગરમ નથી.

**કસાઈઃ** તો પછી તમે ખાતાં કેમ નથી?

**મા:** કેમ કે એ હડતાળ તોડનારાંઓ માટે બનાવવામાં આવ્યો છે.

**કસાઈ:** શું કહ્યું તમે?

**મા:** આ સૂપ હડતાળ તોડનારાંઓ માટે બનાવવામાં આવ્યો છે.

**કસાઈ:** આ તો વળી સાવ નવું જ અચરજ! આ તો ભૈ મજેદાર વાત લાગે છે! આનો મતલબ તો એ કે હું યે તે ઉંદરડો છું. પણ હેં? ઉંદરડો? શા માટે? કેમ કે હું આ હડતાળ તોડનારાંનો ટેકેદાર છું! (માને) બરાબરને? (પાસે બેસે) પણ તમે જ કહો... હડતાળ પાડવી એ ખોટું કામ નથી? ... કે પછી તમે એવું માનો છો કે એનો આધાર હડતાળ ક્યાં કારણથી પડી છે એના ઉપર છે? (મા હકારમાં માથું હલાવે) હં... એટલે એનો મતલબ એ કે... પગાર કપાવો જ ના જોઈએ. પણ આ જુઓ, આ સામે ઠેઠ પણે સુધી પહોંચતાં ખેતરાં દેખાય છે? એ બધ્ધાં ઓડેસાવાળા સ્મિર્નોફની માલિકીનાં છે- હવે કહો, એ શા માટે પગાર ના કાપે? (હડતાળ તોડનારાં સંમતિસૂચક માથાં ધૂણાવે) એ માલિક છે, પૈસા એનાં જ છે... હા... કદીક એ બે રૂબલ પગાર આપે છે ને કદીક વળી બે કોપેકેય આપે. એ તમને નહીં ગમતું હોય... હું જાણું છું. હવે જુઓ, ગયા વરસે શું થયું જાણો છો? ગયા વરસે મારોયે પગાર કપાયો'તો... ને મેં આ મારી બાયડીની સલાહ માનીને કશુંયે ના કર્યું! હવે સપ્ટેમ્બર આવશે એટલે વળી પાછો પગારકાપ આવશે જ! પણ અત્યારે એનો પસ્તાવો કરીને શું વળવાનું? પસ્તાવો... દગાખોરીનો પસ્તાવો! જેમનો પગાર કપાય છે એમની સાથેય દગાખોરી ને જે પગાર કાપે છે એની સાથેય દગાખોરી! મારે તો બેય બાજુ સરખી. (માને) તો તમે મારું ખાવાનું નહીં ખાવ એમને? હું આજ સુધી આવી જ સ્વમાની વ્યક્તિની વ્યક્તિની રાહ જોતો'તો. જે મને મારા મોં પર કહી શકે કે કોઈપણ સ્વમાની માણસ મારું ખાવાનું ના ખાઈ શકે. હવે મારો ઘડો ભરાઈ ચૂક્યો છે! આમ તો ક્યારનોય ભરાઈ ગયેલો... ખાલી એક ટીપું વધારે પડવાની જરૂર હતી. ને પછી ખતમ... બધ્ધું યે ભોંયભેગું! પણ વાસિલ યેફીમોવિચ! આમ ખાલી ગુસ્સો ને અસંતોષ કરવાથી કાંઈ ના વળે! દરેક વાતનું નક્કર ને વ્યવહારૂ પરિણામ તો આવવું જ જોઈએ. (હડતાળ તોડનારાંને) ભાગો... ભાગો અહીંથી... ને જઈને તમારા માલિકને કહેજો... હવેથી તમારાં ડોઝાં ઓડેસાનાં સૂપથી જ ભરે. સાલા ડુક્કરો! જાવ... જાતે રાંધી ખાજો... (બંનેને બોચીએથી પકડી ધક્કો મારે)

**પત્ની:** બસ, બસ, બહું થયું હવે.

**કસાઈ:** હું કારખાનાંની કેન્ટીનમાં કંઈ અમસ્તો નો'તો કૂટાતો! આ લોકોની વાહિયાત વાતો મારાથી કદી સહન નથી થતી. મેં તને ભલે કીધેલું કે, ચલ, ગામડે જતાં રહીએ. પણ અહીં આવીને શું જોયું? બીજો ઉકરડો! ઊલમાંથી ચૂલમાં! આ સાલા ઉંદરડાઓ માટે રાંધે રાખવાનું?

**પત્ની:** આપણે પાછા શહેરમાં જતાં રહીશું.

**કસાઈ:** હં... આ વિચાર સારો છે! (ઠાઠથી) જા, જઈને પેલી માજીની ટોપલી લઈ આય... ને ટેણિયા... પેલું મટન લેતો આય... ત્યાં જે કંઈ આપડું હોય એ બધું લેતો આય... અહીં તે સાલું કોને માટે રાંધવાનું?!

**પત્નીઃ** અલ્યા, પછી પસ્તાઇશ હોં... ભૂંડાં હાલ થશે.

**કસાઈઃ** (હડતાળ તોડનારાંને) ભાગો... નીકળો... મારી વા'લી પિતૃભૂમિની પૂંછડીઓ ના જોઇ હોય તો... જાઓ... અમે હડતાલ ઉપર છીએ... રસોડાનાં તમામ કામદારો હડતાળ ઉપર છે... આ ટેણિયો સુધ્ધાં! જાઓ... ભાગો... (બંનેને ધક્કા મારીને બહાર કાઢે) કસાઇ છું એટલે મને મોડી બત્તી થઇ... પણ હું કાંઇ સાવ ડુક્કર તો નથી જ! (પત્નીની કમરમાં હાથ નાંખી મા પાસે જાય) માજી જાવ, જેમણે તમને પથરા માર્યાં'તાં એમને જઇને કહો કે એમને માટે ગરમાગરમ સૂપ તૈયાર છે!

(પછી કસાઇ, પત્ની અને ટેણિયો માની આજુબાજુ નાચતાં ગીત શરૂ કરે)

લા લા વ્લાસોવા

ટ્રા લા વ્લાસોવા

(કોરસ ગીત ઉપાડી લે)

**કોરસઃ** વાહ વાહ વ્લાસોવા!

અમારી જરાક અમથી, સાવ ટચૂકડી વ્લાસોવા!

સાદી, સીધી, સાધારણ પણ એના વિના ચાલેના,

વાહ વાહ વ્લાસોવા

નાનાં કામ, નાજુક કામ,

ઝીણવટથી કરવાનાં કામ,

બહાદૂરી, વિશ્વાસની સાથે

પગલાં જ્યાં ભરવાનાં કામ!

એ જરૂર કરશે વ્લાસોવા...

લા લા વ્લાસોવા, ટ્રા લા વ્લાસોવા!

નથી એકલી વ્લાસોવા!

તું નથી એકલી વ્લાસોવા!

ત્વેર, મોસ્કો, તાશ્કંદ હો;

લિયોન, લંડન (કે)હોય ગ્લાસગો!

શાંઘાઈ કે હોય શિકાગો,

કે હોય પછી કલકત્તા...

તું નથી એકલી વ્લાસોવા!

ગામ ગામની વ્લાસોવા!

દેશ દેશની વ્લાસોવા!

આખા જગતની વ્લાસોવા;

ભલી બિરાદર વ્લાસોવા!

વાહ! બિરાદર વ્લાસોવા

લા લા વ્લાસોવા!

ટ્રા લા વ્લાસોવા!

[ ગીત પૂરું થતાં સ્ક્રીન ઉપર પહેલાં હથોડી અને દાતરડું અસલ સ્થિતિમાં દેખાય. પછી ધીરે ધીરે દુનિયાભરનાં કામદારો - ખેડૂતોના આંદોલનોનો કૉલાજ દેખાય]

## દૃષ્ય : 9

**સ્થળઃ** નિકોલાઇનું ઘર.

**સમયઃ** સાંજ.

[મા અને બે ક્રાંતિકારી મજદૂરો પત્રિકા છાપવા સાઇક્લોસ્ટાઇલ મશીન ગોઠવી રહ્યાં છે].

**નિકોલાઇઃ** (પ્રવેશતા) પેલાગેયા વ્લાસોવા! તમે અહીં મારા ઘરમાં છાપખાનું નહીં ચલાવી શકો. આંદોલન સાથેની મારી સહાનુભૂતિનો તમે ગેરલાભ ઉઠાવી રહ્યાં છો. સૈધ્ધાંતિક રીતે હું તમારી સાથે જ છું... પણ... આ તો હવે હદ થઇ ગઇ.

**માઃ** નિકોલાઇ! હું તો ધારતી'તી કે તમે અમારી સાથે જ છો. ભૂલી ગયા? છેલ્લા અંકમાં મજદૂરોની એકતા વિશેનો લેખ તો તમે જ લખી આપેલો!... ને હવે તમે કહો છો કે પત્રિકા છપાવી જ ના જોઇએ?!

**નિકોલાઇઃ** બરાબર છે... હું પત્રિકાઓના પક્ષે છું... પણ અહીં મારા ઘરમાં એ ના છપાવી જોઇએ!

**માઃ** (મશીન પર કામ શરૂ કરતાં) ભલે, અમે એની નોંધ લઇએ છીએ.(કામ ચાલુ રાખે)

**નિકોલાઇઃ** તે તોયે... આ તમે શું કરો છો, વ્લાસોવા?!

**મજૂર-૧ઃ** માના મનમાં એક વાત ઠસી જાય... પછી મગદૂર છે કોઇની કે એમને રોકે! એમ તો અમનેય કેટલાક વાંધા છે... પણ અમારુંયે ક્યાં સાંભળે છે! આઠ વાગ્યા સુધીમાં તો પત્રિકાઓ થઇ જ જવી જોઇએ.

**માઃ** હવેથી આપણે નકલો વધારી દેવી પડશે. એ લોકો પત્રિકાઓ જપ્ત કરવા માંડ્યાં છે! લોકો જ્યારે કઠોર બનીને બધી ગંદકી ને ભ્રષ્ટાચાર ચલાવી લેવાનો ઢોંગ કરતાં હોય છે, ત્યારે જ દમન વધી જતું હોય છે.

[નિકોલાઇ બબડતો બબડતો બીજા ખંડમાં જાય. છાપકામ ચાલતું રહે. અવાજ વધી જતાં નિકોલાઇ અકળાઇને બહાર ધસી આવે]

**માઃ** મશીન જરા વધારે અવાજ કરે છે, નહીં?

**નિકોલાઇઃ** મારો તો લેમ્પ ટેબલ પરથી ગબડી પડ્યો! જો આવા જ ગોરખધંધા ચાલવાના હોય તો હું તમને તમારાં આ ગેરકાનૂની ફરફરિયાં છાપવા જ નહી દઉં!

**માઃ** અમને ખબર છે, નિકોલાઇ! મશીન સાવ ખખડી ગયું છે.

**મજૂર-૨ઃ** એની નીચે કૈંક મૂકીએ તો બહુ અવાજ નહીં આવે, નિકોલાઇ, તમારી પાસે કૈં છે જે આની નીચે દબાવી શકાય?

**નિકોલાઇઃ** ના, મારી પાસે કાંઇ નથી!

**માઃ** (એકદમ) હાં... યાદ આવ્યું... આપણી પાડોશણ પાસે ગરમ કાપડાંના થોડા ટુકડા છે... હું એની પાસેથી લઇ આવું. જો... જો... હું બહાર જાઉં ત્યારે કશું છાપશો નહીં! (જાય)

**મજૂર-૧:** નિકોલાઇ! મહેરબાની કરીને એમના ઉપર ગુસ્સે ના થશો. અમે જ એમને અહીં લઇ આવેલા... વાંક અમારો જ છે. અમને એમ કે પોતાની રાજકીય સમજણ સાથેય એ અહીં શાંતિથી રહી શકશે. અમારે એમને ગેરકાયદે કામોમાં સંડોવવા નહોતાં... પણ એમને એના સિવાય ચેન નથી પડતું.

[ બારણે ટકોરા પડે. સૌ સાવધાન થઇ જાય. મશીન ક્યાંક સંતાડી દે. માસ્તર થોડા ડર સાથે બારણું ખોલે]

**પાવેલઃ** (બહારથી) પેલાગેયા વ્લાસોવા અહીં રહે છે? (નિકોલાઇ ડોકું હલાવી હા પાડે) હું પાવેલ વ્લાસોવ. (ઘરમાં પ્રવેશે).

**બધાંઃ** પાવેલ...

**પાવેલઃ** કેમ છો, બિરાદરો? (ઘરમાં નજર ફેરવતાં) મા કયાં છે?

**મજૂર-૨:** હમણાં આવશે. એ લોકો તારી પાછળ તો નથી પડ્યાને?

**પાવેલઃ** એમ જ છે... મારે આજે જ રાત્રે ફિનલેન્ડ ભાગી છૂટવાનું છે.

**મજૂર-૧:** આમ આવ... અહીં બેસી જા... આપણે માની ગમ્મત કરીએ.

[પાવેલને ઢાંકીને ટેબલ નીચે બેસાડે એટલામાં મા પ્રવેશે. માનું ધ્યાન ટેબલ નીચે જાય. કપડું આઘુંપાછું કરે. પાવેલને જોઇને ખુશ થતાં,

**માઃ** પાવેલ! (પાવેલ ઊભો થઇ માને ભેટી પડે) અરે... કેટલો સૂકાઇ ગયો... આ છોકરો તો જાડો થવાને બદલે સૂકાતો જ જાય છે... મને ખબર જ હતી કે તું બહુ દિવસ નહીં ટકે. કેવી રીતે નાસી છૂટ્યો? અહીં ક્યાં સુધી રોકાવાનો છે?

**પાવેલઃ** આજે રાત્રે જ ફિનલેન્ડ જવું પડશે, મા.

**કામદાર-૧:** મા... પેલું કપડું મળ્યું? (પાવેલને) અમારે આઠ વાગ્યા સુધીમાં પત્રિકાઓ છાપીને તૈયાર રાખવાની છે.

**પાવેલઃ** તો પછી છાપવા માંડોને...

**માઃ** (આંખમાં ચમક સાથે) ચલો છાપી નાંખીએ... પછી નિરાંતે બેસાય. (મશીન ગોઠવતાં કામદારો તૈયારી કરે)... તમે જાણો છો?.. પાડોશણ માર્કાએ તો મારું મોઢું જ તોડી લીધું. કેમ? જાણો છો? એ કપડાંમાંથી એને એના છોકરાં માટે કોટ સીવવા'તા. મેં કહ્યું, ''માર્કા! મેં હમણાં જ તમારા છોકરાંઓને કોટ પહેરી નિશાળેથી પાછાં ફરતાં જોયાં''. તો એ તાડૂકી, ''કોટ? તમે એને કોટ કહો છો? એ તો ચીંથરાં છે... ચીંધરાં... થીગડાં મારેલાં ચીંથરા!'' મેં કહ્યું, ''માર્કા! આપણે તો આમ ચીંથરેહાલ જ રહેવાનું છે. કાલ સવાર સુધી મને તારું આ

ગરમ કપડું આપે તો?... તારાં છોકરાં માટે રૂપાળાં કોટ બનાવવા કરતાં મને આપીશ તો એનો વધારે સારો ને ઉમદા ઉપયોગ થશે!"... પણ માને મારી બલા!... એના જેવી હઠીલી બાઇ આજ લગી મેં બીજી નથી જોઇ! એણે તો ધરાર ના આપ્યું. બે કોપેક આપવાની લાલચ આપી તોયે નહીં ને... (પોતાનાં કપડાં નીચેથી કાપડના ટુકડા કાઢી મશીન નીચે ગોઠવે)

**નિકોલાઇ:** તો પછી આ શું છે, પેલાગેયા વ્લાસોવા!?

**મા:** ગરમ કપડું... બીજું વળી શું હોય?.. (બધાં હસી પડે)

**મજૂર-૨:** તો પછી પેલી બિચારીને ભાંડો છો... શું કરવા?

**મા:** એણે મારી પાસે ચોરી કરાવી એટલે. આપણને આના વિના છૂટકો જ ન્હોતો... પછી બીજું થાય પણ શું? આપણી પત્રિકાઓ એના ને એના છોકરાંઓના ભલા માટે જ છપાય છે... ને...?!

**મજૂર-૧:** (અદાથી) ક્રાંતિ વતી, આ ગરમ કાપડ બદલ અમે આપનો હાર્દિક આભાર માનીએ છીએ, પેલાગેયા! (બધાં હસે)

**મા:** (કામ ચાલુ કરતાં) કાલે સવારે એને પાછું આપી આવીશું. (પાવેલને) તારે કાંઇ ખાવું છે?

**મજૂર-૨:** પણ પછી આ પત્રિકાઓ કોણ છાપશે?

[ પાવેલ માને બેસવાનો ઇશારો કરે. મા છાપવા માંડે. પાવેલ રસોડામાં જઇ ખાંખાખોળાં કરે)

**મા:** (મોટેથી) જો, પેલા કબાટના નીચલા ખાનામાં બ્રેડ છે ને જમણે હાથે છરી પણ પડી છે... કાપી લે...

**પાવેલ:** મારી ચિંતા ના કરતી મા... સાઇબિરીયામાંયે બ્રેડનો ટુકડો શોધી કાઢું એવો છું.

**મા:** સાંભળ્યું તમે?.. બધ્ધો વાંક મારો જ છે... હું જ એનું ક્યાં ધ્યાન રાખું છું... (પાવેલને) તારે માટે હું શું કરી શકવાની.

**પાવેલ:** (બ્રેડ કાપીને ખાતાં) ક્રાંતિકારી પાવેલની મા પત્રિકાઓ છાપે છે!

**કોરસ:** (પ્રવેશતાં) એને ક્યાં પાવેલની ચિંતા છે?... સહેજે નહીં ને!... એ એને ચા બનાવી આપે છે? અંહ...! એને ન્હાવાનું પાણી કાઢી આપે છે?.. ના રે! એને તાજોમાજો વાછરડો વધેરી આપે છે?... ના... ના... ના... ! પાવેલ તો સાઇબિરીયાથી ફિનલેન્ડ ભાગી છૂટશે!... ઉત્તરના વાયરાઓએ એના હાડને થીજાવી નાંખ્યા છે... વરૂની કારમી ચીસો હજીયે એના કાનમાં પડઘાતી રહે છે... માથું છૂપાવવા એને ખૂણોય નથી જડતો... આ કારખાનું તો ક્યાં સુધી?... એના વાંકડિયા ઝૂલ્ફા પંપાળવાને બદલે... એની મા તો પત્રિકાઓ છાપે છે!

**મા:** પાવેલ! ચાલ જરા મને મદદ કરાવ. (પાવેલ આવીને સામે બેસે) બેટા...! તારા ઉપર બહુ વીતી?

**પાવેલઃ** ટાઇફોઇડનો રોગચાળો ફેલાયો ત્યાં સુધી!

**માઃ** તારાથી બરાબર ખવાતું'તું?

**પાવેલઃ** કાંઇ ખાવા મળે તોને…!

**માઃ** હવે તું ક્યાં જવાનો? બહુ દિવસ થવાના?

**પાવેલઃ** ના, જો તું આમ જ અહીં કામ કરતી રહીશ તો…

**માઃ** તું પણ અહીં કામ કરાવીશ?

**પાવેલઃ** હાસ્તો… આયે એટલું જ મહત્વનું છે… જેટલું પેલું!

[ બારણે ટકોરા પડે. એક મજૂર બારણું ખોલે]

**સોસ્તાઃ** (પ્રવેશતાં) જલ્દી કર પાવેલ… તારે હમણાં ને હમણાં જ નીકળવું પડશે. લે, આ તારી ટિકીટ. કોમરેડ યશાયા સ્ટેશન ઉપર તારી રાહ જોતાં હશે. તારો ફિનલેન્ડનો પાસપોર્ટ એમની પાસે છે.

**પાવેલઃ** (ઊભો થતાં) અરે… મને એમ કે થોડો સમય તો મળશે. ખેર… ચાલો ત્યારે…

**માઃ** (પાવેલને કોટ પ્હેરાવતાં) ચાલ, હું તને નીચે સુધી મૂકવા આવું.

**સોસ્તાઃ** ના મા, પાવેલ જોખમમાં મૂકાઇ જશે. અહીં બધાં તમને ઓળખે છે… એને કોઇ નથી ઓળખતું.

**પાવેલઃ** સારું મા, ફરી મળીશું.

**માઃ** ફરી?… આશા રાખું કે તું ફરી મળે ત્યારે તને કૈંક ખવડાવી શકું.

**પાવેલઃ** (નીકળતાં)… આવજો… બિરાદરો…!

[મા પાછી આવી પત્રિકાઓ છાપતાં છાપતાં પ્રેક્ષકો સામે નજર કરી કવિતા શરૂ કરે]

**માઃ** તમે ઘણીવાર સાંભળ્યું હશે કે,

માતાઓ પોતાના દીકરાને કેટલી જલ્દી ગુમાવી બેસતી હોય છે…

પણ મેં,

મારા દીકરાને સાચવી રાખ્યો છે!

કેવી રીતે સાચવ્યો છે… જાણો છો?

એક ત્રીજાની મદદથી, અને એ ત્રીજો છે-

સમાન હેતુ! એક સમાન હેતુ!

હું ને પાવેલ બે હતા, ને ત્રીજો આવ્યો હેતુ-

એક સમાન હેતુ!

એ અમને એકબીજાની નજીક લાવ્યો, ને-

અમે બે હતા તે એક થયા!

મેં કેટલા બધા દીકરાઓને પોતાના મા-બાપ સાથે-

વાતો કરતાં સાંભળ્યા છે.

પણ અમારી વાતો?

કેવી મજાની! સાવ નોખી!

વાતો-

પેલા ત્રીજા વિશે! પેલા હેતુ વિશે-

જે અમારી વચ્ચે સમાન હતો!

અમે એકબીજા સાથે કેટલી નીકટતા અનુભવતાં’તા-

આ હેતુને લીધે!

અમારી વચ્ચે કેટલો મનમેળ હતો- આ હેતુને લીધે!

હેતુ-

સમાન હેતુ!

હું, મારો દીકરો ને અમારો સમાન હેતુ!

[ અંધકાર. સ્ક્રીન પર સૂત્ર ચમકે]

**‘‘સ્ત્રીઓએ પોતાની ઘરેલુ માનસિકતા છોડીને,**

**ક્રાંતિમાં જોડાવું જ પડશે’’**

**- લેનિન.**

## દ્રષ્ય : 10

**સ્થળ:** એક દુકાન

**સમય:** બપોર

[ સ્ટોરમાં બે મજદૂર સ્ત્રીઓ ખરીદી કરી રહી છે. એક સ્ત્રીના ખભા પર / કેડમાં નાનું બાળક છે દુકાનદાર પણ સ્ત્રી જ છે]

**સ્ત્રી:** (કેડમાં બાળક સાથે) બોલો બેન! બધું થઇને કેટલાં થયાં?

**દુકાનદાર:** સૉસેજનાં પાંચ... લોટના બાર, મુરબ્બાના દસ, વીસ ચાના ને બે કોપેકની દીવાસળી... બધું મળીને ઓગણપચાસ કોપેક થયાં.

**સ્ત્રી-૧:** (બાળકને) લે સાંભળ ઇલ્યા, ઓગણપચાસ કોપેક! ને હજી તારો કોટ તો લેવાનો બાકી જ છે! (બીજી સ્ત્રીને) આને કાયમ શરદી રહે છે.

**સ્ત્રી-૨:** કેવો સુકલકડી છે!... પછી શરદી તો થાય જ ને? આવા બરફમાં તમે એને કોટ વગર ઘરની બ્હાર રમવા-ફરવા કેમ દો છો?

**સ્ત્રી-૧:** (નિસાસો નાંખતા) શું કરું? વીસ જ કોપેક બચ્યા છે, બાઇ! એટલામાં તે કંઇ કોટ આવતા હશે?

[ દુકાનદાર સ્ત્રી ખાનાંમાંથી સાધારણ લાગતાં કોટ કાઢીને બતાવે]

**સ્ત્રી-૧:** હા... આ તો ખાસ્સા મજાના છે... આ એને બરોબર થઇ રહેશે. પણ પેલો... એ જો કે સસ્તો પડે... પણ બહુ ગરમ નથી લાગતો... તોયે ખાસ ખોટો નહીં... અસ્તરવાળો કોટ સૌથી સારો!

**દુકાનદાર:** પણ એની કિંમત વધારે છે.

**સ્ત્રી-૧:** કેટલાનો છે?

**દુકાનદાર:** સાડા પાંચ રૂબલ.

**સ્ત્રી-૧:** ના બાઇ, એટલા ના પોસાય... મારી પાસે એટલા પૈસા જ નથી.

**દુકાનદાર:** કંઇ ખાસ મોંઘો ના કહેવાય! (બીજી સ્ત્રીને) બોલો, બેન તમારે શું જોઇએ?

**સ્ત્રી-૨:** અડધો કિલો ખીમો...

**સ્ત્રી-૧:** તમને ખબર છે? થોડાં અઠવાડિયાં પહેલાં મુરાતોવે ફેક્ટરીમાં કામદારોનો પગાર કાપી લીધો!

**મા:** (એકદમ ટપકી પડતાં) ને મેં સાંભળ્યું છે કે કામદારોએ કોઇ વિરોધ ના કર્યો...

**સ્ત્રી-૧:** પણ મુરાતોવે ફેક્ટરી બંધ કરી દેવાની ધમકી આપી…! પછી શું થાય?.. મારે જો ઓછો પગાર ને બેકારી વચ્ચે પસંદગી કરવાની આવે તો… હું ઓછો પગાર જ પસંદ કરુંને?!

**મા:** (બાળકને) ઇલ્યા, સાંભળ્યું તેં? આપણે હંમેશા જે નાનું દૂષણ હોય એને જ પસંદ કરવું! મુરાતોવે જ્યારે તારા બાપને ઓછો પગાર આપ્યો ત્યારે એમને માટે પણ એ નાનું દૂષણ જ હતુંને?! એ હવે તારા બાપને કાઢી મૂકવાને બદલે કે પછી વધારે પગાર આપવાના બદલે, ઓછો પગાર જ આપશે! ઇલ્યા, જાણે છે? મુરાતોવે નફો કરવો હોય તો તારા બાપુનો પગાર કાપવાનો જ! આપણી ગરીબી એ એ લોકોનો નફો છે! હા, તારા બાપુ કામે ના જાય તો પગાર ના કપાય! પણ… પછી તારા કોટનું શું થાય? વીસ કોપેકમાં કંઇ કોટ મળે? ને તારે કોટ તો જોઇએ જ ને… (મા બોલતાં બોલતાં દુકાનના દરવાજે નમૂના માટે લટકાવેલો કાગળનો કોટ ઉતારીને ઇલ્યાને બતાવતાં) જો… તારે આવો કોટ ચાલશે?

**દુકાનદાર:** માજી, એ કોટ હતો ત્યાં મૂકી દો જોઇએ!

**મા:** અરે, આ તો જરા ગમ્મત!

**સ્ત્રી-૨:** આટલા નાનાં બાળકની ઠેકડી?

**મા:** ઠેકડી ઇલ્યાની કોણ કરે છે?… હું કે મિસ્ટર મુરાતોવ?… કે પછી આ કોટનો બનાવનારો? ઇલ્યાને વીસ કોપેકમાં કોટ જોઇતો'તો તે મેં એને આપ્યો - એમાં ઠેકડી શાની? (સ્ત્રી-૧ને) શું…? શું કહ્યું?.. ગરમ કોટ જોઇએ? તે એમ બોલને મારી બઇ કે એને ગરમ કોટ જોઇએ છે!…

**દુકાનદાર:** માજી, હું આ બાઇને ગરમ કોટ મફતમાં નથી આપતી, એ મારો ગુનો છે… એમ તમે માનો છો?

**સ્ત્રી-૧:** ના રે બાઇ… મારે કંઇ મફત નથી જોઇતો…! મને ખબર છે, એમાં તમારો શો વાંક?

**સ્ત્રી-૨:** માજી, કહો હવે, એમાં દુકાનદારનો શો વાંક?

**મા:** ના, વાંક તો ખાલી આ ઇલ્યાનો જ છે!

**સ્ત્રી-૧:** જે હોય તે… મને આવા કોટ ના પોસાય…!

**દુકાનદાર:** ના પોસાતો હોય તો ના ખરીદશો…

**મા:** હં… આ બરાબ્બર છે, ઇલ્યા!… કોટ જો મોંઘો હોય તો તારે એની કંઇ જરૂર નથી… સમજ્યો?

**સ્ત્રી-૧:** (નિરાશા - મુંઝવણ સાથે) મારી પાસે વીસ કોપેકથી એક પૈસોયે વધારે નથી… હું શું કરું…? (દુકાનદારની આંખમાં ઝળઝળિયાં આવે)

**સ્ત્રી-૨:** હું આ ડોશીને ઓળખું છું… એ આમ જ બધે ફરતી ફરે છે… ને લોકોને ઉશ્કેર્યા કરે છે!

**સ્ત્રી-૧:** (દુકાનદારની નજીક જતાં) એમાં તું શું કરે, બેન?! કોટ બનાવનારને તો પૈસા મળવા જ જોઇએ ને?!

**મા:** પણ આ ક્યાં કોટ છે?... ને પેલા?...એ બધાંયે ક્યાં કોટ છે?... આ તો બધ્ધો માલ છે... માલ!... ને આ આખોયે વેપલો છે... વેપલો! કોટ બનાવનારને બધાંને કોટ મળી રહે એની કંઇ પડી નથી...! એને તો વેપલો કરવો છે... ને નફો કમાવો છે!... હવે જો કોટ બનાવનારને નફો જ કરવો હોય તો ઇલ્યા જેવાં બાળકો કદી કોટ નહીં પામવાનાં! જેમ પેલા મુરાતોવને ફેક્ટરીમાં નફો કરવો હોય તો તારા ધણીનો પગાર કપાવાનો જ... એવી જ રીતે કોટવાળાનેય જો નફો જ કરવો હોય તો કોટ તો મોંઘો રહેવાનો જ!

**સ્ત્રી-૧:** પણ મારી પાસે તો વીસ જ કૉપેક રહ્યાં છે.

**મા:** એટલે જ કહું છું કે આ કબાટો ભરીને પડેલાં કોટમાંથી એક્કેય તારા ઇલ્યાને નહીં મળે... ને એ કારણે જ હું કહેતી'તી કે આ કોટ તારે માટે બહુ સારો... (ફરીથી કાગળનો કોટ બતાવે) ઇલ્યા... આ કાગળનો કોટ તારે માટે નાનું દૂષણ છે! ગરમ કોટ ના મળે તો નાનું દૂષણ ચાલી જાય...! લે, આ ખોટુંકલો કોટ પ્હેર ને નીકળી પડ બહાર! ને બરફને કહે કે... તારી સંભાળ રાખે... મુરાતોવ કંઇ તારી સંભાળ નથી રાખવાનો!... પછી... હવે તો આ કોટ જ એક ઉપાય છે! ઇલ્યા... તારો કોટેય ખોટુંકલો છે ને તારા મા-બાપેય ખોટાં છે! એ લોકોને તારા માટે કોટ કેવી રીતે લઇ શકાય એની કંઇ ખબર જ નથી!... હવે જા... જઇને પેલા બરફના તોફાનને કહે કે- અહીં જ વરસે... કારણ કે... અહીં તો એયને કબાટ ભરીને કોટ પડ્યાં છે.

[ **અંધકાર. સૂત્ર પ્રોજેક્ટ થાય**]

**'' બતાવી દો કે તમે લડી શકો છો'' .**

**- લેનિન.**

[સૂત્ર ઉપર જ કૉલાજ શરૂ થાય. દુનિયાભરની હાટડીઓ, દુકાનો, મોલ્સ, શોપિંગ સેન્ટર્સ, શેરબજારો વગેરે] .

## દૃશ્ય : 11

**સ્થળઃ** નિકોલાઇ વેસોવચિકોવનું ઘર.

**સમયઃ** બપોર.

[મા ઓરડાની વચ્ચોવચ ઊભી છે. આજુબાજુ ઊભેલું કોરસ કવિતા બોલી રહ્યું છે] .

**કોરસઃ** બિરાદર વ્લાસોવા!

તારા દીકરાને એ લોકોએ ગોળીએ દીધો છે!

એ લોકો, જ્યારે એને મારવા માટે

દિવાલ તરફ લઇ ગયા, ત્યારે એ દિવાલ-

એના જેવા જ માણસોની બનેલી હતી!

ને એના જેવા જ માણસોએ એની છાતી સામે-

બંદૂકો તાકી હતી!

એ લોકો અહીંના હોત કે ત્યાંના...

પણ એની આંખો-

એ લોકોના હાથે થયેલ કૃત્યને કદી ભૂલી નહીં શકે!

અરે, જેમણે એની સામે ગોળીઓ છોડી, એ લોકોય-

કંઇ એના કરતાં જુદા ન હોતા;

કે એવાયે નહોતા કે-

ક્યારેય કંઇ શીખી જ ના શકે!

ને છતાં;-

એ લોકો જ એને સાંકળે બાંધીને લઇ ગયા;

એના ભાઇઓ જ એને દિવાલ ભણી દોરી ગયા.

એ લોકો જ્યારે એને લઇ જતા હતા ત્યારે-

એણે શું જોયું?

ગીચોગીચ કારખાનાં... ચીમનીનાં ભૂંગળાં...

સવારનો પ્હોર હતો - કામે જવાનો એમનો રોજીંદો સમય હતો,

ને છતાંયે - એ કારખાનાં-

ખાલીખમ્મ હતાં!

પણ ત્યાં જ એને દેખાયું કે-

કારખાનાં તો ઊભરાતાં જાય છે, છલકાતાં જાય છે...

કોઇ અપાર, અદૃષ્ય શક્તિથી!

એવી શક્તિથી-

જે ક્ષણેક્ષણ નક્કર થતી જાય છે...

પોલાદી બનતી જાય છે...!

[દૃષ્ય દરમિયાન ક્રમશઃ તખ્તા પર આજુબાજુનો પ્રકાશ ઘટતો જાય. અંત સુધીમાં માત્ર માના ઉપર તેજ પ્રકાશ. કવિતા પૂરી થતાં મા સ્વસ્થ થઇ ગઇ છે અને 'લાલ સલામ'ની મુદ્રામાં સ્થિર. ત્યારબાદ ઘડીક અંધકાર. ફરી પ્રકાશ થાય ત્યારે મા ચોપડીઓથી ખડકાયેલા ટેબલ પાસે ખુરશી પર બેઠી છે અને તલ્લીનતાથી એક પુસ્તક વાંચી રહી છે. તખ્તાના એક ખૂણે ત્રણ સ્ત્રીઓ પ્રવેશે. એકના હાથમાં બાઇબલ છે, એકના હાથમાં ખાવાનાની ટોકરી]

**સ્ત્રીઓઃ** પાવેલ વ્લાસોવ જ્યારે ફિનલેન્ડ તરફ ભાગી રહ્યો હતો ત્યારે જ એ લોકોએ એને પકડ્યો અને ગોળીએ દીધો. શ્રીમતી વ્લાસોવા સાથેના અમારા બધા ઝઘડા ભૂલીને સારા ખ્રિસ્તીની જેમ અમે એમને દિલાસો આપવા જઇએ છીએ. એ બાઇને કશામાં શ્રધ્ધાં નથી એટલે આ આવડી મોટી આફતમાં એને ભાગ્યે જ હૈયાધારણ મળતી હશે.

[ત્રણે ઓરડામાં પ્રવેશે. મા પુસ્તક મૂકી ત્રણેને નમન કરી આવકારે]

**વેરાઃ** આ દુઃખની ઘડીઓમાં તમે કાંઇ એકલા નથી હોં... આખો મહોલ્લો તમારા દુઃખમાં ભાગીદાર છે! (જોરથી હીબકાં ભરે. તેની બાજુમાંની ગ્રામીણ સ્ત્રી પોક મૂકે. પછી ત્રણેય માની નજીક બેસી જાય. મા રસોડામાં જઇ સમોવર અને ત્રણ ગ્લાસ લાવી એમને ચા આપતાં કહે).

**માઃ** લો, થોડી ચા પીઓ, તમને ઠીક લાગશે.

**વેરાઃ** તમે તો બહુ સ્વસ્થ લાગો છો, વ્લાસોવા.

**ગામડીયણઃ** વાતેય સાચી છે ને બાઇ! બધ્ધું ઉપરવાળાની મરજી પ્રમાણે જ થાય છે. આપડા હાથની વાત જ ક્યાં છે?

**લિડિયાઃ** ને ઇશ્વર તો જે કાંઇ કરે છે એ બધું સમજી વિચારીને જ કરે છે ને? અમને એમ કે અમે તમને થોડી ધરપત આપી રાકીશું. આજ સુધી તમારા પર જે વીતી છે એવી તો કોઇને ના વીતે. બાઇ! લો, આ થોડું ખાવાનું છે. બે કોળિયાં ખાશો તો થોડી કળ વળશે. (ખાવાનાની ટોપલી આપે)

**માઃ** (ટોપલી લેતાં) મદદ કરવા બદલ આભાર, લિડીયા! ખરેખર તમે અહીં આવ્યાં તેથી મને ઘણી હૂંફ મળી છે.

**વેરાઃ** વ્લાસોવા! હું તમારા માટે બાઇબલ પણ લેતી આવી છું. કદાચ વાંચવાથી તમને થોડી શાતા મળે. તમતમારે જ્યાં સુધી રાખવું હોય ત્યાં સુધી રાખજો. લો... (બાઇબલ ધરે).

**માઃ** વેરા! તમારા ભલા ઈરાદા બદલ તમારો આભાર માનું છું. પણ આ બાઈબલ તમને પાછું આપું તો તમને માઠું તો નહીં લાગેને? વેસોવચિકોવ માસ્તર રજાઓમાં બહારગામ ગયા છે. એ એમની ચોપડીઓ મારા માટે રાખતા ગયા છે. (બાઇબલ પાછું આપે).

**વેરાઃ** માડી રે! તે તમે આવા રાજકારણિયા થોથાં ને પેલાં ડાચાકૂટિયા ચોપાનીયાં વાંચશો?!

**ગામડીયણઃ** તમે આ બધું રોજજે વાંચો છો?

**માઃ** (સ્મિત સાથે) હા.

**વેરાઃ** મારા બાઇબલે મને ઘણીવાર ભારે હૈયાધારણ આપી છે -હોં, વ્લાસોવા!

**લિડીયાઃ** તમારી પાસે દીકરાનો ફોટોબોટો નથી કે શું?

**માઃ** હતોને... પણ પોલીસના હાથે ના ચડી જાય એટલે ફાડી નાંખ્યો.

**લિડીયાઃ** યાદગીરી માટે કૈંક તો હોવું જોઇએને, બાઇ.

**ગામડિયણઃ** લોકો કહે છે પાવેલ તો બહુ સારો છોકરો હતો.

**માઃ** (એકદમ) હં... યાદ આવ્યું. મારી પાસે એનો ફોટો છે. (રસોડામાં જઇ એની પેટીમાંથી છાપાનો એક ટુકડો લઇ આવે) આ રહ્યું એની ધરપકડનું વોરંટ -જે છાપાંમાંથી કાપીને ખાસ મારા માટે સાચવી રાખેલું. (આપે)

[ ત્રણે જણ વોરંટ સામે સૂચક નજરે જુએ]

**વેરાઃ** વ્લાસોવા, આના પરથી તો સાવ ચોખ્ખું દેખાય છે કે, તમારો દીકરો ગુનેગાર હતો. એ નાસ્તિક પણ હતો. તમે પણ એ જ રસ્તે જઇ રહ્યાં છો. મને લાગે છે કે તમને પણ તમારી નાસ્તિકતા જાહેર કરવાનો જબરો શોખ છે!

**માઃ** ના... ના સ્હેજ પણ નહીં, વેરા.

**વેરાઃ** તમે હજુ પણ તમારા વિચારો બદલ્યા નથી, ખરુંને?

**માઃ** ના વેરા, કદી નહીં.

**લિડીયાઃ** મેં તને ન્હોતું કહ્યું વેરા! આ બાઇ મગનું નામ મરી પાડે એવી નથી.

**વેરાઃ** જો કે થોડા વખત પહેલાં, એક રાતે મને તમારો રડવાનો અવાજ સંભળાયો હતો.

**માઃ** મને માફ કરો, વેરા.

**વેરાઃ** એમાં માફી માગવાની કશી જ જરૂર નથી,  વ્લાસોવા. હું તો તમને એમ પૂછું છું કે - માત્ર બુધ્ધિના જોરે બધુંય પામી શકાય ખરું? એ રાતે તમે તમારી બુધ્ધિના કારણે રડતા હતા?

**માઃ** ના.

**વેરોઃ** જોયું? ખાલી બુધ્ધિ ને તર્કના જોરે કેટલું ટકાય?

**માઃ** હું તર્કના કારણે નહોતી રડતી એ ખરું, પણ રડતી બંધ થઇ ત્યારે એનું કારણ તર્ક જ હતો, એટલું તો ચોક્કસ. પાવેલે જે કાંઇ કર્યું છે એ સારું જ કર્યું છે.

**વેરાઃ** તો પછી એને ઠાર કેમ કર્યો?

**લિડીયાઃ** કારણ કે... બધાં એની વિરૂધ્ધમાં હતા.

**માઃ** હા, પણ બધાં જ્યારે એની વિરૂધ્ધમાં હતા ત્યારે એ બધાં વિરોધીઓ પોતાની જાતની યે વિરૂધ્ધમાં જ હતાં.

**વેરાઃ** માણસજાતને ઇશ્વરની જરૂર છે, પેલાગેયા! પ્રારબ્ધ આગળ આપણે બધાં લાચાર છીએ!

**માઃ** અમે શું કહીએ છીએ, જાણો છો? માણસ જ માણસનું પ્રારબ્ધ ઘડે છે.

**ગામડીયણઃ** વ્લાસોવા! અમે તો રહ્યા ખેડૂત.

**વેરાઃ** આ મારી મહેમાન છે, મળવા આવી છે.

**ગામડીયણઃ** અમે ખેડૂતો જુદી રીતે વિચારીએ છીએ. ખેતરમાં આમ જુઓ તો બી કદી નરી આંખે નથી દેખાતાં. છતાંયે રોટલાના ડબામાં રોટલો આવી જ જાય છે ને? દૂધ દેખાય, પણ ગાય નથી દેખાતી. આ આકાશમાં થતા ગડગડાટ ને વાવાઝોડાં ટાણે તમે તો ઉજાગરાં નથી વેઠ્યાંને? એટલે તમને ક્યાંથી સમજાય કે આ કરાં પડે છે એ પ્રભુનો કોપ જ છે કે બીજું કંઇ?

**માઃ** હં... હવે સમજી. એવે વખતે તમે પ્રભુને પ્રાર્થના કરો છો, કેમ?

**મામડિયણઃ** (ગર્વથી) હાસ્તો!

**માઃ** ને વસંત ઋતુમાં તમે ધાર્મિક વરઘોડા કાઢો છો ને જાત્રાએ જાઓ છો, કેમ?

**ગામડિયણઃ** (ગર્વથી) ખરી વાત.

**માઃ** અને તોયે વાવાઝોડાં આવે છે... વરસાદ ત્રાટકે છે ને કરાંયે પડે છે. આટલી બધી પ્રાર્થનાઓ અને જાત્રાઓ પછીયે ગાયો માંદી પડે છે. તમારે ત્યાં ખેડૂતો પાકનો ને ઢોરોનો વીમો ઉતરાવે છે કે નહીં?

**ગામડિયણઃ** હા, વીમા જેવું કશુંક સાંભળ્યું છે, ખરું.

**માઃ** તો પછી? પ્રાર્થનાઓથી કંઇ વળવાનું નથી... વીમો ઉતરાવશો તો ભલું થશે. માથા ઉપર વીજળી ત્રાટકે ત્યારે પ્રાર્થનાની જરૂર નથી, વીમાની જરૂર છે. હા, જો કે આ રીતે પોતાનો

મહિમા ઘટતો જાય એ ઈશ્વરને પોસાય એવી વાત તો નથી જ. પણ એટલું તો ચોક્કસ છે કે - જો એકવાર તમારાં ખેતરોમાંથી ભગવાન અલોપ થવા માંડશે તો તમારાં ભેજામાંથીએ એ ચોક્કસ અલોપ થશે જ! (અટકીને) હું જ્યારે નાની હતી ત્યારે હુંયે માનતી'તી કે પ્રભુ આકાશમાં દરબાર ભરીને બેસે છે, ને ઘરડા દાદાજી જેવા દેખાય છે. પણ પછી તો ઍરોપ્લેન આવ્યાં ને છાપાંયે આવ્યાં. વાંચવા મળ્યું કે ઉપર આકાશમાં જે કાંઇ છે તેને તમે માપી શકો છો. ને લોકોએ સ્વર્ગમાં બિરાજતાં ઈશ્વરની વાતો બંધ કરી. પણ પછી નવી વાતો શરૂ કરી - ઈશ્વર તો એક અદૃષ્ય ખ્યાલ છે... હવા જેવો... જે ક્યાંયે દેખાતો નથી, છતાં છે તો ખરો જ! પણ પછી તો એય જાણવા મળ્યું કે, હવા તો દરેક જગ્યાએ અને દરેક વસ્તુમાં હોય છે. એટલે? હવે ભગવાન હવા જેવો તો હોઇ ના શકે! આમને આમ એ અલોપ થવા માંડ્યો. જો કે, આજકાલ તો હવે એવુંયે સાંભળવા મળે છે કે - ઈશ્વર તો છે, ફક્ત એક અધ્યાત્મિક પ્રતીક! પણ બેન લિડીયા! સાચું કહું? આ વાત પણ વહેમ પડતી જ છે, હોં કે!

**લિડીયાઃ** તમે એમ કહેવા માંગો છો કે, એને આપણે જોઇ શકતા નથી, એટલે એનો મહિમા કરવાની જરૂર નથી?

**વેરાઃ** વ્લાસોવા! ભૂલતાં નહીં કે, ભગવાને તમારા દીકરાને તમારી પાસેથી છીનવી લીધો છે!

**માઃ** ના. ઝારે મારા દીકરાને મારી પાસેથી છીનવ્યો છે, ને એ તો હું કદી ભૂલવાની નથી.

**વેરાઃ** ભગવાને છીનવ્યો, બાઇ! ઝારનું નામ શું કરવા દો છો?

**માઃ** લિડીયા! મેં સાંભળ્યું છે કે, જે ભગવાને મારા દીકરાને મારી પાસેથી છીનવ્યો એ જ ભગવાન હવે તમારી ખોલી પણ લઇ લેવાનો છે? તમારા ભગવાને તને ખોલી ખાલી કરવાની નોટિસ પણ મોકલી દીધી છે.

**વેરાઃ** એ નોટીસ તો મેં મોકલી છે. ત્રણ ત્રણ મહિનાથી આ બાઇએ ભાડું ચૂકવ્યું નથી.

**માઃ** વેરા! ભગવાનનો આદેશ છે કે, તારે એ ત્રણ મહિનાનું ભાડું જતું કરવું. બોલ, શો વિચાર છે? (વેરા ચૂપ થઇ જાય) વેરા! તમે જ લિડીયાને ઘરની બહાર નીકળવાની નોટિસ આપી છે - ભગવાને નહીં! ને લિડીયા, એ ભગવાન જ્યારે તમને ફૂટપાથ પર ધકેલશે ત્યારે શું કરશો? વેરા પાસે બાઇબલ માંગશો? ને ફૂટપાથ પર ઠંડીથી થરથરતાં તમારા બાળકો આગળ વાંચી સંભળાવશો કે, ઈશ્વરથી ડરીને ચાલવું જોઇએ?

**વેરાઃ** જો તમેય તમારા દીકરાને બાઇબલ વાંચી સંભળાવતા હોત, તો આજે એ જીવતો હોત!

**માઃ** જીવતો હોત... કદાચ. પણ બહુ ભૂંડા હાલે જીવતો હોત! તમને મૃત્યુનો ડર કેમ લાગે છે? મારા દીકરાને તો મૃત્યુનો ડર કદી નહોતો લાગ્યો. (પ્રેક્ષકોને) એ આપણાં શહેરોની દુર્ગતિથી ધ્રુજી ઊઠતો હતો. એ દુર્ગતિ તો આજેય આપણી નજર સામે જ છે. ભૂખથી આપણે તરફડીએ છીએ, પણ જે લોકો ભૂખમરો દૂર કરવાની વાતો કરે છે, એમનું આપણે અપમાન કરીએ છીએ! એવા અપમાનથી આપણે કેમ ધ્રુજી ઉઠતાં નથી? મોતનો ડર

રાખવાની કશી જ જરૂર નથી, એનાં કરતાં અપૂરતાં, અસંતુષ્ટ જીવનથી ડરવાની ચોક્કસ જરૂર છે. (ફરીને) લીડિયા! ઈશ્વરથી ડરીને ચાલવાથી તમારું શું ભલું થાય છે? એના બદલે તમારે વેરાથી ડરવાની જરૂર છે. મારો પાવેલ મારાથી વિખૂટો પડી ગયો, એ કાંઇ ઈશ્વરની અકળ ઈચ્છા નહોતી! ઝારની મુન્સફી હતી. જેમ વેરા તમને ફૂટપાથ પર ફંગોળી દે છે કે પછી પોતાના મહેલોમાં મહાલનાર નઠારાં લોકો તમારી નોકરી ઝૂંટવી લે છે, એમ જ! ભગવાનનું નામ શું કરવા લે છે, બેન? એ લોકો ભલેને કહેતાં કે પ્રભુના ધામમાં અમ ગરીબો માટે ખાસ્સી બધી જગ્યા છે!... પણ આ રશિયામાં નથી. જો કે, આ વાત એ લોકો ક્યારેય તને નહીં કહે!

**લિડીયાઃ** વેરા! લાવો તો... પેલું બાઇબલ જરા આપો તો... એમાં તો ચોખ્ખું લખ્યું છે કે- તારા પડોશીને પ્રેમ કર! તો પછી? તમે મને કેમ કાઢી મૂકવાનાં છો? લાવો... લાવો... હું જ તમને બતાડું. હવે તો મને સાફ સાફ સમજાઇ ગયું છે કે - પાવેલને એ લોકોએ એટલા માટે ગોળીએ દીધો છે કે, એ એક મજદૂર હતો ને મજદૂરો માટે લડતો'તો! લાવો... લાવો... બાઇબલ...

**વેરાઃ** તારે આ જ કહેવાનું હોય તો હું બાઇબલ આપવાની નથી.

**લિડીયાઃ** જો, તારો ભગવાન મને દેખાતો જ ના હોય તો એ મારું કશું જ ભલું કરી શકવાનો નથી. લાવ... બાઇબલ...

[ લિડીયા અને વેરા વચ્ચે બાઇબલની ખેંચતાણ]

**વેરાઃ** મારું છે...

**લિડીયાઃ** હા... જે રીતે આ આખું મકાન તારું છે, નહીં?

**વેરાઃ** જો હવે તારી શી વલે કરું છું... બીજાની મિલ્કત ઉપર કબ્જો જમાવવા બદલ ને હિંસક હુમલો કરવા બદલ હું તારા પર દાવો ઠોકીને તને એવી તો હેરાન કરીશ... એવી તો... કે...

[ ખેંચાખેંચમાં બાઇબલ ફાટી જાય]

**ગામડિયણઃ** લે... આનાં તો પાનેપાનાં છૂટાં થઇ ગયાં...

**માઃ** (ખાવાનાની ટોપલી બચાવતાં) એને ફાટવું હોય તો ભલે ફાટે... મારે તો આ ટોપલી બચી જાય એટલે બસ!

**લિડીયાઃ** (સ્થિર થઈને) હું આજે જ પેલાગેયા વ્લાસોવાની પાર્ટીમાં જોડાઇ જઇશ! સ્વર્ગમાં બેઠાં બેઠાં સારાનરસાંનો હિસાબ કરવાવાળા ભગવાનમાં હવે મને સ્હેજેય શ્રધ્ધા રહી નથી. (ઉશ્કેરાટમાં ચાલી જાય)

**વેરાઃ** જુઓ આ લિડીયાની તમે કેવી દશા કરી? તમારો દીકરો તમારા જેવી જ વાતો કરતો'તો એટલે જ ગોળીએ દેવાયો. તમારા તો એનાથીયે ભૂંડા હાલ થશે... જો... જો... (પોતાની સાથીદાર સાથે નીકળી જાય)

**માઃ** અરે... દુખિયારાંઓ! તમારે જે કરવું હોય એ કરજો... પણ તમારા પાકનો ને ઢોરોનો વીમો ઉતરાવવાનો ના ભૂલતાં.

[અંધકાર. સ્ક્રીન પર કૉલાજ રજૂ થાય. દેવળો, મસ્જિદો, મંદિરોમાં થતી ધાર્મિક વિધિઓ, પ્રાર્થનાઓ, રસ્તાઓ ઉપર નીકળતી જાત્રાઓ વગેરે. અંતમાં, એક સૂત્ર પ્રોજેક્ટ થાય]

**'' ધર્મ માણસજાત માટે અફીણ સમાન છે''**

**- કાર્લ માર્ક્સ.**

## દૃષ્ય : 12

**સ્થળઃ** શેરીનો એક ખૂણો.

**સમયઃ** બપોર.

[ દૃષ્ય શરૂ થતાં જ સ્ક્રીન ઉપર પ્રથમ વિશ્વયુધ્ધનાં દૃષ્યો દેખાય. વિશ્વયુધ્ધનો કૉલાજ પૂરો થતાં તખ્તા પર પ્રકાશ. ઘાયલ - બેભાન માને ઊંચકીને ત્રણ મજૂરો પ્રવેશે. રસ્તા પરની શેરીના નાકે એને સૂવાડે]

**૧:** શું થયું'તું આમને?

**૨:** યુધ્ધમાં જઇ રહેલા સૈનિકોને વિદાય અપાતી'તી ત્યારે આ માજી ટોળાની વચ્ચે ચાલતાં ચાલતાં સૂત્રો પોકારતાં'તા

**૩:** 'જંગ મુર્દાબાદ! ક્રાંતિ ઝિંદાબાદ!

**૨:** ત્યાં જ પોલીસે આવીને એમના માથા પર ડંડો ફટકાર્યો. માજી બેભાન થઇ ગયાં… માંડ માંડ અમે એમને અહીં સુધી લઇ આવ્યા. લાવો, એમના મોં પર થોડું પાણી છાંટીએ.

[ એક જણ પાણી લાવે. બીજો માના મોં પર છાંટે.મા આંખો પટપટાવે.ખોલે]

**૩:** માજી… એ લોકો તમને પકડીને જેલમાં ખોસી ઘાલે એ પહેલાં ભાગી છૂટો.

**માઃ** (બેઠી થતાં) મારી થેલી ક્યાં ગઇ?

**૨:** આ રહી.

**માઃ** એમાં થોડી પત્રિકાઓ છે… વાંચશો તો તમને સમજાશે કે આ યુધ્ધમાં મજદૂરોની શી દશા થવાની છે… (પત્રિકાઓ કાઢતાં) આમાં તદ્દન સાચી વાતો લખી છે… વાંચો…

**૧:** માજી… ઘેર જાઓ… તમારી સાચી વાતો તમારી થેલીમાં જ મૂકી રાખો… અહીં ભારે જોખમ છે. એ લોકો તમને મારશે ને જેલમાં ગોંધી દેશે.

**૨:** તમારી સાથે અમને જોશે તો અમારુંયે આવી બનશે!

**માઃ** ના… ના… તમારે આ પત્રિકાઓ તો વાંચવી જ પડશે. એ લોકો આપણને અંધારાંમાં રાખતા હોય છે. ને આપણા અજ્ઞાનને લીધે જ આપણી આવી દશા થાય છે… લો… વાંચો…

**૨:** પોલીસ આટલામાં જ ફરે છે, એ ના ભૂલતા.

**૩:** પણ નેતાઓ તો આપણને કહે છે કે, જર્મનો સામે લડીને આપણા દેશને બચાવવાની આપણી પહેલી ફરજ છે.

**માઃ** હેં? સાચી વાત? એ વળી કેવા નેતાઓ જે તમને તમારા જ જેવા લોકો સાથે લડાવી મારે? મજદૂર સામે મજદૂર જ લડે… ને મરે! કાળી મજૂરી કરીને, પરસેવો સીંચીને, પાઇ પાઇ

કરીને ઊભાં કરેલાં આ કારખાનાં, સંસ્થાનો ને ઈમારતોનો કચ્ચરઘાણ કઢાવે?! (ઊભી થતાં) તમારો આખોય ભૂતકાળ ભૂંસી નાંખવામાં આવશે. તમને તમારા જ ભાઈઓ સામે લડાવીને એ વર્ગશત્રુઓ મજદૂરોની એકતા પણ ભૂંસી નાંખશે, ભૂલાવી દેશે.

**૧:** માજી, આ બધું અત્યારે નકામું છે. અમેય કેટલીક ફેક્ટરીઓમાં યુધ્ધના વિરોધમાં હડતાળ પાડી હતી. પણ એ તોડી પાડવામાં આવી. હવે કોઈ ક્રાંતિ - ફ્રાંતિ થવાની નથી. ઘેર જાવ માજી... દુનિયામાં જેમ ચાલે છે એમ ચાલવા દો... તમે જેના માટે મરી ફીટો છો... એ તમને કદી મળવાનું નથી.

**માઃ** (પત્રિકા ધરતાં) અરે, આ વાંચ એટલે સમજાશે કે એમાં તારા જેવાઓ માટે શો સંદેશો છે.

**૨:** તમારી વાતો તો બહુ સારી લાગે છે, માજી! પણ અમારે તમારાં આ ફરફરિયાં નથી જોઈતાં. અમારે હાથમાં દીવો લઈને કૂવામાં નથી પડવું.

**માઃ** (મોટેથી બોલે) અરે, જરાક તો વિચારો... (કામદારો ગભરાઈને માનું મોં દબાવી દે. માનો અભિનય ચાલુ રહે, અવાજ દબાઈ જાય)

**કોરસઃ** (બીજા ખૂણે પ્રવેશે)

આખું વિશ્વ ગાઢ અંધકારમાં ડૂબી ગયું છે!

તમારી જ રાહ જોવાય છે!

તમે જ કુશળતાપૂર્વક આનો સામનો કરવા સમર્થ છો!

પણ, આ શું?

તમે જ એનો ઈન્કાર કરો છો?!

[અંધકાર. સ્ક્રીન પર પ્રોજેક્શન]

**" સામા પ્રવાહે"**

**૧૯૧૪ - ૧૯૧૭**

**પ્રથમ વિશ્વયુદ્ધ**

## દૃષ્ય : 13

**સ્થળઃ** નિકોલાઇ વેસોવચિકોવના ઘરનો ઓરડો.

**સમયઃ** મોડી સાંજ.

[ મા ખાટલામાં સૂતી છે. નિકોલાઇ ડોક્ટરને લઇને પ્રવેશે - ડોક્ટરને જરા અટકાવી]

**નિકોલાઈઃ** એ ટોળામાં જ હતા... ને લોકોએ એમને ધક્કે ચડાવ્યા... મહેરબાની કરીને એમની સાથે ફી વિશે કશી જ વાત કરતા નહીં... એ બધું હું સંભાળી લઇશ. (પછી મા પાસે જઇને કહે) વ્લાસોવા... ગભરાશો નહીં. મેં જ ડોક્ટરને બોલાવ્યા છે. તમારા શ્વાસ એટલા જોરથી ચાલતા'તા કે હું ગભરાઇ ગયેલો.

[ ડોક્ટર માને તપાસે છે]

**માઃ** તમને કોઇએ કહ્યું છે ખરું કે મારી પાસે પૈસા નથી...

[ ડોક્ટર માથું હલાવી હા પાડે. તપાસી લે પછી નિકોલાઇને દૂર લઇ જઇને કહે]

**ડોક્ટરઃ** એમને પુષ્કળ માર પડ્યો લાગે છે. વળી ઉંમરેય ઘણી છે... એટલે... (ડોકું હલાવતો નિરાશ વદને નીકળી જાય. નિકોલાઇ ખિન્નતા સાથે માના ખાટલા પાસે આવીને બેસે)

**માઃ** નિકોલાઇ! છાપામાં શું આવ્યું છે?

**નિકોલાઈઃ** એ લોકોએ માર્શલ લૉ જાહેર કર્યો છે. સંસદમાંના તમારી પાર્ટીના પાંચ પ્રતિનિધિઓની ધરપકડ થઇ છે. ને રાજદ્રોહના આરોપસર એમને સાઇબિરીયા મોકલી દેવાયા છે. (ઊભા થતાં) હું હમણાં જ નીચે જઇને વધારો લઇ આવું છું. એ લોકો હવે તમારી પાર્ટીને ખેદાનમેદાન કરી દેવાના. (જાય).

[ મા ખાટલા પર બેસી રહે. કોરસ પ્રવેશી ગીત શરૂ કરે. ગીત દરમિયાન મા માંડ માંડ ઉઠે. તૈયાર થાય. થેલી લે અને હિંમત એકઠી કરીને ડગમગતા પગે બહાર નીકળી જાય].

**કોરસઃ** (ગીત રજૂ કરે) વ્લાસોવા! વ્લાસોવા!

જાગ! ઊઠ ને ઊભી થા! ઊભી થા!

વ્લાસોવા! વ્લાસોવા!

પાર્ટી છે બહુ જોખમમાં! જોખમમાં!

તું તો છે બસ, પથારીવશ, પણ

પાર્ટી તો છે મરણતોલ! મરણતોલ!

ભલે હોય તું નિર્બળ, નાજુક!

પાર્ટીનો છે અંતિમકોલ! અંતિમકોલ!

તારે કદી કે’વું’તું કાંઇ

આંખ કરીને રાતીચોળ! રાતીચોળ!

પણ આજે જો હાલત કેવી?

પાર્ટી તો છે ડામાડોળ! ડામાડોળ!

‘છેલ્લા શ્વાસ છે - તું ના કહેતી;

તારો ટેકો છે અણમોલ! અણમોલ!

વ્લાસોવા! વ્લાસોવા!

જાગ! ઊઠ ને ઊભી થા!

[અંધકાર. સ્ક્રીન પર રશિયન સંસદ **‘ડૂમા’**ની તસ્વીર]

# દૃશ્ય : 14

**સ્થળઃ** તાંબુ એકઠું કરવા માટેનું બૂથ.

**સમયઃ** સવાર.

[ બૂથની સામે તાંબાના વાસણો -ચીજો લઇ પાંચ સ્ત્રીઓ લાઇનમાં ઊભી છે. એમાં એક તરૂણી છે અને બીજી મા છે. માના હાથમાં તાંબાનો પ્યાલો છે. બૂથ ઉપર પાટિયા પર મોટા અક્ષરે લખેલું છે - ''તાંબુ આપો- દેશ બચાવો''. એક ઓફિસર બૂથના બંધ બારણા પાસે આવી જાહેરાત કરે].

**ઓફિસરઃ** આપણા બહાદૂર જવાનોએ દુશ્મનોનો કિલ્લો સર કર્યો છે. એક લાખ મૃત્યુ પામ્યા છે, બે હજારની ધરપકડ થઇ છે. લશ્કરના હાઇકમાન્ડનો હુકમ છે કે - બધી નિશાળો બંધ કરાવી દો. બધા ઘંટ વગડાવો. ઘેર ઘેરથી તાંબુ એકઠું કરી શસ્ત્રો ઘડવા માંડો. આપણું પવિત્ર રશિયા ઘણું જીવો. હવે પાંચ જ મિનીટમાં તમારું તાંબુ લેવા માટે કાઉન્ટર ખોલવામાં આવશે. (જતો રહે).

**સ્ત્રી-૧:** વાહ, શી અદ્‌ભૂત લડાઇ!

**માઃ** (હાથમાંનો પ્યાલો જોતાં) મારી પાસે તો આ નાનકડો પ્યાલો જ છે. આમાંથી... પાંચ... બહુ બહુ તો છ કારતૂસ બની શકે!... અને એનાથી કેટલા? કેટલા નિશાન પાડી શકાય? ... કદાચ... બે... ને...બેમાંથી એકનો ઘા કદાચ જીવલેણ નીવડે! (હાથમાં કીટલી લઇને બાજુમાં ઊભેલી સ્ત્રીની કીટલી ઊંચી કરી જોતાં)... તારી આ કીટલીમાંથી વીસેક કારતૂસ બની જાય... પણ પેલી બાઇના હાથમાં જે મગ છે એનો તો એવો મજાનો હાથબોંબ બનાવાય કે- ફેંકતાંની સાથે જ પાંચ- છનાં ફૂર્ચેફૂર્ચા... (પછી લાઇનમાં ઊભેલા તમામના હાથમાંના વાસણો ગણે) એક, બે, ત્રણ, ચાર, પાંચ , છ, સાત... ના પેલી બાઇ તો બે કપ લાવી છે, નહીં?...તો આઠ થયા... આઠ! એક નાનકડા હુમલા માટે પણ આ કંઇ ખાસ તૈયારી ના કહેવાય. ને... ને મને તો જુઓ... સાવ નાનકડો પ્યાલો લઇને ઊભી છું. અહીં આવતી'તી ત્યારે રસ્તામાં બે સૈનિકો મળ્યા, મને કહે કે- ''જા... બુઢ્ઢી બકરી! ઓરી આવ તારું તાંબુ કે જેથી આ લડાઇ કદી ના અટકે''.

**સ્ત્રી-૨:** માજી, આ તમે શું બોલો છો? તાંબુ આપીએ તો લડાઇ ચાલુ રહે કે અટકે?

**માઃ** પહેલાં તો મેંય એમને ખખડાવ્યા... પણ પછી મનમાં થયું કે, વાત તો સાચી. જો તાંબુ મળે તો વધારે ને વધારે શસ્ત્રો બને, અને જો શસ્ત્રો મળે તો લડાઇ તો ચાલુ રહેને? જ્યાં સુધી તમને હથિયાર મળતાં રહે ત્યાં સુધી લડાઇ અટકાવવાની જરૂર શી? હવે સમજી?.. તાંબુ આપશો તો તો લડાઇ તો ટકવાની જ.

**સ્ત્રી-૧:** અરેરે... બાઇ, આ તો જબરું! કોઇ કંઇ કહે ને કોઇ કંઇ... મોંએ મોંએ જુદી વાત! મેં તો મારા ધણીને લડાઇમાં ક્યારનો ગુમાવ્યો છે... ને દીકરોય રણમેદાનમાં રોળાય છે... હવે આ ઠોબરાં આલીને મૂઇ આ લડાઇ લંબાવવાની મારે શી પડી છે? હું તો આ ચાલી... (વાસણ સાથે જતી રહે).

**મા:** (મોટેથી) લડાઇ લંબાવવાની કોને પડી છે એમ પૂછે છે? આ પેલા ઝારને ને એના સેનાપતિઓને. એમને તો ઘી-કેળાં છે. પેલી બાજુ છોને બધાં મરતાં... આપણને પ્રમોશન મળે અને ખુરશી ટકી રહે એટલે ભયો... ભયો...! ચાલવા દો લડાઇ! (ત્યાં જ ઘંટ વાગે) લો, આ ઘંટ વાગ્યા! કાં વિજયના કાં પછી મૃત્યુના! આપણે ત્યાં બે જ કારણથી ઘંટ વાગતા હોય છે- કાં વિજય કાં પછી મૃત્યુ! આપણને યુધ્ધનો વિરોધ શા માટે હોય હેં?... આપણે તો... એયને મઝાનું ખાતાંપીતાં લોકો... (એક જે કપડાં ઉપરથી મજૂરણ જેવી લાગે છે. તેને પકડીને) અરે, તું કોણ છે, બાઇ? તું કાંઇ અમારામાંની નથી લાગતી તું તો મજૂરણ લાગે છે! તારે અહીં આવવાની શી જરૂર? તને તારી હેસિયતનું ભાન છે કે નહીં? અહીં ઘૂસવાની તારી હિંમત જ કેવી રીતે ચાલી?

**સ્ત્રી-૪:** (તરૂણી છે) માજી, એવું કેમ કહો છો? એ મજૂરણ છે તો શું થઇ ગયું? આ દેશ એનો નથી? આ લડાઇમાં એ કૈંક આપવા આવી છે, એમાં તમારું શું જાય છે?

**મા:** લે, મારું શું જવાનું હતું? પણ હું તો એમ કહેતી’તી કે આ લડાઇ તમારા જેવાઓ માટે નથી, બાઇ! નકરી દેખાદેખી કરીને શીદને દોડી આવી છે? અમને તમારા વિના ખાસ્સું ચાલશે. આ તો અમારી લડાઇ છે! ખાતાં-પીતાં લોકોની! તમે મજૂરિયાં તમારાં કારખાનાં સંભાળોને... પગાર વધે છે કે નહીં... એની ચિંતા રાખોને! અહીં, જ્યાં કશી લેવાદેવા નથી, ત્યાં શાના કૂદી પડો છો. ભાગો... (તરૂણીને) એનું ઠોબરું લઇ લે... આપવાનો બઉ ધખારો લાગે છે... [એવી રીતે કહે કે, પેલી મજૂરણ વાસણ લઇને ભાગી જાય. સ્ત્રી-૧ આ બધું ઊભી ઊભી જોયાં કરે છે. એ તરૂણી (કામવાળી) ને કહે]

**સ્ત્રી-૧:** આ ડોશલી બૉલ્શેવિક લાગે છે! ક્યારની જોઉં છું કે, એ બધાંને ભગાડી રહી છે.

**તરૂણી:** બૉલ્શેવિક? તમને એવું લાગે છે?

**સ્ત્રી-૧:** એમાં લાગવાનું શું? છે જ. જોજેને, હમણાં પોલીસ આવીને એને પકડી જાય છે કે નહીં?

**મા:** (વિફરીને) હા, હું બૉલ્શેવિક છું... પણ તમે બધાં તો ખૂનીઓ છો! અહીં, તમે જેટલા હાજર છો, એ બધાંયે! અરે, તમે તમારાં છોકરાંને આ લડાઇમાં જે રીતે હોમી દીધાં છે ને? એવું તો જાનવરોય ના કરે. લડાઇ- સાવ અકારણ, તદ્દન સડેલાં- સ્વાર્થી મતલબ માટેની લડાઇ! અરે, આવું કરતાં પહેલાં તમારી કૂખ ફાટી કેમ ના પડી?!

**સ્ત્રી-૧:** (મા તરફ ધસતાં) હમણાં તને ખબર પડી જશે, બૉલ્શેવિકની બચ્ચી... (હાથમાંનો મગ માને મારે. થૂંકે. મા સાથે એ બથ્થાંબથ્થા આવી જાય. તરૂણી વચ્ચે પડે. ત્યાં જ ઓફિસર આવીને બૂથનું બારણું ખોલે. ‘તાંબુ આપો, દેશ બચાવો’નું પાટીયું આગળ ધરે. મારપીટ કરતી સ્ત્રી-૧ અંદર દોડી જાય. કામવાળી તરૂણી માને બેઠી કરે)

**તરૂણી:** માજી, મન ઉપર ના લેતા. એ લોકો તો છે જ એવા. પણ હવે મને કહો, મારે શું કરવું જોઇએ? મારી શેઠાણીએ આ કીટલી આપવા મોકલેલી. તમારી વાતોં મેં સાંભળી. મારે

કીટલી નથી આપવી. પણ ના આપું તો શેઠાણીને શો જવાબ આપું? અને પછી એ મને કામવાળી તરીકે કાઢી મૂકે તો? મને કહો, મારે શું કરવું? કંઇ સમજાતું નથી!

**માઃ** (ધીમે ધીમે બેઠી થતાં) તું એકલી શું કરી શકવાની? એમ કર, પહેલાં કીટલી આપી આવ... શેઠાણીએ કહ્યું છે એટલે! (તિરસ્કારથી) કાલ ઉઠીને તમારા શેઠીયા તમને એમાંથી હથિયાર બનાવવાનું કહેશે... તમે એમના કહેવાથી બનાવવા માંડશો... ને પછી વાપરવાય માંડશો! પણ તમારે લોકોએ સમજી લેવાની જરૂર છે કે, હથિયાર ખરેખર કોની સામે ઉગામવાનાં હોય! (અટકીને - ધીમેથી) જો સાંભળ, આજે રાતે અમારી એક સભા છે. આવી પહોંચજે. (કાનમાં કહે) આ જગ્યા તો જડી જશેને? પુતિલોવના મજદૂર નેતા આવવાના છે ને ભાષણ કરવાના છે. અમે અમારી યોજનાઓ ઘડવાના છીએ. તું પણ જોડાઇ જજે. પણ જોજે... પેલું સરનામું કોઇને કહેતી નહીં... ખાનગી છે!

[ અંધકાર. સ્ક્રીન ઉપર ઓક્ટોબર ક્રાંતિના દૃષ્યોનો કૉલાજ. અંતમાં સૂત્ર પ્રોજેક્ટ થાય]

**''સામ્રાજ્યવાદી યુધ્ધને આંતરવિગ્રહમાં બદલી નાંખો''**

**- લેનિન.**

## દૃષ્ય : 15

**સ્થળઃ** શહેરની સડક

**સમયઃ** બપોર.

[ સ્ક્રીન પર પ્રોજેક્ટ થાય - '૧૯૧૭']

[ક્રમશઃ તખ્તા પર પ્રકાશ. સરઘસ નીકળેલું છે. સૌથી આગળ મા લાલ ઝંડો લઈને ચાલી રહી છે. બાજુમાં કામવાળી તરૂણી છે] [કોઈક કોઈક મજદૂરોના હાથમાં પોસ્ટરો છે 'જંગ મુર્દાબાદ - ક્રાંતિ ઝિંદાબાદ']

**મજદૂર-૧ઃ** અમે લિબિયન ચોક ઓળંગતા હતા, ત્યાં સુધીમાં હજારો લોકો અમારી સાથે જોડાઇ ગયા. પચાસ જેટલાં કારખાનાંમાં હડતાલ હતી. એ બધાં જ મજદૂરો અમારી સાથે હતા. ઝાર અને ઝારના યુધ્ધ વિષયક વિચારો અને વલણોની સામે અમે દેખાવો કર્યા હતા.

**૨ઃ** ઓગણીસો સોળ, સત્તરના શિયાળાની શરૂઆતમાં લગભગ અઢી લાખ જેટલા કામદારો હડતાલ પર ઉતરી ગયા હતા. ઓછો પગાર, વધતી જતી મોંઘવારી, પ્રાથમિક જરૂરિયાતોનો અભાવ અને યુધ્ધની હતાશાને કારણે એ કામદારો અમારી પાસે ખેંચાઇ આવ્યા હતા.

**૩ઃ** એ લોકોએ મજૂદર કિસાનોને ભૂખે ટળવળતા કરી દીધા હતા. એમને ગરીબીથી રહેંસી નાંખ્યા હતા. એ બધા સર્વહારાઓ અમારી સાથે - બોલ્શેવિકો સાથે જોડાઇ ગયા હતા.

**૪ઃ** અમારા હાથમાં પોસ્ટરો હતા- 'જંગ મુર્દાબાદ- ક્રાંતિ ઝિંદાબાદ'... ને અમારા હાથમાં હતો- અમારો લાલ ઝંડો.

**માઃ** જુઓને, હજી તો મારે કેટકેટલું કરવાનું બાકી છે? હું- પેલાગેયા વ્લાસોવા- મજદૂરની વિધવા ને મજદૂર ની મા. વર્ષો પહેલાં હું મારા દીકરાના અજંપાથી આકુળ-વ્યાકુળ થઇ ગઇ હતી. પહેલાં તો હું સાવ હિંમત હારી ગઇ હતી. પણ એનાથી શું વળે? પછી હું કોપેકની લડતમાં એને મદદ કરવા માંડી. પછી અમે પગારવધારા માટે નાની નાની હડતાલ પડાવી. અને આજે? અમે શસ્ત્રોના કારખાનામાં હડતાલ પડાવવા જઇ રહ્યા છીએ... ને દેશની સત્તા હાથ ધરવા લડત આપી રહ્યાં છીએ.

**તરૂણીઃ** ઘણાં બધા કહે છે- અમે જે માંગીએ છીએ, એ કદી મળવાનું નથી. અમને જે કાંઇ મળ્યું છે- એનો સંતોષ માનીને બેસી રહેવું જોઇએ. જે હોય તે, સત્તાવાળાઓ ખરેખર ખૂંખાર છે. અમે ઘણીવાર ભાંગી પડીએ છીએ! અરે, હવે તો ઘણા મજદૂરો પણ કહેવા માંડ્યા છે કે- એ કદી નહીં બને, કદી નહીં.

**માઃ** અરે જોજે... એવું રખે કહેતી કે- એવું કદી નહીં બને! અરે જ્યાં સુધી તમારા શ્વાસ ચાલે છે, ત્યાં સુધી- એ વાત તો કહેતા જ નહીં કે-

'એ કદી નહીં બને!'

અરે... એ તો થઇને રહેવાનું!

જોજોને- આ જે દેખાય છે એ ક્યારેય ટકવાનું નથી!

હતું ન હતું થઇ જશે - આ બધુંયે તે!

સત્તાધારીઓ બોલી ચૂક્યા,

હવે શોષિતોનો અવાજ - બુલંદ થવાનો છે.

કોની મગદૂર છે કે - કહે 'એ નહીં બને'!?

શોષણ અને દમનનું રાજ ચાલે છે- એમાં વાંક કોનો?

આપણો!

દમનની આ સત્તા ખતમ કરવાની જવાબદારી કોની?

આપણી!

જે હાર્યા છે- તે ફરીથી લડવાના છે!

જે ભોંયભેગા થયા છે - તે ફરીથી માથું ઊંચકવાના છે!

જેને પોતાની હાલતની જાણ થઇ ચૂકી છે-

એને કોણ અટકાવી શકશે?!

જેની આંખો ખૂલી ચૂકી છે-

એને કોણ અટકાવી શકશે?!

આજે જેઓએ સહન કર્યું છે, તેઓ-

આવતીકાલે વિજેતા બનવાના છે!

આજે જે અશક્ય છે તે શક્ય બનવાનું છે!

જે કદી નથી બન્યું તે આજે બનવાનું છે!

**તરૂણીઃ** સાઠ વર્ષની એ મહિલાના હાથમાં અમારો લાલ ઝંડો હતો. અમે એમને કહ્યું-
"ઝંડાનો ભાર નથી લાગતો? લાવો, અમને આપી દો- ઝંડો." પણ એમણે કહ્યું-

**માઃ** ના, હું જ્યારે થાકીશ ત્યારે તમને સોંપી દઇશ!

પછી તો તમારે જ ફરકતો રાખવાનો છે-

આ લાલ ઝંડો!

**મજદૂરોઃ** અને એમ એ અમારી સાથે ચાલતા રહ્યા-

થાક્યા વિના, અટક્યા વિના,

સવારથી તે છેકે બપોર લગી!

[માત્ર ઝંડા પર પ્રકાશ. સ્ક્રીન પર પ્રોજેક્શન -

'નવેમ્બર ૧૯૧૭માં રશિયાના સર્વહારા વર્ગે સત્તા હાથમાં લીધી''.

બેકગ્રાઉન્ડમાં સર્વહારા ક્રાંતિગીત ચાલે].